શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

કિંમત ૨૦/-


શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

પાના નં. ૧ • કુલ પેજ : ૪૦

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એકતા કટ્ટા • વર્ષ-૧૦ અંક - ૬ જૂન/જુલાઈ-૧૫

- ❖ શૈક્ષણિક સેમિનાર - ભુજ
- ❖ કારકિર્દી ઘડતર
- ❖ અમેરિકા : સામાજીક લાક્ષણિકતાઓ
- ❖ પ્રવાસ : નાનકડો દેશ ભૂતાન
- ❖ મનની શક્તિ





॥ શ્રીરામ ॥
મે. સોની પ્રભુદાસ ખેતશી
મે. મીના જ્વેલર્સ
સુવર્ણ અલંકારોનો અદ્યતન શોરૂમ
BIS Approved Jewellers
916
Hall Mark Jewellery
Govt. Approved Valuer
૨-૩ શ્રી સ્વામિનારાયણ વાણિજ્ય સંકુલ, બેંક ઑફ ઈન્ડીયાની બાજુમાં, હૉસ્પિટલ રોડ, ભુજ-કચ્છ
ફોન : (શો રૂમ) ૦૨૮૩૨ ૨૨૦૯૦૯, ૨૫૫૯૭૬ (ઘર) ૦૨૮૩૨ ૨૫૦૫૬૫, ૨૨૩૯૦૯
jkg@printography.co.in

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૦ ● અંક : ૬

જૂન-જુલાઈ'૧૫

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન**
સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

**વેબસાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુદ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(પાર્થ સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
વેબ સાઈટ : www.gnyatisetu.com
ઈ-મેલ : gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી

શિક્ષણ એ વ્યક્તિ અને સમાજનો આધાર છે અને શિક્ષણ પાસે તો અદ્ભૂત શક્તિ છે. ટેકનોલોજી અને વિજ્ઞાનની પ્રગતિ સાથે સાથે ઉદારીકરણ અને વૈશ્વિકરણના યુગમાં શિક્ષણની મહત્તા અનેકગણી વધી ગયેલ છે. આપના સમાજે પણ શિક્ષણની મહત્તાને પીછાણી સમાજના વિદ્યાર્થીઓની માર્ગદર્શન અને પ્રોત્સાહન આપી. નવી પેઢીના કારકિર્દી ઘડતર માટે પહેલ કરેલ છે. તાજેતરમાં ભુજ ખાતે કારકીર્દિ માર્ગદર્શન સેમિનારનું સફળ આયોજન સમાજની બદલાતી તસ્વીરનો અહેસાસ કરાવે છે. આ કાર્યક્રમમાં સૌથી વિશિષ્ટ બાબત એ જણાઈ કે વિદ્યાર્થીઓને માર્ગદર્શન-પ્રોત્સાહન-મોટીવેશન કરનારા તજજ્ઞો આપણી જ જ્ઞાતિના યુવાનો-યુવતીઓ હતા જેઓ પોતપોતાના ક્ષેત્રમાં ઉજ્જવલ કારકીર્દિ ધરાવે છે. મહામંડળની તેમની શક્તિઓને ઓળખ અને યોગ્ય ઉપયોગ કરેલ જે ભવિષ્ય માટે પ્રસંશનીય પહેલ છે. મહામંડળનું આ આયોજન અભિનંદનને પાત્ર છે.

જ્ઞાતિસેતુ છેલ્લા દશ વર્ષથી સમાજમાં આવી રહેલ પરિવર્તનનો લાભ સામાન્યજન સુધી પહોંચે તે માટે પ્રયત્નશીલ રહેલ છે. જ્ઞાતિસેતુને સમાજના દરેક તબક્કાઓમાંથી સાથ-સહકાર અને હૂંફ મળતા રહે છે. હાલમાં અંજારના વતનીશ્રી કાન્તીલાલ નારાણજી સોનીએ જ્ઞાતિસેતુની પ્રવૃત્તિ માટે વિશિષ્ટ લાગણી દર્શાવી દાન આપેલ છે. સમાજના દાતાઓ/શ્રેષ્ઠીઓ તરફથી મળતો સહયોગ પ્રોત્સાહક બની રહે છે. બીજું આપણા સમાજની સાંસ્કૃતિક પરંપરાઓ પારિવારિક ધરોહર બાબતે જ્ઞાતિસેતુ દ્વારા ગત વર્ષોમાં સંશોધનાત્મક કાર્ય થયેલ છે તે આગામી સમયમાં વિશિષ્ટ રૂપે પ્રકાશિત કરવાનું વિચાર આધીન છે. 'સેતુ'ના સુજ્ઞવાચકોના પ્રતિભાવો/સૂચનો આવકાર્ય છે.

– અતુલ સોની

**સુભાષિત ચિંતન**

# હારી જવાનો જેને ભય છે તે જીતી શકે નહીં

**સંકલિત**

ભય એ માણસનો સૌથી મોટો દુશ્મન છે. જીવનમાં ભય છે એટલે ભવિષ્યની ચિંતા છે. માણસને આજ કરતા કાલની વધુ ચિંતા છે. સમય કેવો જશે તેની કોઈને ખબર નથી. જે માણસ હિંમત ગુમાવે છે એ અડધી બાજી હારી જાય છે. ભય માણસને અશક્ત અને નાહિંમત બનાવી નાખે છે. માણસ અનેકવિધ ભયોથી ગ્રસ્ત છે. અસલામતી એ જીવનનો મોટો ભય છે. દરેક માણસને એમ થાય છે કે સુરક્ષાનું કવચ જેટલું વધુ હોય એટલું સારું. માણસ ધનમાં, પદમાં, પ્રતિષ્ઠામાં સુરક્ષા શોધે છે. પરિગ્રહનું મુખ્ય કારણ એ છે કે માણસને આજ અને આવતીકાલમાં ભરોસો નથી. એટલે માણસ વધુ ને વધુ ભેગું કરતો રહે છે. માણસ જો સત્યના માર્ગે ચાલે અને જે છે તેનો સ્વીકાર કરે તો ભય જેવું કશું નથી.

જે માણસ જીવનમાં ખોટું કરશે, જૂઠ અને અસત્ય આચરશે, બીજાને દગો દેશે, બીજાનું પડાવી લેવાની અને બીજાને દુઃખ દેવાની પેરવી કરશે તેને અજંપો અને ભય રહેશે જ. જે માણસ બીજાને ગુલામ બનાવવાનો પ્રયાસ કરે છે તેને ગુલામ બનવું પડે છે.

માણસને ખોટું કામ કરવાની શરમ નથી પરંતુ ખોટું કામ કરતા પકડાવાની શરમ છે. દરેક માણસ મુખવટો પહેરીને બેઠેલો છે તે જેવો છે એવો દેખાતો નથી. એક ચહેરા પર અનેક મહોરાઓ છે. આ મહોરાઓ ખુલ્લા પડી જવાનો માણસને ડર છે. જેટલા વધુ મહોરા એટલો વધુ ડરે માણસને જેવો છે તેવો દેખાવું નથી પરંતુ બીજા કરતા કાંઈક વિશેષ દેખાવું છે. અસલી ચહેરો ક્યાંય પ્રગટ ન થઈ જાય તેની તકેદારી રાખવી છે. આમ આખું જીવન દંભ અને દેખાવ બની જાય છે. જે મહોરાઓ લગાવ્યા છે તે એક ન એક દિન ઉતરી જવાના છે. સમય આવે છે ત્યારે અસલી ચહેરો પ્રગટ થયા વગર રહેતો નથી. માણસ ગમે તેટલા પ્રયાસો કરે પરંતુ પોતાના સ્વભાવને બદલી શકે નહીં.

માણસનો અસલી ચહેરો ઘરમાં પ્રગટ થાય છે. બહાર તમે દેખાવ કરી શકો પરંતુ ઘરની અંદર જેની સાથે કાયમના માટે રહેવાનું છે ત્યાં તમે દેખાવ કરી શકો નહીં આપણને ઘરના માણસો જેટલા સારી રીતે ઓળખે એટલું બીજું કોઈ ઓળખી શકે નહીં. માણસ ઘરમાં દેખાય છે તેવો બહાર દેખાતો નથી. જે માણસ ઘરની અંદર જ બધા સાથે સારી રીતે વર્તે, પ્રેમ અને સ્નેહની ભાવના રાખે, વિનય, વિવેક અને બીજાનું માન જાળવે તેને ખોટો દેખાવ કરવો પડતો નથી. તે બહાર બીજા સાથે પણ એવો જ દેખાશે. જે માણસ સ્વાભાવિક રીતે જીવે છે, જેને કશું છુપાવવાનું નથી તેને વળી ડર શાનો ?

સફળતા માટે સાહસ જરૂરી છે. જીવનમાં દરેક જગ્યાએ મુકાબલો કરવાનો છે. જીવનમાં સંઘર્ષ અનિવાર્ય છે. ધર્મ અને સત્યના માર્ગે ચાલવાવાળાએ તો નિર્ભય બનવું જ પડે. આ સિવાય આ મારગે આગળ વધી શકાય નહીં. આ માર્ગ પર ફુલો કરતા કાંટાઓ વધુ છવાયેલા છે. અનેક અનિષ્ઠોનો સામનો કરવાનો છે. કાયર માણસનું આમાં કામ નથી. એટલે જ મહાવીર ભગવાને ધર્મના મારગે ચાલવાવાળાઓને નિર્ભય બનવાનું કહ્યું છે. જે માણસ ભયભીત છે એ પોતાની શક્તિને પીછાની શકશે નહીં. જે માણસ ભયભીત છે તેનું મન આશંકાથી ઘેરાયેલું રહેશે. તે ડગલે ને પગલે મુંઝાતો ગભરાતો રહેશે તે મહાસાગરને ઓળંગી નહીં શકે. જેને હારનો ભય છે તે કદી વિજય પ્રાપ્ત કરી શકશે નહીં. જીતવાની પહેલી શરત છે હાર માટે તૈયાર રહેવાની. જે માણસ ડરે છે તે પહેલેથી જ હારી જાય છે. તેને હરાવવા માટે ખાસ પ્રયાસો કરવાની જરૂર પડતી નથી. તેની શક્તિ પહેલેથી જ ઓસરી ગયેલી હોય છે. ડરના કારણે માણસ પોતે શું છે તે ભૂલી જાય છે. આ મારાથી નહીં થઈ શકે, આ મારું કામ નથી એમ કહેનારાઓ પ્રયાસો કર્યા વગર હાર સ્વીકારી લે છે. જે ડરે છે એ મરે છે.


## સાભાર સ્વીકાર

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

*શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ-અમદાવાદ દ્વારા પ્રકાશિત 'જ્ઞાતિસેતુ'ની સમાજલક્ષી પ્રવૃત્તિ માટે અંજારના દાતાશ્રી સોની કાન્તીલાલ નારાણજી બુદ્ધભટ્ટી સહ પરિવાર તરફથી રૂા. ૧૧,૧૧૧ દાન સ્વરૂપે મળેલ છે. તે બદલ અમદાવાદ જ્ઞાતિ તથા 'જ્ઞાતિસેતુ' તેમનો હૃદયપૂર્વક આભાર માને છે. તેમના લાગણી ભરેલ સહયોગ અને હૂંફથી 'જ્ઞાતિસેતુ'ને પ્રોત્સાહન મળેલ છે.*

# अथ श्री विष्णु सहस्त्र नाम स्तोत्रम्

- હિરાલાલ એન. સોની (ગાંધીધામ)

(ગતાંકથી ચાલુ...)

**પ્રશ્ન ૪થો છે :** કોનું (અહીં કયા દેવનું) ભક્તિપૂર્વક અર્ચન કરવાનું ?

ઉત્તરમાં ભીષ્મપિતા મહ જણાવે છે કે જે સર્વે લોક (૧૪ લોક છે)ના સચરાચરના પિતા છે એ અવ્યય પુરૂષ ભગવાન વિષ્ણુનું અર્ચન કરવું જોઈએ. ભક્તિયોગમાં ધ્યાન, સ્તવન, પૂજન, અર્ચન, નમસ્કાર વિગેરે દ્વારા ભાગવત ધર્મનું પાલન થાય છે જે ભગવત્ પ્રાપ્તિ માટે હોય છે.

**પ્રશ્ન ૫ મો છે :** વાણીથી જપ, મનથી ધ્યાન અને શરીરથી પૂજન થાય છે. આ બધા ઉપાય ધર્મ છે તેમાં હે કુરૂ શ્રેષ્ઠ (ભીષ્મપિતામહ) તમારે મતે કયો ઉપાય ધર્મ શ્રેષ્ઠ છે ?

ઉત્તરમાં શ્રી ભીષ્મપિતા મહ જણાવે છે કે દેવના દેવ ભગવાન શ્રી વિષ્ણુની ભક્તિ પૂર્વક પૂજન અર્ચન કરવું જોઈએ એટલે કે :

एष मे सर्वधर्माणां धर्मोऽधिकतमो मतः ।
यद्भक्त्या पुण्डरीकाक्षं स्तवैरर्चेन्नरः सदा ॥

**પ્રશ્ન ૬ઠ્ઠો છે :** કોનું જપ (અહીં કયા દેવનું) કરવાથી જનધર્મા અને સંસાર બંધન છૂટી જાય છે એટલે કે એમાંથી મુક્ત થવાય છે.

ઉત્તરમાં શ્રી ભીષ્મપિતામહ જણાવે છે કે : જે સંપૂર્ણ જગતના સ્વામી છે દેવતાઓના દેવતા છે દેશ-કાળ અને વસ્તુથી પર છે (સચરાચર વ્યાપેલ છે) એટલે કે વ્યાપ્ત છે એવા પુરૂષોત્તમ ભગવાન શ્રી વિષ્ણુના હજાર નામના જાપ કરવા જોઈએ.

આમ શ્રી યુધિષ્ઠિરે પૂછેલ છ પ્રશ્નો અને શ્રી ભીષ્મપિતા મહે આપેલ તેના ઉત્તરો આપણે જોયા. સમગ્ર રીતે શ્રી ભીષ્મપિતામહે વિષ્ણુ ભગવાનને જ ભજવા, પ્રાપ્ત કરવા તેવો નિર્દેશ કરેલ છે. ભગવાન વિષ્ણુના ૧૦૦૦ (સહસ્ત્ર) નામ દ્વારા તેમનું પૂજન, અર્ચન, જપ, પ્રાપ્તિ વિગેરે કરવાનું કહ્યું છે. આ રીતે ભાગવત ધર્મ કે જે ભગવાનને પ્રાપ્ત કરવા માટે જ છે તેનું પ્રતિપાદન કરેલ છે.

હવે પ્રશ્ન એ થાય છે કે (ને થવો જ જોઈએ) ભગવાન વિષ્ણુ જ સર્વ દેવોમાં શ્રેષ્ઠ છે ? હા, કારણ કે આપણા ભાગવત્ ધર્મ પ્રમાણે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણ દેવતા અને ત્રણેનું કાર્ય અનુક્રમે ઉત્પન્ન કરવું, લાલન પાલન (પોષણ) કરવું અને નાશ કરવું એવું થાય છે. સૃષ્ટિમાં સર્જનનું કાર્ય બ્રહ્માજી દ્વારા થાય છે. અને નાશનું કાર્ય શિવજી દ્વારા થાય છે એટલે કે જન્મ અને મૃત્યુ ક્ષણવારમાં જ થાય છે એટલે કે કઈ ઘડીએ જન્મ થશે અને કઈ ઘડીએ મૃત્યુ થશે એ કોઈ જાણી શકતું નથી. પરંતુ જીવંત તત્વ માત્ર ને તેની આયુ મર્યાદા એટલે જીંદગી જે ક્ષણથી માંડી ૧૦૦-૨૦૦ વર્ષ હોય. જ્યાં સુધીનું જીવન હોય તેનું ભરણપોષણ, ઉછેર (કીડીને કણ અને હાથીને મણ) ભગવાન વિષ્ણુ દ્વારા થાય છે એટલે કે જીવ માત્રમાં ભગવાન વિષ્ણુ વ્યાપ્ત છે. આમ ભાગવત્ ધર્મ એ ભગવાન વિષ્ણુ સ્વરૂપે જીવન ધર્મ બની રહે છે. જીવન જ વિષ્ણુ જે સચરાચર વ્યાપ્ત છે. સર્વેનો પોષણ, ભરણ કરે છે માટે તે ૧૪ (ચૌદ) લોકના અવ્યય પિતા છે.

બે અંતિમ છેડા જન્મ અને મૃત્યુ વચ્ચે જીંદગી છે, જીવન છે જે ભગવાન વિષ્ણુ દ્વારા પોષાય છે. માટે તે ત્રણે દેવોમાં શ્રેષ્ઠ છે. એટલે કે વિષ્ણુ : જીવન જ સર્વે ચેતના માટે શ્રેષ્ઠ છે, અને તેથી જ શ્રી ભીષ્મપિતામહે વિષ્ણુ સહસ્ત્ર નામ જપ કરવાનું શ્રી યુધિષ્ઠિરને સૂચવ્યું છે.

આ પ્રસંગે અંગ્રેજી શબ્દ ગોડ જે ભગવાન માટે વપરાય છે. તે પણ સમજવા જેવો છે. GOD ગોડ શબ્દનાં ત્રણ આલ્ફાબેટ છે. પ્રત્યેકને સમજીએ તો G = Generate : ઉત્પન્નનું કાર્ય, O = Organise : વ્યવસ્થા (પોષણ), D = Distroy નાશ

આ વિષ્ણુ સહસ્ત્રનામ કુલે ૧૦૭ શ્લોકોમાં છે. એટલે કે લગભગ પ્રત્યેક શ્લોકમાં ૯૦૩ નામ આવે છે. આ ઉપરાંત એકને એક નામ ૧૧૪ વખત આવે છે. (પ્રત્યેક નામના સંદર્ભો અલગ અલગ છે) અને ૮૯૬ નામો નીચે પ્રમાણે આવે છે :

| | | | |
|---|---|---|---|
| अ = ૯૦ | ख = ૧ | न = ૩૩ | श = ૪૧ |
| आ = ૮ | ग = ૧૯ | प = ૭૦ | श्र = ૧૭ |
| इ = ૩ | घ = ૧ | फ = ૬ | स = ૧૬૧ |
| ई = ૨ | च = ૧૬ | ब = ૯ | ह = ૧૧ |
| उ = ૧૦ | छ = ૧ | भ = ૩૭ | क्ष = ૭ |
| ऋ = ૨ | ज = ૨૦ | म = ૬૦ | |
| ए = ૩ | त = ૯ | य = ૨૧ | |
| ओ = ૧ | त्र = ૯ | र = ૧૧ | |
| औ = ૧ | द = ૩૨ | ल = ૧૦ | |
| क = ૪૩ | ध = ૨૧ | व = ૧૦૦ | |

ક્રમશઃ

જ્ઞાતિ સમાચાર

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

## શિક્ષણ સમિતિ દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન - ચેતનભાઈ બારમેડા (ભુજ)

તાજેતરમાં ભુજ મુકામે ધોરણ ૧૦થી કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળની શિક્ષણ સમિતિ દ્વારા શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન થયેલ.

તા. ૭ જુન ૨૦૧૫ નાં રોજ હોટલ ઈલાર્ક મુકામે કરવામાં આવેલ કાર્યક્રમમાં શરૂઆતમાં શિક્ષણ સમિતિનાં ચેરમેન ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા દ્વારા પધારેલા મહેમાનોને તેમજ મહામંડળના હોદ્દેદારોને આવકારવામાં આવ્યા. જેમાં મહામંડળનાં ઉપપ્રમુખશ્રી અમૃતલાલભાઈ જેઠાલાલ સોલંકી દ્વારા દરેક હોદ્દેદારો તેમજ વક્તાઓનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ, મંચસ્થ મહેમાન મહામંડળનાં પ્રમુખશ્રી પ્રભુદાસ ખેતસી ગુજરાતી, મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ કે. સોલંકી, ખજાનચી શ્રી ચંદ્રકાન્તભાઈ જે. ચનાણી, ભુજ જ્ઞાતિનાં પ્રમુખશ્રી દીલીપભાઈ કે. બગ્ગા તેમજ મંચસ્થ મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ. શિક્ષણ સમિતિનાં ચેરમેન દ્વારા સ્વાગત-પ્રવચન કરવામાં આવ્યું, ત્યારબાદ કારકિર્દી માર્ગદર્શન માટે પધારેલ વક્તામાં ટેકનિકલ ઈન્સ્ટ્રક્ટર નરેન્દ્રભાઈ આઈ. બારમેડા દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ ટેકનિકલ લાઈનમાં પ્રવેશ અંગેની જાણકારી આપવામાં આવી. જેમાં તેમણે ખાસ ઉલ્લેખ કરેલ કે ધોરણ-૧૦ નાપાસ થયા પછી આઈ.ટી.આઈ.નો જો કોઈ પણ ફેકલ્ટીનો બે વર્ષનો કોર્ષ કરવામાં આવે તો ગુજરાત સરકારનાં નવા નિયમ મુજબ તેને ધોરણ-૧૦ પાસ કહેવાય અને વિદ્યાર્થી ડાયરેક્ટ ધોરણ-૧૨ પરીક્ષા આપી શકે છે.

### શૈક્ષણિક માહિતી આપનાર વક્તાશ્રીઓ

- ડૉ. કમલેશભાઈ કે. સોની (બુદ્ધભટ્ટી) (M.A. English) પ્રોફેસર, લાલન કોલેજ, ભુજ
- ડૉ. પાર્થ સુરેશભાઈ સોની (સાકરીયા) (M.D.S.)
- શ્રી કિશોરભાઈ એન. સોની (બારમેડા) (M.A., M.Ed., English) કચ્છ જિલ્લા શિક્ષણ અધિકારી
- શ્રી નિપુણ એ. સોની (ચનાણી) (GEMOLOGIST) GIA (USA)
- શ્રી ચિંતન એચ. સોની (બુદ્ધભટ્ટી), (GEMOLOGIST) ITI (BOMBAY)
- શ્રી નરેન્દ્ર આઈ. સોની (બારમેડા) (DEE) ટેકનીકલ ઈન્સ્ટ્રક્ટર, આલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભૂજ
- કુ. સ્વાતિ એસ. સોની (સોલંકી) (M.Farm) પ્રોફેસર, વીરાયતન કોલેજ, માંડવી
- શ્રીમતી રીમ્પલ એન. સોની (બુદ્ધભટ્ટી) (M.Sc. Micro-MLT) લેબ-ટેકનીશીયન, અદાણી મેડીકલ કોલેજ, ભુજ
- ડૉ. હેત યોગેશભાઈ સોની (સોલંકી), M.B.B.S. (Russia)
- કુ. વૈદેહી કિશોરભાઈ સોની (ચૌહાણ) (B.P.T.)

ત્યારબાદ સોની સમાજને અનુરૂપ જેમોલોજીસ્ટ (કલર સ્ટોન જાણકાર) નિપુણ અનિલભાઈ ચનાણી કે જેઓ યુ.એસ.એ.માં આ કોર્ષ કરી આવ્યા હતા, તેમણે કલર સ્ટોનની માહિતી આપી, સમાજમાં સોના-ચાંદીની દુકાન ધરાવતાંઓને આમાં ખૂબ જ ફાયદો થશે તેવું જણાવેલ અને તેઓ પોતાની કલર સ્ટોનનાં રીયાલીટી ટેસ્ટીંગ માટેની લેબ પણ ખોલી શકે છે તેવું જણાવેલ. જેમોલોજીસ્ટ ચિંતન હર્ષદભાઈ બુદ્ધભટ્ટીએ મુંબઈમાં આ કોર્ષ કરવા અંગે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને સલાહ આપી, તેમજ ઉંડી સમજણ આપી અને કલર સ્ટોનનાં વેપાર અંગે જણાવેલ.

ત્યારબાદ રશિયાની M.B.B.S.ની ડીગ્રી મેળવનાર ડૉ. હેત યોગેશભાઈ સોલંકીએ આ કોર્ષમાં પ્રવેશ અંગે જણાવેલ તેમજ ત્યાં આગળ આપણને રશિયન ભાષાનો મહાવરો કરવા અંગે જણાવેલ અને ફક્ત M.B.B.S. નહીં પણ આગળ M.D. કરવા માટે ખાસ ધ્યાન દોરેલ. ત્યારબાદ ડૉ. પાર્થ સુરેશભાઈ સાકરીયા જેઓ વાંકાચુકા દાંતના સ્પેશિયાલીસ્ટ M.D. થયેલા તેમણે વિદ્યાર્થીઓને B.D.S. ના પ્રવેશ અંગેની માહિતી આપેલ હતી.

માંડવીથી પધારેલ સ્વાતીબેન સુરેશભાઈ સોલંકી જેઓ એમ.ફાર્મ માં ગોલ્ડમેડલ મેળવેલ છે, તેમણે ફાર્માસ્યુટીકલ લાઈનમાં પ્રવેશ અંગેની માહિતી આપી તેમજ તે અંગેની વેબસાઈટ અંગે જણાવેલ.

ત્યારબાદ રીમ્પલબેન એન. બુદ્ધભટ્ટી જેઓ M.Sc. (Microbiology) છે તેમને આ અંગેનાં અભ્યાસ અંગેની માહિતી

આપી અને વિદ્યાર્થીઓને આ વિભાગમાં વધુને વધુ આગળ વધવા અંગે જણાવેલ. ત્યારબાદ BPT થયેલ ડૉ. વૈદેહી કિશોરભાઈ ચૌહાણ દ્વારા ફીઝીયોથેરાપી કોર્ષ અંગેની માહિતી આપવામાં આવી.



ત્યારબાદ જેઓ છેલ્લા ૧૮ વર્ષથી પ્રોફેસર છે, તેમજ કચ્છ યુનિ.નાં સેનેટ સભ્ય છે એવા કમલેશભાઈ કે. બુદ્ધભટ્ટી દ્વારા વિદ્યાર્થીઓને તેમજ વાલીઓનો આર્ટ્સ ફેકલ્ટીમાં પ્રવેશ અંગે ઉંડાણપૂર્વકની સમજણ આપવામાં આવી. તેમણે જણાવેલ કે જે વિદ્યાર્થીઓને ગણિત વિષય નથી ફાવતુ તેવા વિદ્યાર્થીઓને આ વિભાગમાં ઉત્સાહથી ખૂબ જ ઉચ્ચ ટકાવારી લાવી શકે છે તેવું જણાવેલ. તેમનું પ્રવચન ખૂબ જ ઉમદા અને વિદ્યાર્થીઓને જીવનમાં પ્રાણ પૂરે તેવા હતો તેથી બધા જ વિદ્યાર્થીઓ ખુશ થયેલ.

દેસાઈ એકેડમીના ડાયરેકટર મીનાબેન પ્રભુદાસભાઈ ગુજરાતીએ અલોહા વિશેની માહિતી આપી અને તેના દ્વારા અંતરનાં મનની સ્ફૂરણા દ્વારા સારામાં સારો કામ થઈ શકે છે તેવું જણાવેલ, ત્યારબાદ ભુજ જ્ઞાતિનાં પ્રમુખશ્રી દીલીપભાઈ કાનજી બગ્ગા દ્વારા આ કારકિર્દી માર્ગદર્શનમાં પધારેલ વિદ્યાર્થીઓને તેમજ વાલીઓને બિરદાવવામાં આવેલ અને આવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં આગળ વધવાની ચોક્કસ લાઈન મળે તેવું જણાવેલ.

ત્યારબાદ મહામંડળનાં મહામંત્રીશ્રી પ્રેમજીભાઈ સોલંકી દ્વારા આ કાર્યક્રમ સફળ બનાવવા શિક્ષણ સમિતિનો આભાર વ્યક્ત કરેલ. તેમજ વિવિધ સમાજનાં ઘટકોએ આમાં ઉત્સાહભેર ભાગ લીધેલ છે તેમ જણાવી તેમણે તમામ



વક્તાઓના વક્તવ્યને બિરદાવ્યા.

મહામંડળનાં પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી દ્વારા આ કાર્યક્રમમાં પધારેલ તમામ વિદ્યાર્થીઓને ભાગ્યશાળી ગણ્યા અને જણાવ્યું કે આવા પ્રોગ્રામ દ્વારા સમાજનાં જ ઉચ્ચ અભ્યાસવાળા વક્તાઓએ સમાજનાં જે વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કરેલ છે તેનાથી વિદ્યાર્થીઓ અને સમાજ ઉત્થાનનું કાર્ય થશે તેવું જણાવેલ.

મહામંડળનાં સંગ્રાહક એવા શ્રી ચંદુભાઈ ચનાણી દ્વારા આવા કાર્યક્રમોની સફળતા બદલ સમગ્ર ટીમને અભિનંદન આપ્યા. ઉપરાંત સમાજમાં આવું કાર્યક્રમ દર વર્ષે ગોઠવાય તે અંગે જણાવેલ.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષણ સમિતિનાં ચેરમેન શ્રી ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડાએ કરેલ હતું.

આ કાર્યક્રમ પધારેલ દરેક વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શનની પુસ્તિકા તેમજ તેમની સાથે પાઉચ, બોલપેન અને ફાઈલ આપવામાં આવી હતી. જેમાં દાતા શ્રી હસમુખભાઈ મયૈચા તેમજ મુકેશભાઈ બારમેડા રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મુળજીભાઈ કટ્ટા, હિતેશભાઈ પોમલ, દિપકભાઈ પોમલ, પ્રદીપભાઈ બિજલાણી, કિશોરભાઈ ચૌહાણ, શિશિરભાઈ હેડાઉ, હિતેશ બિજલાણી, કિશોરભાઈ સોની અને પરેશભાઈ ગુજરાતી ઉપરાંત મહામંડળનાં હોદ્દેદારોમાં સુનિલભાઈ કંસારા, નીતીનભાઈ અમૃતલાલ હેડાઉનો સહયોગ મળેલ હતો. જેમાં ભૂજ ગઢશીશા, દયાપર, રવાપર, નખત્રાણા, અમદાવાદ, અંજાર એમ વિવિધ સ્થળેથી વાલીઓ તેમજ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મહામંડળનાં હોદ્દેદારોમાં ઉપપ્રમુખશ્રી લખમશીભાઈ કોટડીયા, હરિલાલભાઈ વિશા પરમાર, અમૃતલાલભાઈ સોલંકી, મંત્રી ફોરમભાઈ સોલંકી, એકતાબેન કટ્ટા, ઈન્દુભાઈ સોલંકી તેમજ



મહિલામંડળની પ્રમુખ રોહિણીબેન બુદ્ધભટ્ટી, લતાબેન સોલંકી ઉપરાંત અન્ય ઘટકનાં હોદ્દેદારો હાજર રહ્યા હતા. શિક્ષણ સમિતિના ચેરમેન ચેતનભાઈ આઈ. બારમેડા દ્વારા તમામ વક્તાઓને પ્રતિક ભેટ હોદ્દેદારોને હસ્તે અપાઈ હતી અને બધા જ જ્ઞાતિજનોને આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

# શ્રી મારૂકંસારા સોની મહિલામંડળ ભુજ સમર કેમ્પનું આયોજન

- લતાબેન સોલંકી

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ દ્વારા બાળકો માટે સમર કેમ્પનું આયોજન તા. ૧૮-૫-૧૫ થી ૨૩-૫-૧૫ સુધી કરવામાં આવેલ. સમર કેમ્પ એટલે રજામાં મજા અને જ્ઞાન સાથે ગમ્મત અને બાળકોમાં ભણતરનો ભાર હળવો કરી પ્રફુલ્લિત થવાનો અનેરો અવસર.

સમર કેમ્પમાં તા. ૧૮ થી તા. ૨૩ સુધી જુદી જુદી પ્રવૃત્તિ કરાવવામાં આવેલ ૧૮ ના ઈન્ટ્રોડકશન, અંતાક્ષરી, પ્રાર્થના, શ્લોક, મ્યુઝીકલ ચેયરની રમત અને ગીફ્ટ સાથે નાસ્તો આપવામાં આવેલ. તા. ૧૯ ના બાળકો માટે પિકચર (મુવી) શોનું આયોજન જેમાં 'ભૂતનાથ રીટર્ન' પિકચર બતાવવામાં આવેલ. માવજી શીવજી પરિવાર તરફથી ગરમ નાસ્તો, કોલ્ડ્રીંક્સ અને ભેટ આપવામાં આવેલ. તા. ૨૦ ના ડ્રોઈંગ જેમાં ઉંમર પ્રમાણે રંગ પુરવણી અને ચિત્રો દોરી રંગ પુરવણી કરાવવામાં આવેલ. ગેમ અને નાસ્તો ભાવનાબેન અને નીલાબેન તરફથી આપવામાં આવેલ. તા. ૨૧ ના યોગ અને પ્રાણાયામ લતાબેન સોલંકી દ્વારા, ક્વીઝ રોહિણીબેન બુદ્ધભટ્ટી દ્વારા કરાવવામાં આવેલ. ઢમાલ ઢોલકીની અને ચકી ચોખા ખાંડે છે એવી જુની રમત મ્યુઝીકલ ચેયર રમાડવામાંઆવેલ છે. નાસ્તો જયશ્રીબેન છત્રાળા અને કીમબેન છત્રાળા તરફથી, ભેટ લતા સોલંકી, જયેષ્ઠાબેન બારમેડા, પ્રીતિબેન બગ્ગા અને દયાબેન સોલંકી તરફથી આપવામાં આવેલ. તા. ૨૨-૫ ના બાળકોને ચંગલેશ્વર પિકનિક પર લઈ જવામાં આવ્યા હતા. લીંબુ-ચમચી અને ખો-ખો ની રમત રમાડવામાં આવી હતી. નાસ્તો પ્રભુદાસભાઈ ખેતસી તરફથી હતો.



શનિવારે સાંજે આમંત્રિતોની હાજરીમાં બાળકોએ ફેન્સી ડ્રેસમાં અવનવા રૂપ ધારણ કરી વાતાવરણને ઉલ્લાસમય બનાવ્યું હતું. બાળકોના વાલીઓએ પણ આ કાર્યક્રમને આનંદથી માણ્યો હતો. પચાસ બાળકોમાંથી સાડત્રીસ બાળકોએ ફેન્સી ડ્રેસમાં ભાગ લીધો હતો. દેશની રક્ષા કરતો સૈનિક, શહીદ ભગતસિંહ, નરેન્દ્ર મોદી, બ્રાહ્મણ, શિક્ષક, છોટા ભીમ, પનીહારી, ડૉકટર, પરી, વૃક્ષ, પ્લાસ્ટીક, ઝાંસીની રાણી, હીરો, રાધા, રાજા, પતંગિયું, વિદ્યાર્થી, બાર્બી ડોલ, કપીલ શર્મા, ક્રિકેટર, સ્પાઈડરમેન, I.P.S., રાધાજી, કૃષ્ણ (કાનુડો), છેલ છબીલો ગુજરાતી ... આમ બાળકોએ વિવિધ વેશભૂષા દ્વારા પોતાના અંતરમનની વાત વ્યક્ત કરી હતી.

અ.મા.કં. સોની મહામંડળના ખજાનચીશ્રી ચંદ્રકાન્તભાઈ ચનાણીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આયોજન શબ્દના સ્થાને ઉત્સવ શબ્દનો ઉલ્લેખ થાય તો ઉત્સવપ્રિય આપણે અદકેરો આનંદ મેળવી શકાય. સાથે સાથે એમણે મહિલા મંડળને અભિનંદન સાથે જણાવ્યું કે જે બાળકોએ ફેન્સી ડ્રેસમાં ભાગ લીધો છે તેની નોંધ મહિલા મંડળ રાખશે અને ભવિષ્યમાં આ બાળકોએ જોયેલા સ્વપ્નો સાકાર કરવામાં મદદરૂપ થાય... બાળકો આપણું ભવિષ્ય છે. હેમલેખાના તંત્રીશ્રી શાંતિલાલભાઈ સોનીએ પણ બાળકોને અભિનંદન આપ્યા હતા. મહિલા મંડળની કામગીરીને બિરદાવી હતી.

જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈએ સમરકેમ્પના આયોજનને બીરદાવતા કહ્યું કે એક જમાનામાં બધા બાળકો વેકેશનમાં નાના નાનીને ઘેર જતા, જુદી જુદી રમતો રમતા અને આનંદ, મોજ-મસ્તી કરતા. સમરકેમ્પ એ એનું આધુનિક રૂપ છે જ્યાં બધા બાળકો મોજ-મસ્તી આનંદ સાથે જ્ઞાન ગમ્મત સાથે મેળવે છે. મહિલા મંડળના પ્રમુખ રોહિણીબેન બુદ્ધભટ્ટીએ સમરકેમ્પની સફળતાનો શ્રેય મહિલામંડળના ટીમ વર્કને આપ્યો હતો. અને ડોનેશન આપનાર પરિવારનો આભાર માન્યો હતો. કાર્યક્રમોની વિગતો આપી હતી. સ્વે મગનભાઈ ચનાણી પરિવારમાં જયશ્રીબેન ચનાણીએ ઉપસ્થિત રહી બાળકો અને બહેનોને અભિનંદન આપ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી પ્રેમજી ગોવિંદજી સોલંકી તથા શ્રી નાનાલાલ શીવજી બુદ્ધભટ્ટી તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. ઈન્દીરાબેન સોલંકી, ભાવનાબેન ચનાણી, નીલાબેન પોમલે પ્રોજેક્ટ ચેરપર્સનની જવાબદારી નીભાવી હતી. કારોબારીની બહેનોએ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ખૂબ જ સાથ-સહકાર આપ્યો હતો.


# પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ એજ્યુકેશન ટ્રસ્ટ

**- લખમશી આઈ. કોટડીયા**

પ.ક.મા.કં. સોની જ્ઞાતિ એજ્યુકશન ટ્રસ્ટની ત્રીજી સામાન્ય સભા મળેલ જેમાં થયેલ કાર્યવાહી નીચે મુજબ છે.

તા. ૨૪-૫-૧૫ ના રોજ ટ્રસ્ટની સામાન્ય સભા પ્રમુખ શ્રી લખમસીભાઈ કોટડીઆનાં પ્રમુખપદે સોની સમાજ વાડીમાં મળી. કોરમ થવાથી સભાનું કામકાજ ચાલુ કરવામાં આવ્યું. સૌ પ્રથમ ટ્રસ્ટનાં મહામંત્રીશ્રી હેમેન્દ્રભાઈ કંસારાએ આવેલ સભાસદોનું સ્વાગત, પ્રવચન કરી સ્વાગત કર્યું. ત્થા ટ્રસ્ટની અત્યાર સુધીની કાર્યવાહીની રજૂઆત કરી. ત્યારબાદ ખજાનચી જેરામભાઈએ વાર્ષિક હિસાબો રજૂ કર્યા જેને બહાલી આપવામાં આવી. મંત્રીશ્રી દિનેશભાઈ બગ્ગાએ ટ્રસ્ટ મંડળની મળેલ મીટીંગોની કાર્યવાહીનું વાંચન કર્યું જેને પણ બહાલી આપવામાં આવી. ટ્રસ્ટના હિતમાં સભાસદોને પોતાનાં વિચારો વ્યક્ત કર્યા જેમાં નખત્રાણા, તા. બુલિયન પ્રમુખ ભોગીલાલ કટ્ટા ત્થા નલીયાથી આવેલ સભાસદો, નલીઆ ઘટક પ્રમુખ બાબુલાલ સાકરીઆ, કોઠારાનાં ટ્રસ્ટ ઉ.પ્રમુખ ધનજીભાઈ બુદ્ધભટ્ટી, ટ્રસ્ટનાં મેને. ટ્રસ્ટી મણીલાલભાઈ કટ્ટા, કોટડાથી ઘટક પ્રમુખ રમેશભાઈ લાયચા, નખત્રાણા ઘટકનાં ઉપ.પ્રમુખ દિનેશભાઈ કટ્ટા ત્થા ઉ.પ્રમુખ હેમેન્દ્રભાઈ કંસારા, નખત્રાણા ઘટકનાં મહામંત્રી કિશોર કોટડીઆ, ભરત કોટડીઆ, નલીયાનાં રમેશભાઈ, પોમલ, દિપકભાઈ ગુજરાતી, દિપકભાઈ બારમેડા વિ. આગેવાનોએ ટ્રસ્ટની આર્થિક સદ્ધરતા વધારવા આજીવન સભાસદો વધારવા પર ભાર મૂક્યો અને દરેક ઘટક મથકે રૂબરૂ જઈ ટ્રસ્ટ ઉપયોગિતા સમજાવવા ને આજીવન સભ્યો વધે તેવી પૂરી કોશિષ કરવી, જરૂર પડે ટ્રસ્ટી મંડળને મદદરૂપ થવા એક પાંચ સભ્યોની પેટા સમિતિની રચના કરવા જણાવ્યું.

ત્યારબાદ હાલનાં ટ્રસ્ટી મંડળની મુદત પૂરી થતાં ફરી નવી વરણી કરવા માટે દરખાસ્ત કરવામાં આવી. જેના પર ચર્ચા-વિચારણા કરી હાલનાં જ ટ્રસ્ટી મંડળની ફરી વરણી કરવામાં આવી. ઉપરાંતમાં હાલનાં ૯ ટ્રસ્ટીઓ છે તેમની ફરી વરણી કરી અને બે નવા ટ્રસ્ટીઓ ઉમેરવામાં આવ્યા એમ હવે કુલ ૧૧ ટ્રસ્ટીઓ રહેશે. જેનાં નામ તથા હોદ્દા નીચે મુજબ છે.



**લખમસી ઈશ્વરભાઈ કોટડીયા-પ્રમુખ**




**ધનજીભાઈ હરીદાસ બુદ્ધભટ્ટી-ઉપપ્રમુખ**



**સોની દિનેશભાઈ જે. બગ્ગા - મંત્રી**



**હેમેન્દ્રભાઈ એમ. કંસારા-મહામંત્રી**



**બુદ્ધભટ્ટ જેરામ ધનજી ખજાનચી**

| | | |
|---|---|---|
| ૧. | લખમસી ઈશ્વરભાઈ કોટડીઆ (નખત્રાણા) | પ્રમુખ |
| ૨. | ધનજીભાઈ હરીદાસ બુદ્ધભટ્ટી(નખત્રાણા) | ઉ.પ્રમુખ |
| ૩. | હેમેન્દ્રભાઈ એમ. કંસારા (નખત્રાણા) | મહામંત્રી |
| ૪. | જેરામભાઈ ડી. બુદ્ધભટ્ટી (નખત્રાણા) | ખજાનચી |
| ૫. | દિનેશભાઈ જે. બગ્ગા (નખત્રાણા) | મંત્રી |
| ૬. | મણીલાલ જી. કટ્ટા (એડવોકેટ) (નખત્રાણા) | ટ્રસ્ટી |
| ૭. | ગંગારામ કે. કટ્ટા (નખત્રાણા) | ટ્રસ્ટી |
| ૮. | રમણીકલાલ જી. સાકરીઆ (નખત્રાણા) | ટ્રસ્ટી |
| ૯. | નારાણભાઈ એમ. પરમાર (ખોંભડી) | ટ્રસ્ટી |

**નવા ટ્રસ્ટીઓ**

| | | |
|---|---|---|
| ૧૦. | રમેશભાઈ રતનશી પોમલ (નલીયા) | ટ્રસ્ટી |
| ૧૧. | વાલજીભાઈ વેલજીભાઈ કટ્ટા(નેત્રા) | ટ્રસ્ટી |

એ રીતે અગીયાર ટ્રસ્ટીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી. પાંચ સભ્યોની પેટા સમિતિ નીમવા પ્રમુખશ્રીને અધિકાર આપવામાં આવ્યો.

ત્યારબાદ પ્રમુખશ્રીનાં ઉદ્‌બોધન બાદ મંત્રી દિનેશભાઈ બગ્ગાએ આભારવિધી કરી સભાનું કામકાજ પુરૂં કરવામાં આવ્યું. અલ્પાહાર બાદ સૌ સભાસદો છુટા પડ્યા.

**❖ સુખી જીવનનો સ્કવેર ❖**

- વસ્તુઓનો આગ્રહ ના રાખો, જે મળે તેને પ્રસાદ સમજીને સ્વીકારી લો.
- વાણીથી વિગ્રહ ના કરો, કારણ કે મોંમાંથી એક શબ્દ પણ ખોટો નીકળી જાય તો રામાયણને બદલે મહાભારત થઈ શકે છે.

જ્ઞાતિ સમાચાર

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિયુવક મંડળ (નખત્રાણા)

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ દ્વારા તા. ૫-૪-૨૦૧૫ (રવિવાર)ના રોજ સોની સમાજ વાડી મધ્યે રક્તદાન તેમજ રક્ત-પરિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સમાજના ૩૯ પુરૂષો તેમજ ૩ મહિલા રક્તદાતાઓ મળી કુલ ૪૨ વ્યક્તિઓ દ્વારા રક્તદાન કરાતા ૧૨૬૦૦ સીસી રક્ત એકત્રિત થયું હતું. તેમજ ૭૮ વ્યક્તિઓનું રક્ત-પરિક્ષણ (બ્લડ ગ્રુપીંગ) કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત જ્ઞાતિ પ્રમુખ તેમજ હોદ્દેદારોના હસ્તે દિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ જી. કે. જનરલ હોસ્પિટલ ભુજના (બ્લડ બેંક કાઉન્સિલર) શ્રી દર્શનભાઈ રાવલે રક્તદાનનું મહત્ત્વ સમજાવતા રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

રક્તદાન માટે જી. કે. જનરલ હોસ્પિટલ (બ્લડ બેંક વિભાગ) ભુજની ટીમ તેમજ રક્ત-પરિક્ષણ માટે નખત્રાણાના ડૉ. પરેશભાઈ તિલક અને મહેન્દ્રભાઈ સાવલીયા સહયોગી રહ્યા હતા.

રક્તદાન અને રક્ત-પરિક્ષણ બાદ દાતાઓના સહયોગથી બપોરે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

નખત્રાણા જ્ઞાતિના તેમજ મહિલા મંડળના હોદ્દેદારોએ યુવક મંડળના કાર્યને બિરદાવી યુવક મંડળના ઉત્સાહમાં વધારો કર્યો હતો. તેમજ આગળ પણ આવા કાર્યો કરતા રહેવાની શીખ આપી હતી.

સમગ્ર કાર્યક્રમની જહેમત યુવક મંડળના સભ્યોએ ઉઠાવી હતી.

યાત્રાપ્રવાસ

## અંજાર મહિલા મંડળ

### પુરૂષોત્તમ માસની ઊજવણી

- અંજના એન. પોમલ

**અંજાર મહિલા મંડળ** દ્વારા અધિકમાસ નિમિત્તે સુદ એકાદશીના માંડવી તેમજ તેની નજદીકમાં આવેલ સ્થળે યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ૫૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં એક બાવાજીના ઘરના અને એક બ્રાહ્મણ કન્યા તથા વયોવૃદ્ધ એવા આપણી જ જ્ઞાતિના ૪-૫ બહેનો યાત્રા કરાવવામાં આવી હતી. જેનો ખર્ચ આ યાત્રામાં જોડાયેલ અન્ય બહેનોએ લીધો હતો તેથી આ સર્વે યાત્રીઓએ બાવાજી, બ્રાહ્મણકન્યા તથા વયોવૃદ્ધને યાત્રા કરવવાનું પુણ્ય પણ મેળવ્યું હતું.



અધિકા માસ નિમિત્તે વદ ચૌદસના મહિલા મંડળ દ્વારા મંડપ ભરવાનું આયોજન શ્રી મહાકાલી માતાજીના મંદિર મધ્યે કર્યું હતું. પૂ. દેવેનભાઈએ બહેનોને પૂજા કરાવી હતી. ત્યારબાદ બપોરે પૂ. દેવેનભાઈના પરિવાર તથા અંજાર જ્ઞાતિના બાવાજીના પરિવાર, જ્ઞાતિ કારોબારી તથા મહિલામંડળના સભ્યોએ સાથે સમુહ ભોજન કર્યુ હતું. સાંજે લાલાની પર્યટનના દર્શન તથા ભજન-સત્સંગ રાખવામાં આવ્યા હતા અને ત્યારબાદ આરતીના દર્શનનો લાભ સર્વ જ્ઞાતિજનોએ લીધો હતો. આ રીતે પૂરો દિવસ ભક્તિભાવ સાથે સમૂહમાં માણ્યો હતો.

આ સાલ મહિલા મંડળ દ્વારા તદ્દન નવું જ આયોજન કરવામાં આવ્યું હતું. જે લાલાની પર્યટનનું તેનું આયોજન આ મુજબ કરવામાં આવ્યું હતું. એક પવિત્ર વાસણમાં ગંગાજલ મિશ્રિત પાણીમાં લાલાને સ્નાન માટે હોજ બનાવવામાં આવ્યો હતો. લાલાને ઝૂલાવવા માટે ઝૂલો રાખવામાં આવ્યો હતો. ખેલવા માટે રમકડા તથા રાસલીલા કરતી ગોપીઓ ઉપરાંત પર્યટનના આનંદ માટે ચકડોળ રાખવામાં આવ્યો હતો. લાલાના અલગ-અલગ મનોરથો તથા વિધવિધ શણગારનાં દર્શન તો કરતા હોઈએ છીએ. પણ લાલાને તેના સખાઓ સાથે ચકડોળમાં ફરાવવાનો દર્શનનો અનેરો આનંદ જ્ઞાતિજનોએ પ્રથમ વાર જ માણ્યો હતો.

આપણી જ્ઞાતિની પરંપરા મુજબ પુ. ગોરબાપા દ્વારા અધિક માસ નિમિત્તે કથાવાર્તાનું વાંચન કરાવવામાં આવે છે અને અમાસના દિવસે તેઓના પરિવારજનોને પહેરામણી પહેરાવવામાં આવે છે અને તેમનું સામૈયું કાઢવામાં આવે છે તે પરંપરા મુજબ કરવામાં આવ્યું હતું. સામૈયામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. એજ લિ.

**જ્ઞાતિ સમાચાર**

# શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ

## નવનિર્મિત કારોબારી સમિતિ (૨૦૧૫થી ત્રણ વર્ષ માટે)



પ્રમુખ : બગ્ગા ભાવેશ સુરેશભાઈ




ઉપપ્રમુખ : કટ્ટા કૈલાશ ગંગારામ



ઉપપ્રમુખ : બગ્ગા મેબ્રીન રમેશભાઈ



મંત્રી : પરમાર ઘનશ્યામ મોહનલાલ



સહમંત્રી : હેડાઉ રાજેશ દયારામ



ખજાનચી : કટ્ટા મલય ધીરજલાલ




સહ ખજાનચી : કોટડીયા આનંદ કિશોરભાઈ




સહ ખજાનચી : સોલંકી હર્ષિલ જેઠાલાલ



આરોગ્ય મંત્રી : સોલંકી મનિષ મંગલદાસ



પ્રવાસ મંત્રી : સાકરીયા જીજ્ઞેશ રમણીકલાલ



રમતગમત મંત્રી : કટ્ટા પંકજ મોતીલાલ

(૧) બુદ્ધભટ્ટી તરૂણ શંકરલાલ
(૨) કટ્ટા નિલેશ ગૌરીલાલ
(૩) બુદ્ધભટ્ટી લખમશી ધનજી
(૪) બુદ્ધભટ્ટી રાજન હરીશભાઈ
(૫) કંસારા ઉદય રમેશભાઈ
(૬) ચૌહાણ કિશોર તુલસીદાસ
(૭) ચૌહાણ ભરત વાલજીભાઈ
(૮) કટ્ટા કમલેશ લક્ષ્મીકાન્ત
(૯) બારમેડા વરૂણ કાન્તીલાલ
(૧૦) બારમેડા બિપીન મનસુખલાલ
(૧૧) કટ્ટા બ્રેજીન પ્રવિણભાઈ
(૧૨) બુદ્ધભટ્ટી નિકુંજ ગોવિંદભાઈ
(૧૩) બારમેડા જીજ્ઞેશ દિપકભાઈ
(૧૪) બુદ્ધભટ્ટી આનંદ દિનેશભાઈ
(૧૫) કોટડીયા દિપક ચંપકલાલ
(૧૬) કટ્ટા કીર્તિ શાન્તીલાલ

**મેરેજ બ્યુરો**

# શ્રી અ.ભા.મા.ક.સો. મહામંડળ મહિલાસેલ

**મેરેજ બ્યુરો વિગત** - શ્રીમતી લત્તાબેન સોલંકી

(1) Reg. No. 172 : યુવક :- અટક-બારમેડા, ઉંમર-૨૫, અભ્યાસ-૧૦ પાસ, ઊંચાઈ-૫.૩, વજન-૪૮, વ્યવસાય-મેકેનીક ગેરેજ, માસિક આવક-૧૫,૦૦૦/-, કુંવારા

(2) Reg. No. 173 : યુવક :- અટક-બુદ્ધભટ્ટી, ઉંમર-૩૦, અભ્યાસ-બી.કોમ., ઊંચાઈ-૫, વજન-૬૫, વ્યવસાય-જ્વેલર્સમાં સર્વિસ, માસિક આવક-૨૦,૦૦૦/-, કુંવારા

(3) Reg. No. 174 : યુવક :- અટક-સોલંકી, ઉંમર-૩૩, અભ્યાસ-૧૦, ઊંચાઈ-૫, વજન-૫૫, વ્યવસાય-નોકરી, માસિક આવક-૧૦,૦૦૦/-, કુંવારા (મંગળ છે)

(4) Reg. No. 175 : યુવતી :- અટક-પોમલ, ઉંમર-૨૬, અભ્યાસ-બી.ઈ. (સીરામીક એન્ડ સીરામિક ટેક.) ઊંચાઈ-૫.૨, વજન-૫૨, વ્યવસાય-નોકરી, માસિક આવક-૫૦,૦૦૦/-, કુંવારા

(5) Reg. No. 176 : યુવતી :- અટક-બારમેડા, ઉંમર-૨૪, અભ્યાસ-૧૦, ઊંચાઈ-૫.૭, વજન-૪૦, વ્યવસાય-ગૃહકાર્ય, માસિક આવક-.........., કુંવારા

**વિશેષ માહિતી માટે સંપર્ક : શ્રીમતિ લતાબેન સોલંકી - અંજારીયા ફળિયા, ભુજ-કચ્છ. (મો.) ૯૭૨૫૩ ૨૦૪૪૪**

જ્ઞાતિ સમાચાર

# તાલુકા સોનાચાંદી મહામંડળો

**સોનાચાંદી સંગઠનોને મદદરૂપ થશે....** - **હીરાલાલ સોની, પ્રમુખ**

પ્રતિશ્રી, પ્રમુખશ્રી, કચ્છ જીલ્લાના સર્વે સોનાચાંદી એસોસિયેશન તથા સર્વે પ્રમુખશ્રી, તાલુકા સોનાચાંદી મહામંડળ,

જય મહામંડળ સાથે જણાવવાનું કે, કચ્છ જીલ્લાના ૧૦ તાલુકાના સોનાચાંદી મહામંડળના પ્રમુખોની વરણી દરેક તાલુકામાં આપણા સંગઠનને મજબૂત કરવાના હેતુથી કરેલ છે. અને દરેક તાલુકા સંગઠનો સ્થાનિક એસોસિયેશન સાથે હંમેશા સાથ-સહકારમાં રહેશે અને પરસ્પર સહમતિ સાંધી પ્રવૃત્તિ કરશે. તેથી દરેક સંગઠનો સક્ષમ થશે અને જરૂર પડે કોઈ પણ સમસ્યા ઉભી થાય તેવા સંજોગોમાં એકબીજાને મદદરૂપ થશે એવા ઉમદા હેતુથી કચ્છ જીલ્લા સોનાચાંદી મહામંડળની રચના કરવામાં આવેલ છે. શહેરોથી માંડી નાના ગામડાઓમાં રહેલા સોનાચાંદીના વેપારી કે કારીગરો પોતાને એકલા ના સમજે, આખું સંગઠન દરેકની જોડે રહેશે તે રીતે આપણે સૌએ કદમ મીલાવીને સંગઠનને મજબૂત કરવાનું છે.

કોઈ પણ સભ્યને સમસ્યા ઊભી થાય તો તરત જ પોતાના સ્થાનિક એસોશિયેશનના પ્રમુખ કે તાલુકા પ્રમુખને જાણ કરશે તેવા સંજોગોમાં તાલુકા પ્રમુખ અને સ્થાનિક એસોસિયેશનના પ્રમુખ તાલમેલ કરી, તેને સંપૂર્ણ સાથ-સહકાર આપશે, તેવા સંજોગોમાં જરૂરિયાત નજરે તત્કાલ સમીતિને બોલાવી શકાશે અને વધુ જરૂરિયાત હોય તેવા સંજોગોમાં અન્ય આગેવાનો કે સભ્યોને બોલાવીને આવી પડેલ સમસ્યાનો ઉકેલ કરવામાં આવશે. આ રીતે જીલ્લાના દરેક તાલુકા સંગઠનો અને સ્થાનિક સંગઠનોને સક્ષમ કરવાનો આપણો ઉમદા હેતુ રહેલો છે. તો દરેકે પોતપોતાની ફરજ સમજી એકબીજાને સહકાર આપશો અને કાર્યક્ષમ રહેશો તેવી વિનંતી છે. જરૂર પડે તો જીલ્લાના આગેવાનોને પણ બોલાવી શકાશે.

આવા ઉમદા હેતુને પાર પાડવા અને જીલ્લાના દરેક ગામડાથી માંડી શહેરો સુધીના સોનાચાંદીના વેપારી કે કારીગરોને પડતી તકલીફો અને સમસ્યાઓને હલ કરવા જીલ્લાના દરેક તાલુકા અને સ્થાનિક એસોસિયેશનોને વધુ ને વધુ સંગઠિત કરવામાં આવશે. તે માટે આપ સર્વે સેવા કરવાની ભાવનાથી સહકાર આપશોજી.

**હીરાલાલ સોની, પ્રમુખ**
કચ્છ જીલ્લા સોનાચાંદી મહામંડળ (મો.) ૯૮૭૯૧ ૨૨૧૬૦

જ્ઞાતિ સમાચાર

# મહામંડળની કલાસાંસ્કૃતિક સમિતિ દ્વારા જ્વેલરી મેકીંગ વર્કશોપ

**- સુધા બુદ્ધભટ્ટી**

મહામંડળ કલા સાંસ્કૃતિક સમિતિ દ્વારા આયોજીત પ્રોજેક્ટ - 'જ્વેલરી મેકીંગ'ના એક ભાગ રૂપે તાલીમ મેળવી પોતાના ધંધાને કાર્યરત કરી શકે તે ઉદ્દેશ્યથી ભુજ મહિલામંડળના ચાર્ટર્ડ ડે નિમિત્તે તા. ૭-૭-૨૦૧૫ના રોજ કંસારા બજાર લગ્નવાડી મુકામે આ તાલિમનું આયોજન કરવામાં આવેલ. જેમાં ભુજની બહેનોએ તાલીમ મેળવી સંતોષનો અનુભવ કર્યો હતો.

મહિલામંડળ આઠ વર્ષ પૂર્ણ કરી નવમા વર્ષમાં મંગલ પ્રવેશ કરવા બદલ ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી હતી.

તાલીમની શરૂઆતમાં સુધા બુદ્ધભટ્ટીએ દરેક બહેનોને પર્સનલ આ તાલીમ મેળવી શકે તે ઉદ્દેશથી ગ્રુપ વાઈઝ ભુજના મોતીકામના નિષ્ણાત શિતલબેન એ. બુદ્ધભટ્ટી, જિજ્ઞાબેન એન. બુદ્ધભટ્ટી, નિશાબેન બી. બુદ્ધભટ્ટી, જ્યોતિબેન બી. છત્રાળા તથા મીતાબેન એ. પોમલ દ્વારા બહેનોને મોતીના દાગીના (માળા, બંગડી, બુટ્ટી) બનાવતાં શીખવાડવામાં આવ્યા હતાં. જેનો સંપૂર્ણ રોમટિરિયલ્સ મહામંડળ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ જેમોલોજીસ્ટ શ્રી નિપુણભાઈ ચનાણી દ્વારા ખૂબ જ સરળ ભાષામાં માહિતી આપવામાં આવી હતી. હાલે મીનાકામ કરતા શ્રી અનિલભાઈ જે. પોમલની પુત્રી કુમારી નિલમ એ. પોમલ ડેમોસ્ટ્રેશન સાથે સાથે મીનાકામની માહિતી આપી હતી.

મહામંડળના મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ સોલંકીના જણાવ્યા અનુસાર મહામંડળના કોઈપણ હોદ્દેદારોના જન્મદિવસ નિમિત્તે જે તે ઘટકના અન્ય હોદ્દેદારો દ્વારા કંકુ તિલક કરી મીઠું મોં કરાવવું તે જોતાં કલા સાંસ્કૃતિક સમિતિના ચેરપર્સન સુધા બુદ્ધભટ્ટીનો જન્મદિવસ હોતાં મહામંડળના પ્રમુખશ્રી, ભુજ જ્ઞાતિના પ્રમુખશ્રી તેમજ અન્ય હોદ્દેદારો દ્વારા ઉજવણી કરવામાં આવેલ. આમ, ભુજ મહિલામંડળ ચાર્ટર્ડ ડે પ્રોજેક્ટ જ્વેલરી મેકીંગ તેમજ મહામંડળના હોદ્દેદારનું જન્મદિવસ આ ત્રણેયનું યોગાનુયોગ સમન્વય થતાં મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશી, મહામંત્રીશ્રી પ્રેમજીભાઈ સોલંકી, ઉપપ્રમુખશ્રી અમૃતલાલભાઈ સોલંકી, મંત્રીશ્રી ઈન્દુભાઈ સોલંકી તેમજ જ્ઞાતિના પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગા, હેમલેખાના તંત્રીશ્રી શાંતિલાલભાઈ, નામાંકિત સમિતિના ચેરમેન નિતિનભાઈ હેડાઉ, યુવક મંડળના મંત્રીશ્રી જીગરભાઈ બુદ્ધભટ્ટી, ભુજ જ્ઞાતિના સક્રિય કાર્યકર શ્રી અનિલભાઈ છત્રાળા, જેમોલોજીસ્ટ શ્રી નિપુણભાઈ ચનાણી, મીનાકામ નિષ્ણાત નિલમબેન પોમલ, મહિલામંડળના પ્રમુખશ્રી રોહિણીબેન બુદ્ધભટ્ટી તેમજ મહિલાસેલના ચેરપર્સન લત્તાબેન સોલંકી હાજર રહેલ.

# કારકિર્દી ઘડતર

- પ્રિ. કે. એમ. માવાણી

આજે ઘર-ઘરમાં બાળકોને ભણતાં-ભણતાં તથા વાલીઓને પોતાના સંતાનોનો ઉછેર કરતાં એક જ પ્રશ્ન સતાવતો હોય છે. ભાવિ કારકિર્દી (કેરિયર) શેમાં (કયા વિષયમાં) કઈ રીતે ઘડવી ?

આપણે આ લેખમાં કોઈ શિક્ષણની લાઈનની ચર્ચા નથી કરવી. પરંતુ ઉત્તમ કારકિર્દી ઘડવા વિદ્યાર્થી તથા તેના વાલીએ શું કરવું ? તેની વિચારણા છે.

હમણાં ગુજરાતમાં છેલ્લા બે દસકાથી ઉચ્ચ શિક્ષણમાં એક પ્રવાહ ચાલતો બદલાતો જોવા મળે છે. કારકિર્દીનો તબક્કો ઉછળતાં મોજાંની જેમ આવે છે અને તેવે સમયે સ્વતંત્ર નિર્ણય લેવાને બદલે બધા તેમાં ગાડરિયા પ્રવાહમાં જોડાઈ જાય છે !

એક સમયે મેડિકલ લાઈન માટે લોકો રઘવાયા હતાં.

પછી ઈલેક્ટ્રોનિક્સ અને કેમિકલ એન્જિનીયરનો યુગ આવ્યો. ત્યારબાદ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો પવન ફુંકાયો. એક સમયે સિવિલ એન્જિનીયરની કારકિર્દીનો ડંકો વાગ્યો. ત્યારબાદ કમ્પ્યૂટર અને કમ્યુનિકેશનનું ક્ષેત્ર જ ચર્ચામાં રહ્યું. થોડા વર્ષો પહેલાં બી.એડ્. તથા બી.બી.એ.માં બધા દોડતાં થયાં. કેટલાક સમય માટે એમ.બી.એ. નો ડંકો વાગતો રહ્યો !

કારકિર્દીની બજારમાં કશું સ્થાયી નથી, અત્યારે શેની માંગ વધુ છે ! ચાલો આપણે તેમાં ઝુકાવીએ ! - આવી મનોવૃત્તિથી વિદ્યાર્થીઓ તથા વાલીઓ ઉચ્ચ અભ્યાસની લાઈન નક્કી કરે છે ! મોટાભાગના વિદ્યાર્થીઓ તથા વાલીઓ, કારકિર્દી પસંદગીનો નિર્ણયાત્મક તબક્કો હોય ત્યારે અવઢવમાં હોય છે.

પછી તો, જેમાં એડમીશન મળે તેમાં લઈ લેવું અને તે પ્રમાણે જોબ શોધવી, આપણાં નસીબ - એમ કહીને નસીબની ખીંટીમાં બધું ભરાવી દે છે.

### કારકિર્દી (કેરીયર) એટલે શું ?

કારકિર્દી એટલે એવો ધંધો, વ્યવસાય કે જોબ જેમાં વ્યક્તિને તાલીમ આપવામાં આવે, વ્યક્તિ કાયમી ધોરણે જે તે ધંધા-રોજગારમાં સ્થિર થઈ પોતાની જિંદગીનું ભાવિ ઘડતર કરે.

બીજા અર્થ મુજબ જાહેર, વ્યાવસાયિક કે ધંધા-રોજગારની જીંદગીમાં ક્રમિક પ્રગતિ કે સિદ્ધિ મેળવવા સતત પ્રયાસ કરવો. બહુ જ સાદી, સરળ ગુજરાતી ભાષામાં કહીએ તો કારકિર્દી એટલે એક એવો રસ્તો, એવો રોજગાર, વ્યવસાય કે ધંધાની તાલીમ કે જે વ્યક્તિની પ્રગતિ માટે તથા પોતાના ગુજરાન ચલાવવાનું પ્રેરકબળ બની રહે.

વ્યક્તિની જિંદગીમાં સંતોષકારક આવક સર્જન થાય તથા પોતાને જે કાર્યથી આનંદ અને સંતોષ થાય (પ્રાપ્ત થાય) તેવી આવક સર્જનની પદ્ધતિને કારકિર્દી કહેવાય.

### નિર્ણયનો તબક્કો

કારકિર્દીનું ઘડતર કરવું પડે છે, તે લાંબા સમયની ક્રિયા છે, ખાસ કરીને વ્યક્તિના જીવનમાં ૧૫ થી ૨૫ કે ૨૮ વર્ષનો જે તબક્કો છે, તેને નિર્ણાયક તબક્કો કહેવાય છે. જો આ ૧૦ થી ૧૨ વર્ષના ગાળામાં વિદ્યાર્થી તથા તેના વાલી દ્વારા વિચાર-વિનિમય કરીને, ધંધા, રોજગાર, નોકરી, વ્યવસાય માટે ક્ષેત્ર પસંદ કરવામાં આવે, ક્ષેત્રની પસંદગી બાદ તેમાં ઉત્તિર્ણ થવા પૂરેપૂરી ખંત અને ધગશથી, પૂર્વ આયોજન કરીને તેમાં અભ્યાસ તાલીમ માટે સખત મહેનત કરવામાં આવે અને તે ક્ષેત્રમાં તકોનું સર્જન કરીને કે પડકારીને ક્રમિક આગળ વધવામાં આવે કે જેથી ભાવિ જીવનનો રસ્તો સંતોષકારક અને સુંદરતમ બની રહે, તો તે કારકિર્દી છે.

### કારકિર્દી શું છે ? શું નથી ?

કારકિર્દી એ સખત ચાલતી ક્રિયા છે. તે સતત વહેતો પ્રવાહ છે. તેમાં વિરામ નથી આવતો. ક્રિકેટ જગતમાં 'સચીન' તેનું મોડેલ છે. સતત પરિશ્રમ નિરાશ થયા વગર આગળ ને આગળ વધવાનું.

અન્ય ક્ષેત્રો - ફેશન ડિઝાઈન, જીયોલોજી, એડવર્ટાઈઝીંગ, એરલાઈન, બ્યુટીકેર, ઈન્ડિયન એરફોર્સ, નેવી સ્ટોક બ્રોકિંગ, ઈન્ટીરીયર ડિઝાઈન, મેડિકલ ટ્રાન્સક્રિપ્સન, ઓસેનોલોજી, વગેરે વગેરે.

બીઝનેસમેન એટલે ધીરુભાઈ અંબાણી ! શાહપુરની ગલીઓમાં સાયકલના કેરીયર પાછળ કાપડનાં તાકા બાંધીને ફેરીયાનું કામ કરતો માણસ ! જિંદગીના અંત સુધી સતત આગળને આગળ, નવું નવું શોધતા રહો !

ઓબેરોય ! સીમલાની હૉટેલના એક ક્લાર્કે સ્વપ્ન સેવ્યું કે મારે પણ હૉટેલના વ્યવસાયમાં ટોચના સ્થાને આવવું છે ! અને ૯૯ હૉટેલોનો માલિક બન્યો !

કારકિર્દી ઘડતર માટે આંખમાં સ્વપ્ના આંજો અને તે સ્વપ્નને સાકાર કરવા રાત-દિવસ લગે રહો.

નિર્ણય લેવાની એક પળ, એક ઘડી આવે છે, ત્યારે નિર્ણય લઈને દિશા પકડી લ્યો. કારણ કે હાથમાંથી છૂટેલું તીર અને ગયેલો સમય કદી પાછા નથી આવતા ! તીર છૂટે તે પહેલાં લક્ષ્ય નક્કી કરી લ્યો !

**કેરિયર બનાવવી છે ? તમારા રસ, રૂચિને પ્રથમ સમજો !**

વ્યક્તિએ પ્રથમ તેને કયા ક્ષેત્રમાં રસ, રૂચિ છે, અભિગમ છે, તે નક્કી કરીને કારકિર્દીના તેવા ક્ષેત્રની પસંદગી કરવી જોઈએ.

જે છોકરાને એકાઉન્ટ અને ગણિતમાં તલભાર રસ નથી, ગણતરી કરવાનું ગમતું જ નથી, જેનું મન જરાપણ અંતર્મુખી નથી તેવા છોકરાને માટે મા-બાપ એવું ધારે કે મારે તો પપ્પુને સી.એ. કરાવવું છે તો શું થાય ? આ છોકરો ફાઈનલ સી.એ.ની પરીક્ષા આપતાં આપતાં જ અડધો ઘરડો થઈ જાય, તેના કરતાં મા-બાપ છોકરાની રસ-રૂચિ જાણીને ધોરણ-૧૦ કે ૧૨ પછી પસંદગીના ક્ષેત્રમાં આગળ અભ્યાસ કરાવે તો કાંઈક કેરિયર બને !

કારકિર્દી ઘડતર માટે આગોતરૂ આયોજન એડવાન્સ્ડ પ્લાનીંગ અનિવાર્ય છે.

આજે તો કારકિર્દીના કેટલા બધા ક્ષેત્રો : મેડિકલ, એન્જિનીયરીંગ, એમ.બી.એ., બેન્કીંગ, ચાર્ટર્ડ એકાઉન્ટન્સી, ફાર્મસી, કમ્પ્યૂટર, સ્પેસ ટેકનોલોજી, બાંધકામ ક્ષેત્ર, ફેશન ડિઝાઈનીંગ, કેમિકલ્સ, વગેરે વગેરે અનેકવિધ ક્ષેત્રો છે. માત્ર એન્જિનીયરીંગ - બોલવાથી પૂરતું નથી.

આગળ વિચારો - એન્જિનીયરીંગની કઈ બ્રાંચ ?

સિવીલ, મીકેનીકલ, ઈલેકટ્રીકલ, ઈન્સ્ટ્રુમેન્ટ એન્ડ કંટ્રોલ, પાવર, ટેક્સટાઈલ, માઈનીંગ, પ્લાસ્ટીક, ઓટોમોબાઈલ વગેરે તેમાંથી કઈ બ્રાંચમાં આગળ વધવું છે ?

હવે પ્રશ્ન આવે છે ?

નક્કી કરેલ ક્ષેત્ર માટે આપણી જાતને તૈયાર કરવી, પૂરી તૈયારી કરવી જોઈતા સાધનો, અભ્યાસ સામગ્રી એકઠી કરી, તેનાં ખર્ચનું આયોજન કરીને પછી આગળ વધવું.

તમો અને તમારા પુત્ર-પુત્રીને કારકિર્દીના વાર્તાલાપો, પ્રવચનો કે વાંચન માટે પ્રેરણા આપો, જે તે ક્ષેત્રના નિષ્ણાંતોને મળો, મોટા શહેરોમાં વ્યવસાયલક્ષી માર્ગદર્શન કેન્દ્રો હોય છે, એપ્ટીટ્યુડ ટેસ્ટની સુવિધા હોય છે, કારકિર્દી સલાહકારો (કેરિયર કાઉન્સિલર) હોય છે તેમનો સંપર્ક સાધી માહિતી માર્ગદર્શન મેળવો.

**સફળ કારકિર્દીમાં પાયાની શરત**

શરૂઆતમાં કારકિર્દી ઘડવા ઉચ્ચ તથા વ્યવસાયલક્ષી શિક્ષણમાં જોડાયા, અપેક્ષિત ધંધો, રોજગારી વગેરે મેળવી તેટલાથી જ જંગ જીતી જવાનો નથી, તમારી કારકિર્દી તથા જીવનની સફળતા માટે બીજા કેટલાંક ગુણો પણ કેળવવા પડશે.

દા.ત. તમારા ક્ષેત્રનાં સંબંધમાં બહાર પડતાં સામયિકો, પુસ્તકોનો અભ્યાસ, બીજા લોકો સાથે કેમ કામ કરવું, કેમ કામ લેવું (કઢાવવું) તેની આવડત, પત્ર-વ્યવહાર, બેકીંગ, કમ્પ્યૂટર, વાતચીત કરવાની કળા, તમારા સ્વાસ્થ્યને હંમેશાં સારૂ રાખવા જરૂરી કસૂરત, યોગ, યોગ્ય આહારની કાળજી, ધંધામાં તમારા હરીફો, નવી શોધખોળ, સંશોધનો, વગેરે બાબતોથી પણ તમારે માહિતગાર રહેવું પડે તો જ તમે સફળ કારકિર્દીના ઘડવૈયા બની શકો.

**ધોરણ-૧૨ પાસ કરેલ (સામાન્ય વિજ્ઞાન) વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને કારકિર્દી ઘડવા માટે સોનેરી સલાહ**

રેલ્વે સ્ટેશને ગાડી ઉપડી જાય તે દરમ્યાન યાત્રાળુઓ પોત પોતાના ડબ્બા (કોચ)માં પોતાના રીઝર્વેશન નંબરની સીટ ઉપર ગોઠવાઈને હાંસકારો અનુભવે છે - ધોરણ-૧૨ પાસ કર્યા પછી વિદ્યાર્થીઓ તથા વાલીઓ દોડાદોડી કરી કયા ક્ષેત્રમાં, કઈ કૉલેજમાં, કયા કોર્સમાં દાખલ થવું છે, તે બાબતે નિર્ણય લઈને નવા સત્રમાં, નવી કારકિર્દીની ગાડીમાં ગોઠવાઈ જાય છે. વાલીઓ પણ હવે નિરાંત અનુભવે છે. ચાલો, મારો પુત્ર-પુત્રી નવી કારકિર્દી શરૂ કરવાના મંગલાચરણ કરે છે.

અમારી સલાહ ધોરણ-૧૨ ની પરીક્ષા પછી જે વિદ્યાર્થી ભાઈ/બહેનો કારકિર્દી ઘડવા માટે કૉલેજો, કોર્સિસ કે સંસ્થામાં જોડાયા છે અથવા તો ગ્રેજ્યુએટ થયા કે થવાના છે, તેમના માટે છે.

**એક કાંકરે બે પક્ષી મારવા**

તમે નિર્ધારીત કરેલ લક્ષ્ય મુજબ જે અભ્યાસક્રમમાં જોડાયા છો. (દા.ત. મેડિકલ, એન્જિનીયરીંગ, એમ.બી.એ., કોમર્સ, વગેરે) તેનો અભ્યાસનો ગાળો, (ડીગ્રી- ૩ વર્ષ કે પોસ્ટ ગ્રેજ્યુએશન સુધી પાંચ વર્ષ કે જે હોય તે ગાળા દરમ્યાન જ તમારે તમારા અભ્યાસની સાથોસાથ એકસ્ટ્રા ટાઈમમાં તૈયારી કરવાની છે, આ તૈયારી સતત ૧ થી ૩ વર્ષ સુધી કરીને પછી તમારે પરીક્ષા આપવાની છે. (તમારા કૉલેજના અભ્યાસકાળ દરમ્યાન)

**યુ.પી.એસ.સી., જી.પી.એસ.સી. જાહેર પરીક્ષાઓ**

સમગ્ર ભારત દેશમાં ગઈકાલે, આજે અને આવતીકાલે કારકિર્દી ઘડતરમાં ઓલ ટાઈમ સુપર ગોલ્ડન લાઈન તરીકે જાહેર પરીક્ષા (કેન્દ્ર સરકાર સેવા)ને ગણવામાં આવે છે. જી હા, એટલા માટે કે આ પરીક્ષા ઉત્તીર્ણ કર્યા પહેલાં તમે કે તમારા વાલીને પ્રવેશ માટે, ભરતી માટે, પસંદગી માટે કોઈપણ તબક્કે ક્યાંય ડોનેશન દેવાનું હોતું નથી, ડૉક્ટર થવા માતા-પિતા પોતાના પુત્ર માટે મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવવા (ઓછી ટકાવારી)માં ડોનેશન આપે તથા સાડા પાંચ વર્ષ ફી, હોસ્ટેલ ફી વગેરેનો ખર્ચ ઉઠાવે, જે સહેજે ૮ થી ૧૫ લાખ સુધી પહોંચે, એ જ પ્રમાણે એન્જિનીયર કે બીજા ક્ષેત્રે માતબર ખર્ચ કરવો

પડે. પરંતુ જાહેર સેવા, સનદી સેવા, આઈ.એ.એસ. અથવા રાજ્યકક્ષાની જી.પી.એસ.સી. (કલાસ-ટુ)ની પરીક્ષાઓ, રેલ્વે બોર્ડ, બેન્કીંગ, રીક્રુટમેન્ટ બોર્ડ, વગેરે કક્ષા માટે તમારે ફોર્મ ભરીને સીધી પરીક્ષા જ આપવાની હોય, હા આવી પરીક્ષા આપવા માટે પદ્ધતિસરની તૈયારી કરવા, સારા કલાસમાં દાખલ થવા તથા જરૂરી પુસ્તકો વગેરેનો ખર્ચ કરવો પડે. પરંતુ આ ખર્ચ દરેકને પોષાય તેવો હોય છે.

સિવીલ સર્વિસ, સનદી સેવા, યુ.પી.એસ.સી.ની આઈ.એ.એસ. સહિતની કુલ ૨૪ પ્રકારની સેવા માટે દર વર્ષે નિર્ધારીત સમય પરીક્ષાઓ લેવાય છે. જેમાં ભારતભરમાંથી અંદાજે પાંચ લાખ યુવાનો સામેલ થાય છે.

આ પરીક્ષાઓનું સ્વરૂપ જોતાં તે પાસ કરવું ઘણું અઘરૂ છે, પરંતુ અશક્ય નથી. તાજેતરમાં તમોએ કંસારા ટાઈમ્સમાંથી નોંધ્યું હશે કે જોરાવરનગરના સુ.શ્રી. રમાબહેન તથા સ્વ. નવનીતરાય ખોખરાના સુપુત્રી શ્રીમતી જયદેવી તથા તેમના સુપુત્ર ચિ. પ્રકાંત જી.પી.એ.સી. કલાસ-ટુ ની જાહેર પરીક્ષામાં બંને ભાઈ-બહેન ઉત્તીર્ણ થઈને શ્રીમતી જયદેવી ટેક્સ ઈન્સ્પેક્ટર તરીકે તથા શ્રી પ્રકાંત પી.એસ.આઈ. તરીકે અમદાવાદમાં સેવા બજાવી રહ્યાં છે, બંને ભાઈ-બહેનની આયોજિત મહેનતે તેમના જીવનની દિશા બદલી નાંખી !

પરીક્ષામાં ઉત્તીર્ણ થયેથી જ તેમને તાત્કાલિક સરકાર નોકરીમાં નિમણૂંક કરી દે છે.

સારામાં સારા પગાર, અનેક પ્રકારની સવલતો, નિવૃત્તિ પછી પેન્શન અને નોકરીની સલામતી ઉપરાંત અમર્યાદિત સત્તા ! વિચાર કરો ! એક કલેકટર, નાયબ મામલતદાર, ડેપ્યુટી કલેકટર, પોલીસ અધિકારી કે ડીસ્ટ્રીક્ટ ફોરેસ્ટ ઑફિસર, એકાઉન્ટ ઓફિસર કે રેલ્વે અથવા ટપાલખાતાના અધિકારી !

**તૈયારી સનદી સેવા (યુ.પી.એસ.સી.) માટે કરો અને ભારતની કોઈપણ જાહેર સેવા પરીક્ષામાં બેસો !**

જો તમારા ઉચ્ચ અભ્યાસ (કૉલેજકાળ) દરમિયાન જ તમે જાહેર સેવાની પરીક્ષા આપવાની તૈયારી શરૂ કરી દો તો પછી કેન્દ્ર, રાજ્ય સરકાર તથા જાહેરક્ષેત્રોની ભરતી માટેની પરીક્ષામાં તમે આપોઆપ લાયકાત મેળવી શકો છો !

૧૦૦ કિ.ગ્રા. વજન ઉંચકવાની પ્રેક્ટિસ કરનાર યુવાન ૯૦ કિ.ગ્રા. વજન ઉંચકવાની હરિફાઈમાં ઉત્તીર્ણ થઈ જવાનો જ છે !

કારણ સરળ છે ! યુ.પી.એસ.સી.ની પરીક્ષાનું માળખું, તેના વિષયો તથા જી.પી.એસ.સી.ની પરીક્ષાનું માળખું તથા તેના વિષયો લગભગ સરખા છે !

એજ પ્રમાણે પરીક્ષાનું સ્વરૂપ-રેલ્વે બોર્ડ, બેન્કીંગ ભરતી બોર્ડ, વગેરે વગેરે જાહેર પરીક્ષા બોર્ડના છે !

દા.ત. યુ.પી.એસ.સી. પરીક્ષાના બદલાયેલા સ્વરૂપ મુજબ પ્રારંભિક પરીક્ષાના પ્રશ્નપત્ર બે છે, તેમાં ૨૦૦ માર્કસ, બે કલાક તથા એમ.ક્યુ.એસ. (બહુવિધ વિકલ્પ પદ્ધતિ) ઓબ્જેક્ટિવ ટેસ્ટ, આવું જ સ્વરૂપ જી.પી.એસ.સી.ની પરીક્ષાનું છે. તેમાં પણ પ્રારંભિક પરીક્ષા (૫૦૦ માર્કસ) હેતુલક્ષી (એમ.ક્યુ.એસ.) બહુવિધ વૈકલ્પિક પદ્ધતિ છે. બંનેમાં ઉંમર ૨૧ વર્ષથી ૩૦ વર્ષ સુધી છે. પ્રારંભિક તથા મુખ્ય પરીક્ષામાં પેપર પણ સમાન છે. આથી સ્પષ્ટ છે કે યુ.પી.એસ.સી.ની તૈયારી કરનાર વિદ્યાર્થી કદાચ આઈ.એ.એસ. પરીક્ષામાં સફળ ન થાય તો પણ તેની તૈયારીના આધારે યુ.પી.એસ.સી., બેંક, રેલ્વે, વગેરે વગેરે બોર્ડની સ્પર્ધાત્મક પરીક્ષામાં તો ચોક્કસ પાસ થઈ જવાનો ! (૧૦૦ કિ.ગ્રા. વજન ઉંચકવાની પ્રેક્ટિસ કરનાર ૯૦ કિ.ગ્રા. તો સરળતાથી ઉંચકી લેવાનો !) તેથી તમારા કૉલેજકાળનો સદ્‌ઉપયોગ કરો અને સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસવાનું ચાલુ કરો.

મહેનત કરનાર, અગાઉથી આયોજન કરીને, તૈયારી કરનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને નાસીપાસ થવું નહિ પડે. અરે એક કરતાં વધુ નોકરીની તકો તમારી પાસે ઉભી થશે, જરૂર છે કૉલેજકાળમાં જ જાહેર પરીક્ષાઓ આપવા માટેની સજ્જતા કેળવવાની !

**આપણાં સમાજના યુવા ભાઈ/બહેનોની મજબૂરી !**

તુલનાત્મક રીતે જોઈએ તો બીજા સમાજના વાલીઓ કે વિદ્યાર્થીઓની સરખામણીમાં આપણાં સમાજના વિદ્યાર્થીઓનું માનસ (તેના કારણમાં વાલી !) જાહેર પરીક્ષાની સજ્જતા તૈયારી કરવા ટેવાયેલું નથી.

આપણાં સમાજના મોટાભાગના વાલીઓ તેમના દિકરા-દિકરીને ઉચ્ચ શિક્ષણમાં આગળ મોકલે છે પરંતુ તેમના દિકરા/દિકરીની આંખોમાં કલેકટર, પોલીસ અધિકારી, બેંક મેનેજર કે સમાજ કલ્યાણ અધિકારી વગેરે વગેરે ક્ષેત્રોમાં તારે અધિકારી બનવાનું છે અને તૈયારી કરવાની છે તેવાં સ્વપ્નો આંજતા નથી !

વિવિવધ જાહેર સેવા બોર્ડની પરીક્ષાની જાહેરાત થાય અને આપણે ફોર્મ ભરી દઈએ. એટલા માત્રથી પાસ થઈ જવાતું નથી ! તેને માટે સતત બે-ત્રણ વર્ષ મહેનત કરવી પડે છે. એટલે જ કહું છું કે તમો ધોરણ-૧૨ પાસ કર્યા પછી ગમે તે ફેકલ્ટીમાં ગમે તે કૉલેજમાં પ્રવેશ મેળવો પરંતુ તે સાથોસાથ જાહેર સેવાની પરીક્ષા આપવા માટેનું આયોજન, તૈયારી અને સજ્જતા કેળવવાનું ચાલુ કરી દો ! પછી જુઓ તેનો ચમત્કાર!

**(સૌજન્ય : ટાઈમ્સ ઑફ કંસારા સમાજ)**

# અમેરિકા : સામાજિક લાક્ષણિકતાઓ

- અતુલ સોની

***મારા તાજેતરના અમેરિકાના પ્રવાસ દરમિયાન ત્યાંની રોજબરોજની જીંદગી, સમાજ વ્યવસ્થા, સરકારી વહીવટી, કાયદો વ્યવસ્થા વિગેરે બાબતો જાણવા મળેલ. આપણા દેશ અને સમાજના સંદર્ભમાં ત્યાંની વ્યવસ્થાની સરખામણી થઈ ના શકે. આથી માત્ર સાક્ષી ભાવે વિશ્લેષણ કરી ત્યાંની સામાજીક લાક્ષણિકતાની વિગત પ્રસ્તુત છે. આશા છે તે રસપ્રદ જણાશે.***

વર્તમાન સમયમાં સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારની સવલતો વધવાની સાથે સમગ્ર દુનિયા એક ગ્લોબલ વિશ્વ બની રહી છે. એક સમયે દૂર દેશાવર જણાતી વિશ્વના દેશો વચ્ચેનું અંતર જાણે ઘટી રહ્યું છે. વિશ્વની એક માત્ર મહાસત્તા ગણાતુ અમેરિકાથી ભારતમાં વસતા અનેક યુવાનોનું સ્વપ્ન પ્રદેશ Dream Destination બની ગયું છે. હજારોની સંખ્યામાં ઉચ્ચ શિક્ષિત યુવાનો-યુવતીઓ વધારે શિક્ષણ મેળવવા અને કારકિર્દીના ઉત્તમ ઘડતર માટે અમેરિકામાં સ્થાયી થઈ રહેલ છે. માત્ર ભારત જ નહીં વિશ્વભરના વિવિધ દેશોમાંથી ઉચ્ચ કૌશલ્ય ધરાવતા લોકો અમેરિકામાં રહી પોતાના જ્ઞાતિના ઉપયોગથી કારકિર્દીના ઉચ્ચ શિખરો સર કરેલ છે. અમેરિકાના આકર્ષણને સમજવા ત્યાંની સામાજિક લાક્ષણિકતાઓ જાણવી રસપ્રદ બની રહેશે.

***ઐતિહાસિક ભૂમિકા :***

ઈ.સ. ૧૭૭૬ થી બ્રિટનના તાબામાંથી મુક્ત થયું અને ઈ.સ. ૧૭૮૩ ની પેરિસ સંધિથી યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકા (USA) અસ્તિત્વમાં આવ્યું. શરૂઆતના ૧૩ રાજયોમાં ઓગણીસ અને વીસમી સદીમાં સમયાંતરે ૩૭ નવા રાજયો ઉમેરાયા. હાલમાં USA માં ૫૦ રાજ્યો છે જેમાંથી ૪૮ રાજ્યો એકબીજાથી સંલગ્ન છે પરંતુ અલાસ્કા અને હવાઈ બે રાજ્યો અમેરિકાની મુખ્ય ભૂમિથી દૂર આવેલ છે.

અમેરિકા ખૂબ વિશાળ દેશ છે. જે ૯૬ કરોડ વર્ગ કિલોમીટરમાં પથરાયેલ છે. જે ભારતના કુલ વિસ્તારથી આશરે ત્રણ ગણો વધારે છે. જ્યારે વસ્તીની સરખામણી કરીએ તો ભારતની ૧૨૫ કરોડની વસ્તી સામે સમગ્ર અમેરિકાની વસ્તી માત્ર ૩૦ કરોડ જેટલી છે. અમેરિકા આર્થિક રીતે ખૂબ સમૃદ્ધ રાષ્ટ્ર છે.

● ***વિદેશી વસાહતીઓનો દેશ અમેરિકા :***

અમેરિકા એક એવો દેશ છે જ્યાં દુનિયાભરમાં આવીને લોકો વસ્યા છે. અમેરિકામાં મૂળ વસાહતીઓની સંખ્યા જુજ પ્રમાણમાં છે. ઐતિહાસિક રીતે જોતાં સદીઓથી યુરોપના વિવિધ દેશોમાંથી વિવિધ લાક્ષણિકતાઓ ધરાવતી પ્રજા આવીને વસતી રહી. મૂળ અમેરિકન વસાહતીઓ 'રેડ ઈન્ડિયન' તરીકે ઓળખાય છે. હાલમાં અમેરિકામાં વસતા ભારતીયોની સંખ્યા ૧૭ લાખ જેટલી થાય છે. જેમાં ઘણા ભારતીયો સારા વ્યવસાય અને ઉચ્ચ પદો પર છે. ટેકનોલોજી ક્ષેત્રની વાત કરીએ તો ત્યાંના એક રાજ્ય કેલિફોર્નીયાના 'સીલીકોન વેલી' વિસ્તારમાં જ ટેકનોલોજી ક્ષેત્રમાં કાર્યરત ભારતીયોની સંખ્યા ત્રણ લાખથી વધારે છે. અને તેઓની સરેરાશ વાર્ષિક આવક બે લાખ ડોલર જેટલી થાય છે. આથી જ ભારતના શિક્ષિત યુવાવર્ગમાં ઉચ્ચ કારકિર્દી માટે આ એક સ્વપ્ન પ્રદેશ તરીકે આકર્ષણ રહેલ છે.

● ***વિવિધતા અને સમાનતા :***

અમેરિકન સમાજની એક ખૂબ મહત્વની લાક્ષણિકતા એ છે કે અહીં અનેક જાતિ, ધર્મ, અને વિવિધ રીત રિવાજોને માનતી પ્રજા રહેતી હોવા છતાં દરેક નાગરિક માટે સમાનતાના સિદ્ધાંતને મજબૂતીથી સ્વીકારવામાં આવેલ છે. વર્ષો પૂર્વે અમેરિકામાં ગોરા-કાળાના રંગભેદથી ખૂબ સંઘર્ષ થયા. તે સ્થિતિ 'સિવિલ વોર' તરીકે ઓળખાય છે. પરંતુ ત્યારબાદ રંગભેદને મહદ્અંશે નાબુદ કરી અમેરિકાની લોકશાહી મજબૂત બની છે. હવે કોઈપણ વંશીય ભેદભાવને ગુન્હારૂપ ગણવામાં આવે છે. હજુ કેટલાક વિસ્તારોમાં રંગભેદના નાનામોટાં બનાવો બને છે પરંતુ સરકાર અને સમાજ વધારે જાગૃત છે.

● ***વ્યક્તિ સ્વાતંત્ર્ય :***

વ્યક્તિ સ્વાતંત્ર્ય એ અહીંની ખૂબ મહત્ત્વની લાક્ષણિકતા છે. અમેરિકન વિચારધારા મુજબ દરેક વ્યક્તિ જન્મથી જ સ્વતંત્ર છે. વ્યક્તિ સ્વાતંત્ર્ય માટે વધારે અધિકારો આપવામાં આવેલ છે. કોઈપણ વ્યક્તિ જ્યાં સુધી બીજી વ્યક્તિને કે સમાજને નુકશાન ન કરે ત્યાં સુધી તે કંઈ પણ કરે તેને કોઈ રોકી શકે નહીં. આપણા દેશના સંદર્ભમાં વિચારીએ તો ત્યાંની વ્યક્તિ સ્વાતંત્ર્યતા આપણે હદથી વધારે લાગે. અહીં પરિવારમાં પણ દરેક વ્યક્તિને સંપૂર્ણ સ્વતંત્રતા મળે છે. નાના બાળકની

સાથે માતા-પિતા પણ વધારે સખ્ખાઈ દાખવે તો પણ ગુન્હો બને. વ્યક્તિ સ્વાતંત્ર્યના ખ્યાલને કારણે ત્યાંની પરિવાર વ્યવસ્થા અહીંની પરિવાર વ્યવસ્થાથી અલગ પડે છે. ત્યાં દરેક વ્યક્તિને સ્વમાનથી રહેવું ગમે છે. કિશોર અવસ્થા બાદ પુખ્તવયના પુત્ર-પુત્રી માતા-પિતા સાથે ન રહેતા પોતે જાતે કમાઈ - સંઘર્ષ કરી પોતાની રીતે પોતાની જીંદગી જીવતા જણાય છે. આ ત્યાંની સંસ્કૃતિનો જ એક ભાગ છે તેથી તેમાં કોઈને અજુગતુ જણાતું નથી.

**● *સામાજીક સુરક્ષા :***

અમેરિકા એક સમૃદ્ધ રાજ્ય છે. ત્યાં દરેક નાગરિક માટે સામાજીક સુરક્ષાની વ્યવસ્થા છે. દરેક વ્યક્તિનો સામાજીક સુરક્ષા માટે Social Security નંબર અપાય છે. અમેરિકન નાગરિક પોતાની જાતે કોઈ કામ ન કરી શકે, નોકરી ગુમાવે અથવા કામ કરવા અશક્તિમાન હોય ત્યારે તેની આજીવિકા માટે સરકાર તરફથી નિશ્ચિત રકમ ચૂકવવામાં આવે છે જેને બેકારી ભથ્થું કહી શકાય. વૃદ્ધાવસ્થામાં દરેક નાગરિકને પેનશન મળે છે. જેનાથી તેઓ ગૌરવપૂર્વક જીવી શકે છે.

વિકલાંગ વ્યક્તિઓ માટે અમેરિકામાં ખૂબ સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે. તેમની સુવિધા જળવાય તે માટે દરેક ખાનગી કે જાહેર સ્થળે તેમના માટે અલગથી પાર્કિંગની વ્યવસ્થા હોય છે. દરેક બિલ્ડિંગમાં વ્હીલચેર જઈ શકે તે માટે ઢાળ બનાવવામાં આવે છે. જાહેર સ્થળોએ શૌચાલયમાં પણ વિકલાંગ વ્યક્તિને તકલીફ ન પડે તે માટે વિશેષ વ્યવસ્થા ફરજીયાતપણે કરવામાં આવે છે.

**● *સમાજજીવનમાં પ્રમાણિકતા :***

આપણા દેશમાં ડગલે ને પગલે ભ્રષ્ટાચાર અને અપ્રમાણિક વ્યવહારનો આપણે અનુભવ થાય છે ત્યારે અમેરિકા જેવા દેશમાં સમાજ જીવનના પ્રમાણિકતાનું મૂલ્ય જોઈ આશ્ચર્ય થાય છે. સરકારી ક્ષેત્રોમાં કદાચ ઉચ્ચ સ્તરે ભ્રષ્ટાચાર થતો હશે પરંતુ રોજબરોજના જીવનમાં ક્યાંય કોઈ ભ્રષ્ટાચાર દેખાતો નથી. આના કારણે સરકારી વ્યવહાર ખૂબ પારદર્શી બને છે. કાયદાનું પાલન કોઈની શેહશરમ રાખ્યા વગર થાય છે. કદાચ ભ્રષ્ટાચાર ન હોવાને કારણે અમેરિકાનો આટલો વિકાસ થઈ શક્યો હશે. દરેક નાગરિકને ખોરાક, પાણી અને હવા શુદ્ધ સ્વરૂપે મળે તે માટે કડક ધોરણો અપનાવવામાં આવેલ છે. ખાદ્યપદાર્થ માટે દુનિયામાં સૌથી કડક માપદંડ સ્વીકારવામાં આવેલ છે. માત્ર સરકારી ક્ષેત્રો જ નહીં, સામાન્ય વ્યવહારમાં લોકોની પ્રમાણિકતા જણાઈ આવે છે.

**● *ટ્રાફિક વ્યવસ્થા :***

અમેરિકાના પ્રવાસે જતાં ભારતીયોને ત્યાંની ટ્રાફિક વ્યવસ્થા અને નિયમના ચુસ્ત પાલન જોઈ આશ્ચર્ય થાય છે. સામાન્ય રીતે અમેરિકાને મોટર કારનો દેશ કહેવાય છે. રસ્તાઓની રચના એવી રીતે કરવામાં આવે છે કે મોટરકારના ટ્રાફિકને સંચાલિત કરી શકાય. યોગ્ય ઈન્ફ્રાસ્ટકચર અને નિયમ પ્રત્યેની પ્રતિબદ્ધતાને કારણે ટ્રાફિક વધારે હોવા છતાં તે સુચારૂ ઢબે ચાલતો રહે છે. હાઈવે પર એક સાથે ૧૨ જેટલા વાહનો એક સાથે સમાંતર રીતે ચાલે તે રીતે લાઈન હોય છે. જે પૈકી બન્ને બાજુ એક એક લાઈન હંમેશા ખાલી રહે છે જેના પર પોલીસ અથવા એમ્બ્યુલન્સ જઈ શકે.

ટ્રાફિક સિગ્નલનું ચુસ્ત પાલન થાય, રાત્રે કોઈ રોડ પર ન હોય તો પણ લાલ લાઈટ થાય ત્યારે તમામ વાહનો થંભી જાય. માત્ર હાઈવે જ નહીં તમામ નાના રસ્તા કે સોસાયટીમાં પણ ટ્રાફિક નિયમનું ચુસ્ત પાલન થાય.

**● *સારવાર વ્યવસ્થા :***

અમેરિકાની ઘણી વ્યવસ્થાઓ સારી રીતે આકર્ષક છે. આમ છતાં ત્યાંની મેડીકલ સીસ્ટમ ખૂબ જટીલ અને ક્યારેક મુશ્કેલીરૂપ થાય છે. ભારતમાં આજે પણ ત્યાંના પ્રમાણમાં ખૂબ ઓછા ખર્ચ અને જહેમત વગર સારી સારવાર થાય છે તે હકીકત છે. અમેરિકામાં એપોઈન્ટમેન્ટ વગર ડોકટરને મળવું ખૂબ મુશ્કેલ છે, તો બીજી તરફ ડોકટરની એપોઈન્ટમેન્ટ મેળવતા અઠવાડિયા કે મહિનાઓ લાગી જાય. ઈમરજન્સીમાં સારવાર જોઈએ તો તે ચાર્જ ખૂબ જ વધારે હોય, જે સામાન્ય વ્યક્તિને ના પોષાય. બીજું, ત્યાં દરેક વ્યક્તિ પાસે મેડીકલ ઈન્સ્યોરન્સ હોય છે. વીમા પોલીસી વગર ત્યાં રહી જ ન શકાય. વીમા કંપની, હોસ્પિટલ અને દવા કંપનીઓના ચક્રવ્યૂમાંથી બહાર નીકળવું મુશ્કેલ છે. હોસ્પિટલમાં સારવારનું ધોરણ ઊંચુ હોય છે. પરંતુ ખર્ચ પણ વધારે આવે છે. આથી ત્યાં વસતા ભારતીયો શક્ય હોય ત્યાં સુધી સર્જરી - સારવાર માટે ભારત આવે છે અને અહીંનું મેડીકલ ટુરિઝમ વિકસી રહેલ છે.


અમેરિકન સમાજની કેટલીક લાક્ષણિકતા વિશે જે અનુભવે જાણવા મળેલ છે તેની આછેરી ઝલક આપવામાં આવેલ છે. અહીંની વ્યવસ્થા સાથે સરખામણી કરવાનો ઉદ્દેશ્ય નથી. અનેક ક્ષેત્રમાં ભારતીય વ્યવસ્થા ખાસ કરીને કુટુંબ વ્યવસ્થા સારી છે.

# ભૂતાન - એક નાનકડા દેશની મજાની વાતો

- પ્રો. રસિકભાઈ મહિચ્છા (આદિપુર)

રળિયામણા પ્રદેશના રળિયામણા લોકોનો દેશ એટલે ભૂતાન. ભારતના ઉત્તર પૂર્વીય રાજ્યો જેવા કે સિક્કિમ, આસામ અને અરૂણાંચલ પ્રદેશ વચ્ચે આવેલો આ નાનકડો પ્રદેશ કે હિમાલયની ગોદમાં આવેલું ભારતનું એક ઉત્તર પૂર્વીય રાજ્ય હોય તેવું લાગે. પરંતુ તે સ્વતંત્ર અને સાર્વભૌમિક દેશ છે. તેની ઉત્તર સરહદે ચીન આવેલું છે. એકલું-અટુલું એવું ભૂતાનને આજથી ચાલીસ વર્ષ પહેલા કોઈ ઓળખતું પણ નહોતું. પરંતુ જ્યારે ૧૯૭૪માં જ્યારે વિશ્વના પ્રવાસીઓ માટે તેની સીમાઓ ખુલી થઈ ત્યરે માત્ર આઠ લાખની વસ્તી ધરાવતા આ ટચુકડા દેશ અને તેના સ્વતંત્ર અસ્તિત્વની વૈશ્વિક પહેચાન થઈ. ભૂતાનનું ભૂટાનીઝ નામ દ્રુક યુલ છે જેનો અર્થ થન્ડર ડ્રેગોનનો પ્રદેશ એવો થાય છે.

ઉત્તર બંગાળમાં આવેલા સરહદી શહેર જયગાવ અર્ધુ ભારતમાં છે અને અર્ધું જે ભૂતાનમાં આવેલું છે તેનું નામ કુએન્ટસોલોંગ છે. ભૂતાન જવા માટે ભારતના નાગરિકતાનો પુરાવાઓ તરીકે ચુંટણી કાર્ડ રજૂ કરીને તેની ઈમિગ્રેશન ઓફિસનું એક ફોર્મ ભરીને માત્ર પરમીશન લેવી ફરજીયાત છે. પરંતુ પાસપોર્ટ અને વિઝાની જરૂર નથી. ભૂતાનની મુલાકાત દરમ્યાન કયા શહેર અથવા ગામની મુલાકાત લેવાની છે તે ફોર્મમાં દર્શાવવી પણ એટલી જ જરૂરી છે.



હાલ ભૂતાનમાં બંધારણીય રીતે રાજાશાહી છે. ૧૮૬૫ માં ભૂતાન અને તે વખતની ભારતની બ્રિટીશ સરકાર વચ્ચે સીન્યુલું નામના કરાર થયા હતા. જેની અંતર્ગત ભૂતાન ભારતીય સરહદની નજીકનો પ્રદેશ બ્રિટીશ સરકારને આપેલ હતો અને તેના બદલે બ્રિટિશ સરકાર ભૂતાનને સાલિયાણું આપતી હતી. ત્યારબાદ ભારત જ્યારે સ્વતંત્ર થયું ત્યારે ભારત સરકારે ભૂતાનનો પ્રદેશ પરત કર્યો અને બ્રિટીશ સરકાર સાથે થયેલો કરાર નાબૂત કરી ભારત સરકારે ભૂતાન સાથે નવો રોલ પ્રસ્થાપિત કર્યો. તે પ્રમાણે ભૂતાન તેનાં આંતરિક વહિવટમાં સ્વતંત્ર બન્યું. ભૂતાનના સંરક્ષણ અને વિદેશ નીતિની જવાબદારી ભારતે સ્વીકારી છે. ભૂતાનના નાગરિકો ભારતમાં આવી જઈ શકે છે. ૨૦૦૫ માં ભૂતાનના રાજા જીગ્મે સિંગ્યે વાન્ચૂક લોકશાહી સ્વરૂપના બંધારણીય સુધારા દાખલ કરી લોકશાહી સરકારને વધુ જવાબદારી સોંપી અને તેની જાહેર મંજૂરી માટે રાષ્ટ્રીય રેફેરેન્ડમની પણ માંગ કરી હતી. તે મુજબ ભૂતાનની પહેલી પાર્લામેન્ટ ૨૦૦૭માં રચવામાં આવી અને ત્યારથી બંધારણીય લોકશાહીની શરૂઆત થઈ છે. ભૂતાનની સૌ પ્રથમ સામાન્ય ચુંટણીઓ માર્ચ ૨૦૦૮માં યોજાઈ હતી અને તેમાં રાજાશાહીની તરફેણ કરતી ભૂતાન હાર્મોની પાર્ટીને બહુમતી પ્રાપ્ત થઈ હતી. ત્યારથી ભૂતાને પોતાના લોકતંત્રને પરંપરાગત રાજાશાહીમાંથી બંધારણીય રાજાશાહીમાં પ્રસ્થાન કરાવ્યું. રાજા જીગ્મે સિંગ્યે સ્વેચ્છાએ પોતાના મોટા ભાગની વહીવટીય સત્તાઓ પાર્લામેન્ટની કેબિનેટ મીનીસ્ટરની કાઉન્સિલને સોંપી દીધી. ભૂતાન-યુનોનું પણ સભ્ય છે અને સાર્ક દેશોની સંસ્થાનું પણ સક્રિય સભ્ય છે એટલું જ નહિ પરંતુ ભૂતાને એક વખત આંતરરાષ્ટ્રીય સાર્ક સંમેલનનું પણ આયોજન કરેલું છે.


ભૂતાનના યુવાન અને સોહામણા પાટવીકુંવર જીગ્મે ખેસર નામગ્યાલ વાન્છુક ૨૦૦૬ થી રાજગાદી પર આવ્યા. પીપલ્સ ડેમોક્રેટીક પાર્ટીના નેતા તેશારીંગ તોગ્બે વર્તમાન પ્રાઈમ મીનીસ્ટર તરીકે ચૂંટાયા છે. ભૂતાનીઝ લોકો તેના રાજાને ખૂબ ચાહે છે. થીન્ફું અને પારો શહેરના દરેક દુકાન, હોટેલ અને ઓફીસોમાં તેના રૂપાળા રાજા-રાણીના ફોટા અવશ્ય જોવા મળે છે. કોઈ પણ જાહેર સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌ પ્રથમ તેના રાજા રાણીને યાદ કરવામાં આવે છે. ભૂતાનનું પોતાનું અલગ ચલણ છે જેને સામાન્ય તરીકે ભૂટાનીઝ રૂપિયો કહે છે અને તે ભારતીય એક રૂપીયો બરાબર ગણવામાં આવે છે. તેમ છતાં ભારતીય ચલણ ચાલે છે અને દરેક વ્યાપારી સ્વીકારે છે.

ભૂટાનીઝ લોકો ચુસ્ત બુદ્ધ ધર્મ અનુસરે છે. ભૂતાનમાં સેંકડો બૌદ્ધ મંદિરો આવેલા છે જેને બૌદ્ધ મોનાસ્ટ્રીઝ કહેવામાં આવે છે. બૌદ્ધ સાધુઓને લામા કહે છે અને તેઓ મરુન અને પીળા કલરના લાંબા વસ્ત્રો પહેરીને ફરતા દેખાતા હોય છે. બૌદ્ધ મોનાસ્ટરીમાં પ્રથમ બુદ્ધ અને બીજા બુદ્ધ પદ્મનાભ સ્વામીની વિશાલ કદની કાંસ્ય અથવા સુવર્ણ જડિત પ્રતિમાઓ મુકવામાં આવે છે. એ લોકો એવું માને છે કે બીજા અને ત્રીજા બુદ્ધ પણ

થઈ ગયા છે. વર્તમાન રાજાના પિતા શ્રી જીગ્મે સિંગ્યે વાન્છુક ચુસ્ત વજયાન બુદ્ધ ધર્મ પાળતા હતા. તેથી વજયાન બુદ્ધ ધર્મ એ ભૂતાનનો રાષ્ટ્રીય ધર્મ ગણાય છે. અલબત્ત બીજા નંબરનો મુખ્ય ધર્મ હિંદુ ધર્મ છે. ભૂતાનના રાજકીય વહીવટમાં પણ લામાઓનું મહત્ત્વ ગણાય છે.

***ગ્રોસ નેશનલ હેપીનેસ***

વર્તમાન અર્થતંત્રમાં કોઈ પણ દેશની પ્રગતિનું માપ ગ્રોસ નેશનલ પ્રોડક્ટમાં માપવામાં આવે છે. પરંતુ ભૂતાનના રાજાએ દેશની અબાદી અને ઉન્નતિનું માપ ગ્રોસ નેશનલ હેપીનેસ માપવાની ફીલોસોફી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ૧૯૭૨ માં રજૂ કરી સમસ્ત વિશ્વને દેશની આબાદીનો એક નવો જ કન્સેપ્ટ આપ્યો છે. સુખ માટે આર્થિક ઉન્નતિ જરૂરી છે પરંતુ આર્થિક સદ્ધરતા હોવા છતાં સુખી હોવું જરૂરી નથી. વિશ્વના ઘણા રાષ્ટ્રોએ નાનકડા ભૂતાનના ગ્રોસ નેશનલ હેપીનેસના વિચારને સહર્ષ સ્વીકારી પોતાના દેશના પ્રગતિના માપદંડ બદલી નાખ્યા છે.



હવે આપણે ભૂતાનની ભૂગોળ જોઈએ. પહાડો, ખીણો અને નદીઓમાંથી રૂમઝુમ વહેતા ઝરણાઓના આ રહસ્યમય પ્રદેશમાં પ્રાકૃતિક સૌંદર્ય ખોબે-ખોબે ભર્યું છે. હિમાચ્છાદિત પર્વતમાળાઓ, ફૂલોની ઘાટીઓ, ઠેર ઠેર વહેતા ઝરણાઓ, ડાંગરના લીલાછમ ખેતરો અને વાતાવરણમાં પ્રસરેલી ઠંડક (મે માસમાં ઉષ્ણતામાન ૧૭ ડીગ્રી) જોઈને આપણા જેવા સુકા પ્રદેશના કચ્છી લોકો ગાંડા થઈજાય એમ છે. પારો શહેરમાં ગામની વચ્ચેથી સુંદર પારો નદી જોઈને અમે ખુશ થઈ ગયા. પારો નદીની બાજુમાં ભૂતાનનું એકમાત્ર વિમાનમથક કે જેનો રન-વે સમગ્ર વિશ્વ સૌથી નાનો છે તે આવેલું છે. થીમ્કું ભુતાનનું પાટનગર છે. જ્યારે પારો પણ સુંદર અને નાનું શહેર છે. ભૂતાનના કુલ ૨૦ જિલ્લાઓ છે. ભૂતાનને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે જેને પૂર્વ, મધ્ય અને પશ્ચિમ ભૂતાન કહેવાય છે. ભૂતાનની ઉત્તરમાં હિમાલયના ઉત્તુંગ શિખરોની વિશાળ પર્વતમાળા આવેલી છે, જે ચીન અને તિબેટથી ભૂતાનને જુદા પાડે છે. તેના પર બારે માસ બરફ છવાયેલો રહે છે. અલબત્ત શિયાળામાં હિમવર્ષા અને બરફના તોફાનો થાય છે. ઘણી જગ્યાએ બરફ છવાઈ જાય છે અને અતિશય ઠંડી પડે છે. પર્વતાળ પ્રદેશને કારણે સપાટ ખેતીલાયક જમીન ઓછી છે. તેથી ખેતી ઓછી છે, છતાં પારો અને અન્ય નદીઓની ખીણમાં થોડું ડાંગરનું વાવેતર થાય છે.

મોન્ગોલોઈડ લક્ષણો ધરાવતા ભૂતાનીઝ લોકો રૂપાળા હોય છે. તેઓ પરંપરાગત પોષાક પહેરે છે. પુરૂષો ઘુટણ સુધી લંબાઈ ધરાવતું અને કોટ જેવું અને કમરપટ્ટો બંધાય તેવું અંગવસ્ત્ર પહેરે છે. જેને તેઓ 'ઘો' કહે છે. સ્ત્રીઓ 'કિરા' પહેરે છે. જે લુંગી જેમ કમર પર વીંટાળીને પહેરવામાં આવે છે. તેઓ આછા રંગના અને બદામી અથવા ભૂરી ચેક્સ અથવા લાઈનવાળી ડીઝાઈન પસંદ કરે છે. કોલેજ અને સ્કૂલમાં ભણચા છોકરા-છોકરીઓ આધુનિક જીન્સ અને ટીશર્ટ પહેરે છે. હિન્દી ફિલ્મોનું સંગીત માણતા હોય છે. ભૂતાનીઝ સ્ત્રીઓ ખૂબ મહેનતું હોય છે. તેઓ વ્યાપાર, વ્યવસાય, હોટેલ અને રેસ્ટોરન્ટ જાતે ચલાવતી હોય છે. અમે થીમ્કુંમાં મુખ્ય રોડ પર આવેલી હોટેલ ડેન્સમાં ઉતર્યા હતા અને પારોમાં હોટેલ પારોમાં ઉતર્યા હતા. બંને હોટેલનું સંપૂર્ણ સંચાલન સ્ત્રીઓ કરતી હતી. ભૂતાન અવિકસિત અને ગરીબ દેશ હોવા છતાં યુનાઈટેડ નેશન્સના સર્વે મુજબ સુખી દેશ ગણાય છે.

થીમ્કું એ ભૂતાનની રાજધાની છે અને દેશના વહીવટનું વડું મથક અને વ્યાપારનું પણ કેન્દ્ર છે, થીમ્કુંની આજુબાજુના વિસ્તારમાં ઘણા જોવાલાયક સ્થળો આવેલા છે. અમે ચોર્તેમ મોનાસ્ટ્રીની મુલાકાત લીધી. તેમાં સંખ્યાબંધ બૌદ્ધ લામાઓ તેના ધર્મ પુસ્તકો વાચતા અને માળા કરતા જોવામાં આવ્યા. સંખ્યાબંધ બાળ લામાઓ પણ ધર્મ પુસ્તકોમાંથી કશુક રટણ કરતા હતા. બુદ્ધ પોઈન્ટ કહેવાતા સ્થળ પર બુદ્ધની પિત્તળ જેવા ધાતુની મહાકાય પ્રતિમા જોઈ, ત્યાંથી થીમ્કું ખીણનું સુંદર દૃશ્ય ઉભું થતું હતું. જેમાં પરંપરાગત સ્થાપત્યમાં નિર્માણ થયેલું ભૂતાન રાજ્યનું સચિવાલય જોઈ શકાતું હતું. થીમ્કું શહેરની પર મુખ્ય કહેવાતી બજાર પણ જોઈ. ત્યાં ઘણા રેસ્ટોરન્ટ, હોટેલ અને મોલ્સ આવેલા હતા. ક્લોક ટાવર એ શહેરનું મુખ્ય સેન્ટર હતું. અમે ગયા ત્યારે ત્યાં ઘણા લોકો એકઠા થઈને ફૂડ ફેસ્ટિવલ નામનો કાર્યક્રમ જોતા હતા. પંદર-વીસ વર્ષના છોકરાઓ ભૂટાનીઝ સંગીત પર નૃત્ય અને અંગ કસરતના દાવો કરતા હતા.

બીજે દિવસે સવારે થીમ્કું થી પારો શહેર જતા અમે ડો-ચુલા પાસ થઈને ગયા. લગભગ ૧૧૦૦૦ ફૂટની ઉંચાઈએ

આવેલા આ પાસ ખૂબ સુંદર અને રમણીય સ્થળ છે. ત્યાં સંખ્યાબંધ બૌદ્ધ સ્તુપો બનાવેલા છે. જેની સામે એક સરસ થ્રી સ્ટાર સ્ટાન્ડર્ડની હોટેલ પણ છે. વાદળાઓના ઝુંડ અમારા વચ્ચે થઈ પસાર થતા હતા, જેનો રોમાંચક અનુભવ થયો. બપોરના લંચ સમયે અમે પારો પહોંચી ગયા.

દ્રકગ્યાલ જોંગની મુલાકાત લીધી. એક ટેકરી પર મોટા કિલ્લો બાંધેલો હતો અને તે કાળક્રમે જર્જરિત થઈ ગયો હતો. એવું કહેવામાં આવ્યું કે ભૂતાનીઝ રજવાડાએ આ કિલ્લો તિબેટના આક્રમણને ખાળવા માટે બનાવેલો હતો. દૂરથી ટાઈગર નેસ્ટજોંગ જોયું. ત્યાં ભૂતાનની ખૂબ જ પવિત્ર માનવામાં આવતી તાકત્સંગ મોનાસ્ટ્રી આવેલી છે. આઠમી સદીમાં ગુરુ પદ્મસંભવ ભગવાન વાઘ પર સવાર થઈને અહીં આવ્યા હતા અને અહીંના રહેવાસીઓને દાનવોના ત્રાસમાંથી મુક્ત કર્યા હતા. ત્યારબાદ તેમણે અહીં ત્રણ મહિના સુધી તપશ્ચર્યા કરી હતી. તાકત્સંગ ગોમ્બા મોનાસ્ટ્રીના દર્શન કરવા દૂર દૂરથી ભૂતાનીઝ લોકો આવે છે. પાઈનના જંગલો અને રોહોડોડેન્ડ્રોન ફૂલો વચ્ચે ઘેરાયેલો આ વિશાલ અને વિસ્મય બૌદ્ધ મંદિર ખૂબ ઉંચા પર્વતની ધાર પર લટકી રહેલું હોય તેવું લાગે છે. એકલા પારો વિસ્તારમાં ૧૦૦ થી વધુ બૌદ્ધ મંદિરો અને મોનાસ્ટ્રીસ આવેલા છે. પરંતુ અમે ખૂબ થાકી ગયા હતા અને અંધારું પણ થતું, એટલે અમે પારો ખીણમાં નીચે ઉતરી અને થોડું બજારમાં ફરી હોટેલ પર પહોંચી ગયા.

બીજે દિવસે સવારે ચા, નાસ્તો કરી ચેલી - લા પાસ જોવા ગયા. ૧૩૦૦૦ ફૂટની ઉંચાઈએ મોટરેબલ રોડ ધરાવતો પારો ખીણની પશ્ચિમે આવેલ આ પાસ ખૂબ અદ્‌ભૂત છે. વાદળા વચ્ચે ઉભા રહી હિમાલયની પર્વત શ્રૃંખલાઓનું અવિસ્મરણીય સૌન્દર્ય માણતા હતા. વાતાવરણમાં હલકી ઠંડી હતી. કોઈક અજાણ્યો માણસ થર્મોસ લઈને ચા વેચતો જોયો એટલે અમે બધાંએ ચા પીધી. ત્યાં અચાનક ડ્રાઈવરે હોર્ન વગાડી અમારૂ ધ્યાન દોર્યું. તેણે અમને કહ્યું કે જયગાવ હજુ ૧૯૦ કી.મી. દૂર છે માટે હવે જલ્દી નીકળતા થઈએ. સાંજ પડતાં અમે જયગાવ પહોંચી ગયા. ત્યાં રાત રોકાઈને બીજે દિવસે લંચ પછી નજીકના રેલ્વે સ્ટેશન - અલીપુરદ્વાર ગયા અને ત્યાંથી બ્રહ્મપુત્ર મેલ દ્વારા દિલ્હી પહોંચી ગયા.



# મિત્રતા

**- દિપ્તી પી. ગુજરાતી ભુજ-કચ્છ**

મિત્રતા સંસારનો સર્વશ્રેષ્ઠ સબંધ છે. ઘણીવાર ઈશ્વર આપણા મિત્રના હૃદયમાં વસતા હોય છે. મિત્ર બનીને પડખે ઊભા રહેતા હોય, મિત્રની વાણીથી આપણને માર્ગદર્શન આપતા હોય છે. એક સજ્જન મિત્રની દોસ્તી જિંદગીની આખી વ્યાખ્યા બદલાવી નાખે છે.

બે સખી અથવા મિત્રો વચ્ચે લાગણીથી મિત્રતા ગાઢ બને છે. અને જીવનભર ટકે છે અને પરસ્પર વિશ્વાસનું પ્રમાણ વધે છે. અમુક લોકો સગાં કરતાં મિત્રોનું મહત્વ વધારે આપે છે. મિત્રતા આપણને કોઈની પણ સાથે થઈ શકે, મિત્રતાનો સબંધ જાળવવા માટે તેની ભૂલને સાચા દિલથી માફી માંગવી તથા સારા-નરસાં પ્રસંગોને સાથે રહેવું. આપેલા વચન પાળવા અને મિત્રને વફાદાર રહેવું. તેની ગેરહાજરીમાં ટીકા કરવી નહીં અને ખાસ તો નિઃસ્વાર્થ પ્રેમ આપવો જોઈએ તો દોસ્તીમાં તિરાડ નથી પડતી.

મિત્રનો સબંધ એવો છે જેમાં નફો-નુકશાન તથા લાભ-હાનિનો વિચાર કરવામાં આવતો નથી. બંને મિત્રો એકબીજાની ખૂબીઓ અને ખામીઓ સાથે એકબીજાનો સ્વીકાર કરતા હોય છે. તેથી જ મિત્ર દિલની બિલકુલ નજીક રહે છે.

જ્યાં સુધી મિત્રના સબંધનું ઉપયોગિતામાં રૂપાંતર થતું નથી ત્યાં સુધી સબંધની પવિત્રતા જળવાય છે. તો જ આપણે કૃષ્ણ અને સુદામા જેવા મિત્રના સબંધની ગરિમા જાળવી કહેવાય.

જ્યારે બે વ્યક્તિના સબંધ બંધાય ત્યારે પહેલા તો બન્નેનું વર્તન એકબીજા સાથે ખૂબ સહકારભર્યું અને હકારાત્મક હોય તો જ મિત્રતાનો સબંધ જાળવી શકાય છે. એકબીજાને સમજી વિચારીને નિઃસ્વાર્થ પ્રેમ આપવો. મિત્રની ખાનગી વાતો મરતાં સુધી જાળવી રાખવી કેમ કે એક પ્રેમ અને વિશ્વાસથી એકબીજા દોસ્ત તેમની સાથે સુખદુઃખની વાતો કરે છે. તેથી વિશ્વાસને તોડવો નહિ. ખૂબ જ સારી રીતે મિત્રતા નિભાવવી.

સુખ દુઃખ તો આવ્યા કરે છે, ત્યારે દુઃખમાં એકલતાનો અનુભવ કરીએ છીએ પરંતુ જો આપણા જીવનમાં એક સાચો મિત્ર મળશે તો જીવનમાં કોઈ પણ તકલીફ દૂર થઈ જાય છે. મિત્રનો સબંધ ઉપયોગીતા પૂરતુ હોતું નથી પરંતુ પ્રેમથી સબંધની પવિત્રતા જળવાઈ તે માટે હોય છે. કૃષ્ણ સુખી છે, સુદામા દુઃખી છે, દુઃખી પોતાનું દુઃખ કહેતો નથી અને સુખી (કૃષ્ણ) હાથોહાથ દુઃખી (સુદામા) તે કંઈ આપતો નથી, છતાં છેવટે તો બંને સમાન સુખના હક્કદાર બને છે.

# કચ્છમાં આવેલ શક્તિ મંદિરો

- જયંતગિરિ પી. ગોસ્વામી

● ***શ્રી ઉમિયા માતાજી : વાંઢાય : (તાલુકો : ભુજ, ભુજથી અંતર ૨૫ કિ.મી.)*** ભુજથી નખત્રાણા રોડ ઉપર ડાબી તરફ આવેલું કચ્છના પાટીદાર પટેલ લોકોનું મોટું યાત્રાધામ છે. અહીંયા એમના કુળદેવીશ્રી ઉમિયા માતાજીનું ભવ્યતા ધરાવતું સુંદર મંદિર ઉંચા પડથારે આવેલું છે તેમજ હમલા દ્વારાથી અહીં સ્થિર થયા પછી શ્રી સંત વાલદાસજી સુધીનાં સંતોએ આ સ્થાનનાં વિકાસ માટે કચ્છનું કોડીલું તીર્થ બનાવ્યું છે. આ પરંપરાના મહંતોને ભાનુશાળી જ્ઞાતિ સમાજના લોકો આદરણીય સ્થાને માને છે. આ યાત્રાધામની અંદર રૂપિયા એક કરોડના ખર્ચે ભવ્ય રામ મંદિરનું નિર્માણ થયેલું છે. જેની કોતરણી અદ્‌ભૂત છે. આ મંદિરની સામે જુના જમાનાના સમયે બંધાયેલું વિશાળ તળાવ નજરે પડે છે. આ ઉપરાંત જુનું રામ મંદિર તેમજ શિવમંદિર તળાવ પાસે આવેલાં છે. અને ગામમાં જૂનાં ઐતિહાસિક પાળિયાઓ નજરે પડે છે. તેમજ પાંડુરંગ અઠવેલુંનું ગુરૂકુલ આવેલું છે. વાંઢાય તીર્થ પરંપરામાં અનેક જ્ઞાતિમાંથી સંતો થયા છે. જેનું વંદનાસૂત્ર ''હરિૐ'' છે.

● ***શ્રી રૂદ્રાણી : (તાલુકો : ભુજ, ભુજથી અંતર ૧૬ કિ.મી.)*** ભુજથી ખાવડા રોડ જતાં જમણી તરફ જુનું ઐતિહાસિક શ્રી રૂદ્રાણી માતાજીનું ભવ્ય મંદિર સંકુલ આવેલું છે. જે એક રમણીય પર્યટન સ્થળ પણ છે. આ મંદિર પાસે જ કચ્છનો સૌથી મોટો માતાજીના નામ પરથી બનેલ રૂદ્રમાતા ડેમ આવેલો છે. આ મંદિરની મહંતોની પરંપરામાં પ્રથમ સ્ત્રી મહંત તરીકે શ્રી શ્યામબાઈ માતાજી, શ્યામબાઈ ગિરિના નામે પૂજાય છે અને તેમનું સમાધિ મંદિર પણ અહીં આવેલું છે. સમગ્ર દશનામ મહંત પરંપરામાં કોઈ સ્ત્રી મહંત થયા હોય એવો આ કચ્છમાં પ્રથમ બનાવ છે.

● ***શ્રી ભેડ માતાજી (મોમાય) : (તાલુકો : ભુજ, ભુજથી અંતર ૩૦ કિ.મી.)*** ભુજથી અંજાર જતાં કોટડા-ચકાર પાસે ડુંગરોની ટેકરી પર આવેલું શ્રી મોમાય માતાજીનું મંદિર આવેલું છે. આ સ્થાને કચ્છ ભરનાં કાછોયાં રબારી માલધારી ભાઈઓ પોતાનો માલ ઘેટાં, બકરાં, ઊંટ વિગેરે લઈને તેમજ પોતાનાં નાના બાળકોને લઈ ભાદરવા સુદ-૧૪ના રોજ માતાજીના દર્શને આવે છે. અને આખી રાત ડુંગરોની વચ્ચે આવેલ માતાજીની દેરીએ માતાજીની જાતરનો પ્રસાદ લીધા બાદ આખી રાત માતાજીના ભજનોમાં મશગુલ રહે છે અને પૂનમના રોજ માતાજીના દર્શન કરી વિદાય લે છે. આ સ્થળને લોક ભાષામાં ''ભેડ માતા'' પણ કહે છે.

● ***શ્રી લોલાડી માતાજી : (તાલુકો : ભુજ, ભુજથી અંતર ૪૦ કિ.મી.)*** આ માતાજીનું સ્થાન ભુજથી અંજાર થતાં વરલીની દક્ષિણ તરફ ટેકરી પર મંદિર આવેલું છે. માતાજીનાં દર્શન કરતાં એ મહિસાસૂર મર્દિની હોય એવું લાગે છે. ઉપરથી દૃષ્ટિ ફેરવતાં આપણે ચોટીલાનાં ચંડી ચામુંડાના સ્થાને ઊભા હોઈએ એવું લાગે છે. નીચેનાં પટાંગણમાં સુંદર વૃક્ષો રોપાયેલાં છે. અહિં આહિર, સોરઠિયા, રબારી વગેરે પ્રજા વર્ષમાં એકથી બે વખત માની પેડી કરે છે.

● ***શ્રી વાઘેશ્વરી માતાજી : (તાલુકો : ભુજ, ભુજથી અંતર ૮ કિ.મી.)*** ભુજની દક્ષિણ તરફ ભુજ-મુન્દ્રા રોડ પર વચ્ચેથી રસ્તો આ સ્થાન તરફ જાય છે. જયાં કચ્છનું પ્રથમ ભરવાડ જ્ઞાતિનું ગામ હરિપર આવેલું છે. આ સ્થાન લક્કી ડુંગરોની ગિરિમાળાઓની વચ્ચે આવેલું છે. કચ્છમાં મોં માંગ્યા મે વરસતા ત્યારે મંદિરનાં પાછળનાં ડુંગરાઓમાંથી આ સ્થાનનાં કુંડમાં સતત પાણી ટપક-ટપક પડતું તેથી આ વાઘેશ્વરી માતાજીને ટપકેશ્વરી માતાજી પણ કહેવામાં આવે છે અને ભાદરવા અને આસો માસ દરમ્યાન અહીં ભુજની દરેક જ્ઞાતિઓ વન ભોજન કરવા આવતી. આ સ્થાન પર વિશાળ ધર્મશાળા બંને તરફ આવેલી છે.

● ***શ્રી હબાય માતાજી : (તાલુકો : ભુજ, ભુજથી અંતર ૨૬ કિ.મી.)*** ભુજની ઉત્તર તરફ ભુજ-નાગોરથી લોડાઈ વાળા રસ્તે હબાય ડુંગરોની ધારની વચ્ચે ટેકરી પર આ સ્થળ આવેલું છે. જયાં મીઠાં પાણીનાં કુંડ છે. જેનું પાણી આખું ગામ પીવામાં વાપરે છે. આ કુંડને ભીમ અગ્યારસનાં આખો ગામ ભેરો મળીને ખાલી કરે છે. ત્યારબાદ નીચે આવેલ ગુફામાં માતાજીની મૂર્તિ પાસે દિવો ને અગરબત્તી કરીને પૂજા કરી આવે છે. કુંડમાં આ સમયે નીકળતી પીળી માટી ચામડીનાં રોગ પર લગાવવાથી અકસીર ઈલાજ રૂપ છે. અને ખાલી કર્યા બાદ તેજ દિવસે રાત સુધીમાં આ કુંડ ભરાઈ જાય છે, આ સ્થાનમાં ત્રણ મૂર્તિ છે. વાઘેશ્વરી માતાજી, આશાપુરા માતાજી અને મોમાય માતાજી તેમ છતાં બહાય ડુંગર વચ્ચે હોવાથી હબાય માતાજી પણ કહેવામાં આવે છે અને આહિરોનાં આ ગામને હબાય ગામ કહેવામાં આવે છે. ધરતીકંપમાં (તા. ૨૬/૧/૨૦૦૧)માં જુનું મંદિર પડી જતાં નવું બનાવવામાં આવેલ છે.

● ***શ્રી સાંગવાળી માતાજી : (તાલુકો : ભચાઉ, ભુજથી અંતર ૨૨૫ કિ.મી.)*** આ માતાજીનું સ્થાન કચ્છનાં રણબેટ અકિરમાં આવેલું છે. આ સ્થળે જવા માટે ભુજથી

ભચાઉ, રાપર થઈને ખડિર પહોંચાય છે. જ્યાં રતનપર ગામમાં માતાજીનું મંદિર છે. ખડિરનાં આહિર લોકો મથક ગઢડા પાસે આ આવેલું છે. માતાજીનાં પૂર્વ ઈતિહાસ વિશે વધુ માહિતી મળતી નથી. પણ તે પાંચ હજાર વર્ષ પુરાણા હડપ્પા સંસ્કૃતિનાં શહેર ધોળાવીરા જતા રસ્તામાં આવે છે. જેની સ્થાપના સિંઘલ રાજપૂતોએ કરી હોય એવું લાગે છે.

**● શ્રી એકલ માતાજી : (તાલુકો : ભચાઉ, ભુજથી અંતર ૧૧૦ કિ.મી.)** ભુજથી પધ્ધર, કુંભારડી થઈ ચોબારીથી રાપરના રસ્તે આવતાં ભરૂડિયા ગામની ઉત્તર તરફ રણમાં જતાં ૪ કી.મી. દૂર શ્રી એકલ માતાજીનું મંદિર એકલું અટુલું રણદ્વીપ સમાન કચ્છના મોટા રણમાં આવેલું છે. આજુબાજુના દરબારો, આહિરો, પટેલો ને કોળી જ્ઞાતિના લોકો માતાજીને આદ્ય સ્વરૂપે માની તેની માનતા-આખડી રાખે છે. આ મંદિર રણના વટેમાર્ગુઓ માટે એક આશ્રય સ્થાન છે.

**● શ્રી શિતલા માતાજી : (તાલુકો : માંડવી, ભુજથી અંતર ૭૨ કિ.મી.)** માંડવીથી નલિયા જતાં રસ્તે ૪ કિ.મી. દૂર જમણી તરફ વિશાળ પટાંગણમાં આવેલું શિતલા માતાજીનું કચ્છનું આ મોટું મંદિર છે.

ઓરી-અછબડા જે લોકોને થયા હોય તેઓ શિતલા માતાજીની માનતા માને છે. જેથી એ રોગ મટી જાય છે. કચ્છમાં ઘણી જગ્યાએ શિતલા માતાજીના મંદિરો આવેલા છે.

**● શ્રી આયુ માતાજી : (તાલુકો : માંડવી, ભુજથી અંતર ૧૦૫ કિ.મી.)** માંડવીથી ગઢશીશા તરફ જતાં ડાબી તરફ આવતા ડોણમાં શ્રી આયુ માતાજીનું પુરાણું મંદિર અર્વાચીન બાંધકામ વાળું આવેલું છે. જન્મથી વિકલાંગ કે પાછળથી વિકલાંગ થયેલા બાળકો માટે અહીંની બાધા-આખડી માનતા માનવામાં આવે છે. જેથી આ વિકલાંગતામાં માતાજીની કૃપાથી રાહત થાય છે. એવી માન્યતા છે. કચ્છમાં બીજે અંજાર પાસેના નાગલપર ગામ વચ્ચે આયુ માતાજીનું સ્થાનક છે.

ડોણ આયુ માતાજી સ્થાનથી ૨ કિ.મી. દૂર અને રાજડા ગામ પાસે શ્રી જ્યોતેશ્વર મહાદેવનું માંડવી તાલુકાનું પ્રખ્યાત યાત્રાધામ આવેલું છે. ભગવાન જ્યોતેશ્વરજીનું લિંગ હિમાલયના અમરનાથ જેવું શંકુ આકારનું છે અને એના અગ્નિ ખૂણેથી બીજું એવું જ નાનું પ્રગટ થાય છે. ને આ બન્ને લિંગો વધતા જાય છે. જે કચ્છનાં અન્ય શિવ મંદિરો કરતાં વિશિષ્ઠ છે. આવું જ એક પ્રાચીન શંકુ આકારનું લિંગ નખત્રાણા તાલુકાના ગઢવાળી વાડીમાંથી નીકળેલું છે.

**● શ્રી આશાર માતાજી : (તાલુકો : માંડવી, ભુજથી અંતર ૯૫ કિ.મી.)** માંડવીથી નલિયા જતા ડાબી તરફ ફંટાતા બાડા ગામના રસ્તા પર આગળ અરબી સમુદ્રના ઘુઘવતા દરિયા કિનારે શ્રી આશર માતાજીનું ઉંચા પડથારે મંદિર આવેલું છે. આ સ્થાનમાં માતાજીની ત્રણ મૂર્તિઓની સ્થાપના થયેલ છે. આ મંદિર સિંધમાંથી કચ્છમાં આવેલા બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિના શ્રી શાહ સોદાગર સુંદરજીએ બંધાવ્યાનો શિલાલેખ જડાવેલ છે. આ માતાજીને બ્રહ્મક્ષત્રિયો, ભાટિયાઓ, ખારવાઓ, ચારણો તેમજ જૈન જ્ઞાતિની અમુક નુખના લોકો માને છે. અને વર્ષમાં એકવાર આ જ્ઞાતિઓ અહીં આવીને માતાજીનો સમૂહ પ્રસાદ અહીં કરે છે. અને દરિયાની વચ્ચે ખારી જમીન હોવા છતાં કૂવામાં મીઠું પાણી છે. આ સ્થળ દરિયા કિનારે હોવાથી પર્યટન ધામ તરીકે વિકસી શકે તેમ છે અને મંદિરની આજુબાજુ દરિયા કિનારાની રેતીના ઢુવાઓ ધ્યાનાકર્ષક છે.

## કાવ્ય — મંદિરમે જાને વાલો તુમ

મંદિર મેં જાને વાલો તુમ ખુદ ભી તો એક મંદિર હો
પથ્થર મે બેઠા હે પ્રભૂ તો તુમ તો કિતને સુંદર હો.
મંદિર મે જાને...
પલ દો પલ કી પૂજા ક્યા હૈ હરક્ષણ ખુદ કો યાદ કરો
મૂર્તિ તો બોલે ના બોલે તુમ તો જીંદા ઈશ્વર હો.
મંદિર મે જાને...
ફૂલ ચઢાયા ભોગ લગાયા મંદિર મેં જીવન કો ગવાયા
માનવ તુમને મન કો મનાયા ના સોચા ક્યા ભિતર હો.
મંદિર મેં જાને....
બેરો હરમયે ભટકા હુઆતું જન્મજન્મ કા ભટક ગયા
મોહિની મૂક્ત બનો ઓર જાનો, તુમત મસ્તક
મંદિર મેં જાને...

**દક્ષાબેન વી. બુદ્ધભટ્ટી, અંજાર**

## ભુલ-સુધાર

ગત અંકમાં માધાપર જ્ઞાતિના લેખમાં પાના નં. ૧૭ ઉપર શરતચૂકથી મુદ્રણ ક્ષતિ રહેલ તે નીચે મુજબ સુધારી વાચવા વિનંતી.

આ બાંધકામ માટે જ્ઞાતિજનો પાસેથી યથાશક્તિ લેખે ફંડ મેળવી ઉભું કરવામાં આવેલ જેમાં શ્રી હસમુખભાઈ મૈયા (પ્રમુખશ્રી) તથા દિલીપભાઈ બીજલાણી, સતીષ ઈન્દરજી હેડાઉ, મનસુખભાઈ વેલજી પરમાર, મનસુખ રામજી બુદ્ધભટ્ટી, હસમુખભાઈ બુદ્ધભટ્ટી, ભરતભાઈ મૂળજીભાઈ, મુકેશભાઈ બારમેડા, દિનેશ લીલાધર પોમલ, અમૃતલાલ વીરજી કટ્ટા, પ્રભુલાલ સોલંકી તથા તમામ કારોબારી સભ્યો તથા યુવક મંડળના કાર્યકરોની અથાગ મહેનતના પરિણામે ઉપરોક્ત બાંધકામ ૨૦૦૯માં પૂર્ણ કરી, હોમ-હવન કરી જ્ઞાતિજનો તથા અન્ય સમાજના ઉપયોગ માટે પ્રભુ સમક્ષ મુકેલ.

# બાળ ઘડતર થકી વિશ્વશાંતિ

*ગુજરાત રાજ્યમાંથી પ્રસિદ્ધ થતા વિવિધ સામયિકોના તંત્રીઓ તથા અગ્રણીઓની એક મીટીંગ તાજેતરમાં મેગેઝિન ક્લબ-ગુજરાતના ઉપક્રમે અમદાવાદ ખાતે મળેલ જેમાં જ્ઞાતિસેતુના મુખ્ય તંત્રી શ્રી હંસરાજ કંસારા, અતુલ સોની તથા મનુભાઈ કોટડીયા તથા કચ્છમિત્રના મેનેજર શ્રી શૈલેષભાઈ કંસારાએ હાજરી આપી સામયિકોને સંબંધિત સમસ્યાઓ પર ચર્ચામાં ભાગ લીધેલ મીટિંગ દરમ્યાન ઉચ્ચ પોલીસ ઓફિસર શ્રી હસમુખભાઈ પટેલ (I.P.S.) દ્વારા 'બાળ ઘડતર થકી વિશ્વશાંતિ' વિષય પર મનનીય વિચારો રજૂ થયા જેનો અહેવાલ પ્રસ્તુત છે.*

મેગેઝિન ક્લબની ત્રીજી વાર્ષિક મિટીંગ તા. ૨૬-૪-૧૫ ને રવિવારે નવજીવન પ્રેસના કર્મ કાફેમાં મળી હતી. ક્લબના પ્રમુખ શ્રી પી. કે. લહેરીએ મિટીંગના પ્રમુખસ્થાનેથી જણાવ્યું હતું કે, આપણા આ મંડળ દ્વારા જ્યાં ખોટું ચાલતું હોય ત્યાં મક્કમપણે લડત આપીને પ્રશ્ન, સમસ્યાનો ઉકેલ લાવવાનું ધ્યેય રાખે છે. શરૂઆતમાં રજૂઆત, સમજૂતી અને જરૂર પડે કાયદાનો સહારો પણ લેવો. આર.એન.આઈ., પોસ્ટલ ડિપાર્ટમેન્ટ (જી.પી.ઓ.) અને ડાયરેકટોરેટ ઓફ ઈન્ફરમેશન કમિશ્નર જેવા વિભાગો સમસ્યાના સમાધાન માટેના જ હોવા છતાં સામયિકોને વિવિધ પ્રકારે અડચણો અને મુશ્કેલીઓ ભોગવવી પડે છે. આ અંગે પણ ક્લબ દ્વારા રજૂઆતો થાય છે. માત્ર સમસ્યાઓનું સમાધાન કરવાનું નથી. પરંતુ બીજા પ્રશ્નો પણ ઉકેલવામાં આવે છે. જેવા કે, ડી.ટી.પી., પ્રુફરીડીંગ, પ્રિન્ટીંગ ટેકનોલોજીમાં ઈ-મેગેઝિન કરવા અંગે પણ ક્લબે વિચાર્યું છે. ઉપરાંત સાંપ્રત સમસ્યાના લેખો જે તે વિષયના તજજ્ઞો પાસે તૈયાર કરાવી જે તે વિષયના મેગેઝિનને આ લેખો મોકલવાની વ્યવસ્થા ઊભી થવી જોઈએ.

બાળકોમાં બાળપણથી જ જીવનમૂલ્યોનું ઘડતર થાય અને બાળકોમાં આક્રમકતા ઘટાડવા તેમજ આત્મહત્યા અટકાવવાનું વિચાર અભિયાન ચલાવતા આ બેઠકના મુખ્યમહેમાન એવા આઈ.પી.એસ. પોલીસ અધિકારીશ્રી હસમુખભાઈ પટેલે **'બાળ ઘડતર થકી વિશ્વશાંતિ'**ના અભિયાનની વાત કરતાં જણાવ્યું હતું કે બાળકના ઘડતરમાં મા-બાપ અને શિક્ષકો આગવી ભૂમિકા અદા કરતા હોય છે. બાળકોમાં શું તકલીફ છે ? તેની ખબર શિક્ષક, આચાર્ય કે માતાપિતાને હોતી નથી, પડતી નથી. તેથી બાળકોને સજા-શિક્ષા કરવામાં આવે છે. બાળપણમાં મેળવેલા સંસ્કારો બાળકો મોટા થઈને સમાજને પાછા આપે છે. ધર્મનિરપેક્ષતાવાળા વાતાવરણમાં ઉછરેલ બાળક મોટપણે ધર્મનિરપેક્ષ સંસ્કારોનું વાતાવરણ સર્જન કરે છે. તેમણે ગાંધીજીના બાળપણમાંના પ્રસંગો ટાંકતા જણાવ્યું કે બચપણમાં રંભાએ આપેલ રામનામનું રટણ ગાંધીજીના સમગ્ર જીવન સાથે વણાયેલ રહ્યું, રામરાજ્યનું તેમનું સ્વપ્ન અને અંતિમ શબ્દ હે રામ ! કઠોર ઉપવાસી માતા, ચોરી કબૂલાત ટાણે પિતાજીના આંખમાંથી સરી પડતા અશ્રુબિંદુઓ, સત્યાવદી રાજા હરિશ્ચંદ્ર નાટકે ગાંધીજીને સત્યપથ પર ચાલનાર નિડર, અહિંસક, અસહકાર આંદોલનના પૂજારી બનાવ્યા. અબ્દુલ કલામે પણ બાળપણથી જ અવકાશ વિજ્ઞાની બનવાનું સ્વપ્ન જોયું હતું. તેમ બાળકોને પણ સ્વપ્ન જોવા માટે જાગૃત કરવા જોઈએ. મનુભાઈ પંચોળી 'દર્શક'એ તો બાળકોને વિશ્વશાંતિની ગુરૂચાવી લેખાવ્યા છે.

બાળકો આત્મહત્યાના પ્રયાસો કરે છે, બાળકો પણ આત્મહત્યા અંગે વિચારે છે. બાળ આત્મહત્યા અટકાવવા અભિયાન ચલાવવું જોઈએ. બાળકોમાં શું તકલીફ છે ? તેની ખબર માતા-પિતા, શિક્ષક કે આચાર્યને હોતી નથી. તેથી બાળકોને સજા કરવામાં આવે છે. આજે બાળકો માટે દેશમાં કાઉન્સેલરોની ખૂબ જ જરૂર છે. સરકારના કુટુંબ સહાય કેન્દ્રો પર લાઈનો લાગે છે ત્યારે ખબર પડે છે કે કાયદાની આંટીઘૂંટીમાં પડવું કોઈને ગમતું નથી પરંતુ આપમેળે સમજૂતિથી નિવેડો આવે તે જરૂરી છે. બાળઘડતરના આ અભિયાનમાં વધુ ને વધુ સ્વયંસેવકો જોડાય તે માટે તેમણે અપીલ કરી વિચારોના પ્રચાર-પ્રસાર માટે ચાલતા મેગેઝિનોનો આભાર માન્યો હતો.

નવજીવન પ્રેસના મેનેજિંગ ટ્રસ્ટી અને નવજીવનનો અક્ષરદેહના તંત્રીશ્રી વિવેક દેસાઈએ કર્મ કાફે અને સત્ય આર્ટ ગેલેરીના વિચાર અંગે જણાવ્યું કે, નવજીવનનું નામ તો ખૂબ જાણીતું છે પરંતુ લોકો નવજીવનને જુએ, અહીં પ્રેસમાં આવે, પુસ્તકો ખરીદે, ઘણા મોંઘા પુસ્તકો છે જે લોકો ખરીદી શકતા નથી તો અહીં બેસીને તેનો અભ્યાસ કરી શકે તેવા ઉદેશથી નવી યુવાપેઢીને ગાંધીજીના વિચારમૂલ્યો તરફ આકર્ષવા માટેનો એક

પ્રયાસ અને વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ગાંધીજીને યુવાનો અને લોકો વચ્ચે સેતુ બનવાનું કામ કર્યું છે. શનિવાર અને રવિવારે કાફેમાં ગાંધી થાળી જમાડવામાં આવે છે બાકી મંગળવારથી શુક્રવાર આખો દિવસ અભ્યાસ કરનાર માટે ચ્હા-નાસ્તાની પણ વ્યવસ્થા ગોઠવી છે. મ્યુઝિયમમાં ગાંધીજી જે પ્રિન્ટીંગ મશીનથી હરિજન અને નવજીવન છાપતા હતા તેમજ મહાદેવભાઈ દેસાઈ જેના પર ટાઈપ કરતા હતા તે ટાઈપરાઈટર મશીન મુક્યા છે. લોકો જ્યારે જોવા આવે છે અને ગદગદિત થઈને મશીનને દંડવત્ પ્રણામ કરે છે ત્યારે તે જોઈને આ પ્રયાસ કર્યાનો સંતોષ થાય છે. જાગૃત જનના તંત્રીશ્રી અશોક દામાણી બાળધનને ભારતનું ભવિષ્ય માનીને બાળકના ઘડતર માટે વિવિધ શાળાઓમાં જઈને ગાંધીજીના જીવન પ્રેરક પ્રસંગોનું વર્ણન કરે છે.

સરદાર જ્યોતના તંત્રી અને મેગેઝિન ક્લબના મંત્રી ભીમજીભાઈ નાકરાણીએ પ્રાસંગિક અને આવકાર ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે, સામયિકોએ સમાજની અંદર ઘટતી ઘણી સારી ઘટનાઓ છે તે પ્રોઝીટીવ ન્યુઝ લોકો સુધી પહોંચાડવા જોઈએ. મેગેઝીનના પોસ્ટીંગના પ્રશ્નો, રજીસ્ટ્રેશનના પ્રશ્નો અને મેગેઝીનના થપ્પાઓ રેલ્વે સ્ટેશન ઉપર જ પડી રહે છે એટલે કે શોર્ટીંગના પ્રશ્નો અંગે જણાવી મેગેઝીન ક્લબ જે પ્રયત્ન કરી રહ્યું છે તેની વિગતે ચર્ચા કરી હતી અને સૌ સભ્યોને આવકાર્યા હતા. સામયિકોને ડી.ટી.પી. અને પ્રુફરીડીંગની પડતી મુશ્કેલીઓ અંગે જણાવી ક્લબના ઉપપ્રમુખ અને મંગલ મંદિરના તંત્રીશ્રી અશોકભાઈ મહેતાએ જણાવ્યું કે સમાજ ઘડતરની વાત મુખ્ય છે અને તે વાત તો આપણા મેગેઝિન દ્વારા ફેલાવી જોઈએ. સાચી માહિતી જનતા સુધી પહોંચવી જોઈએ.

જ્ઞાતિસેતુના મુખ્ય તંત્રીશ્રી હંસરાજ કંસારા, અતુલ સોની, શૈલેષભાઈ કંસારા તથા મનુભાઈ કોટડીયા ઉપરોક્ત મીટીંગમાં હાજરી આપી ચર્ચામાં ભાગ લીધેલ.

**અહેવાલ : કિરણ ચાંપાનેરી / ડૉ. કિશોર સાધુ**

**હાર્દિક અભિનંદન**

## શ્રી મહેશભાઈ કંસારા



ગુજરાત રાજ્ય પંચાયત ટેકનીકલ કર્મચારી મહામંડળ ગાંધીનગર દ્વારા કચ્છ જિલ્લા પંચાયત ટેકનિકલ કર્મચારી મંડળ મહામંત્રીશ્રી મહેશભાઈ એમ. કંસારાની કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોનનાં પ્રમુખશ્રી તરીકે વરણી કરવામાં આવતા કચ્છના પ્રતિનિધિને ગુજરાત રાજ્ય પંચાયત ટેકનીકલ કર્મચારી મહામંડળમાં પ્રથમ વખત સ્થાન મળતા ટેકનીકલ કર્મચારી મંડળ, પંચાયત કર્મચારી મંડળ તેમજ વિવિધ ક્ષેત્રનાં કર્મચારી આગેવાનો તથા સામાજિક આગેવાનો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે. શ્રી મહેશભાઈ કંસારા સામાજિક મેડીકલ તેમજ ધાર્મિક સમિતિઓ સાથે પણ સંકળાયેલા છે. શ્રી મહેશભાઈને જ્ઞાતિસેતુ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.

**અમૃતમ્ વાત્સલ્ય**

## 'મા વાત્સલ્ય યોજના' હેઠળ મફત સારવાર

ગુજરાત સરકારની મા વાત્સલ્ય યોજનાનો લાભ રાજ્યના સામાન્ય પરિવારોના અનેક લોકો મેળવી રહ્યા છે. હૃદય રોગના ૨૭૭૧ દર્દીઓને કુલ મળી રૂા. ૭.૦૬ કરોડની આરોગ્ય સેવાનો લાભ આ યોજના હેઠળ અપાયો છે. તાજેતરમાં ભૂજ મુકામે આપણી જ્ઞાતિના લોકો માટે 'મા વાત્સલ્ય યોજના' તેમજ મુખ્યમંત્રીની અમૃતમ્ યોજના સહિત સરકારી યોજનાઓની માહિતી આપવા માટે એક કેમ્પનું આયોજન મારૂ કંસારા સોની જ્ઞાતિ મેડિકલ કાયમી ફંડ સમિતિ દ્વારા કરવામાં આવેલ. મા વાત્સલ્ય તેમજ અમૃતમ્ યોજના હેઠળ ગંભીર રોગની સારવાર અપાય છે જેમાં હૃદય, કીડની, કેન્સર, મગજ, કરોડરજ્જુ, નવજાત શીશુના રોગ, ગંભીર ઈજા તેમજ દાઝવાની સારવાર અપાય છે. બી.પી.એલ. ઉપરાંત વાર્ષિક ૧,૨૦,૦૦૦ રૂપિયાથી ઓછી આવક હોય તેવા પરિવારના પાંચ વ્યક્તિ માટે ગંભીર સારવારમાં રૂા. બે લાખ સુધીની ગુણવત્તાસભર મફત સારવાર મળે છે. આ અંગે વિશેષ માહિતી સંપર્ક :

**શ્રી મહેશભાઈ કંસારા-ભૂજ,**
**મો. : ૯૪૨૭૨૬૫૫૧૯**

મીતા'સ કોર્નર

## શક્તિ નહીં, તો વ્યક્તિ નહીં ?

- મીતા

હેલ્લો ! નમસ્કાર વાચક મિત્રો.

ગતાંકથી શરૂ ગ્રંથ-ગ્રંથિને ભાવભર્યા પ્રતિભાવ આપવા બદલ વાચક મિત્રોનો આભાર. 'વિશ્વયોગ દિવસ'થી જે જાગૃતિ લોકોના મનોમસ્તિષ્ક પર આવી છે. જે ખરેખર કાબિલે તારીફ છે.

ગતાંકથી ક્રમશઃ થયેલી વાત આગળ ધપાવીએ.

ગયા અંકમાં જે ગ્રંથિઓની વાત કરી તે જ વાતને જોડીએ....'બીઝી લોકો માટે ઈઝી' યોગ કરવાથી શું ફાયદા થાય છે તે બધા સામાન્ય રીતે જાણતા થઈ ગયા છે, તે જીવનશૈલીનો એક ભાગ થઈ જાય એ જ વ્યક્તિના હિતમાં છે.

ઊંડા શ્વાસ લેવાની આપણી સૌની આદત નથી હોતી. જેના કારણે ફેફસાં તેની ક્ષમતાનો ચોથો ભાગ જ કામ કરે છે.

બાકી ભાગના કોષો નિષ્ક્રિય રહેવાથી જડ બની જાય છે.

પ્રાણાયામ અને આસનો સિવાય શરીરમાં રહેલા એક્યુપ્રેસરના પોઈન્ટ દબાવવાની સારવાર પદ્ધતિ પણ ખૂબ જ અક્સીર છે.

આપણા શરીરમાં આવેલા શક્તિ કેન્દ્રો ચક્રોની વાત ગયા અંકમાં કરી તે ઊર્જાશક્તિના કેન્દ્રો છે. કરોડરજ્જુમાંથી પસાર થઈ સમગ્ર પ્રદેશને આવરે છે.

એક્યુપ્રેશરના પોઈન્ટ બંને હાથ અને પગના પંજા અને પાછળના ભાગમાં સમગ્ર પોઈન્ટ આવેલા હોય છે. તે પોઈન્ટને પ્રેસર આપવાથી જે-તે શરીરના અંગોને અસર થઈ દુઃખાવો મટાડે છે.

સુજોક થેરાપી શીખવી ખૂબ સહેલી છે. અને ઉપયોગી પણ ખૂબ જ છે.

આવતા અંકે તેના ફોટા દ્વારા વધુ માહિતીની છણાવટ કરીશું. જ્યારે આપણે પ્રાણાયામ કરવા બેસીએ છીએ ત્યારે આપણા હાથ જે મુદ્રામાં રાખીએ છીએ તેના વિષે ટૂંકમાં જણાવીશ.

**જ્ઞાનમુદ્રા :** અંગુઠો અને તર્જની સાથે રાખવી તેનાથી એકાગ્રતા વધે છે. **વાયુમુદ્રા :** તર્જનીને અંગુઠાના અગ્રભાગે લગાવી દબાવવી. વાયુના વિકાર દૂર થાય છે. **શુન્યમુદ્રા :** વચ્ચેની આંગળી અંગુઠાના મૂળમાં લગાવવાથી કાનના હાડકાના, દાંતના ગળાના રોગોમાં લાભ થાય છે. **પૃથ્વીમુદ્રા :** અનામિકા અને અંગુઠાનો અગ્રભાગ મેળવવાથી અગ્નિતત્ત્વ તેજ થાય છે. **પ્રાણમુદ્રા :** કનિષ્કા અને અનામિકા તથા અંગુઠાના આગળના ભાગને મળાવવાથી સ્ફૂર્તિ આવે છે. **અપાનમુદ્રા :** અંગુઠો મધ્યમા અને અનામિકાના અગ્રભાગને સ્પર્શથી વિજાતીય તત્ત્વો બહાર નીકળે છે. **વરૂણમુદ્રા :** ટચલી આંગળી અંગુઠાના અગ્રભાગથી મેળવવાથી ચામડીના રોગ નષ્ટ પામે છે. આમ વિવિધ મુદ્રાઓનું મહત્ત્વ ખૂબ જ છે માટે જાણવું જરૂર હતું.

વિચારમંચ

## સમય સાથે બદલાવ જરૂરી

- છત્રાળા મહેશકુમાર તુલસીદાસ, અંજાર

મા કાલીકાની આપણા સમાજ પર કૃપા છે. આપણા સમાજનો વિકાસ થઈ રહ્યો છે અને સમાજના લોકો સંપીને એકબીજાને સહકાર આપી રહ્યા છે. લગ્ન પ્રસંગે આમંત્રણ મળે અને લોકો હાજરી આપે તેમાં કંઈ નવાઈ નહીં પણ દુઃખદ પ્રસંગે સ્વેચ્છાએ આવે તે સારું છે. આપણા સમાજમાં મેં જોયું છે તેમ દુઃખદ પ્રસંગે લોકો અન્યનું દુઃખ પોતાનું સમજી સહકાર આપે છે તાપ, ટાઢ કે વરસાદ કંઈ પણ જોયા વિના દુઃખદ પ્રસંગે લોકોની હાજરી જોઈને એમ લાગે કે આપણા સમાજની એકતા અખંડ છે અને રહેશે.

મારે જે કહેવું છે તે કે આપણા સમાજમાં પ્રાર્થનાસભા જે સાંજના સમયે રખાય છે તે સમય બદલાવીને સવારે ૯ થી ૧૦ રાખવું જોઈએ. જેથી કરીને બહારગામથી આવતા લોકોને થોડી રાહત થશે. પ્રાર્થના-સભા ૪ થી ૫, ૫ થી ૬ રાખીએ, બે-ત્રણ કલાકનું અંતર કાપીને આવનારને ધોમ બપોરે નીકળવું પડે છે જેથી મુશ્કેલી થાય છે. નાના બાળકો હેરાત થઈ જાય છે. શક્ય હોય તો પ્રાર્થના સભા મંગળવાર અને રવિવારે હોતી નથી તે દૂર થવું જોઈએ. જેથી લોકો પોતાના કામ-ધંધા ઝડપથી શરૂ કરી શકે.

ઈશ્વરને મંજૂર હતું તે થયું એને કોઈ રોકી શકે નહીં. જન્મ અને મૃત્યુ અવિરત છે. જેમના ઘેર આવો બનાવ બન્યો હોય તેઓ ખૂબજ દુઃખી હોય તે સમજી શકાય, સાથે સાથે થોડી હિંમત અને સમજદારીથી વિચારીને પ્રાર્થનાસભા સવારે રાખીને લોકોને રાહત આપી શકાય. આવનારા સગા-વહાલા સવારે આવશે અને સાંજે પણ આવશે જ. મંગળવાર અને રવિવાર દૂર કરીને બધા દિવસો સરખા માનીને ગમે તે દિવસ હોય પ્રાર્થનાસભા રાખવી જોઈએ. એ અત્યારના સમયની માગ છે. હરિફાઈ અને મોંઘવારીના સમયમાં રોજગાર વધારે બંધ ન રહે તો સારું. એમાં બધાનું હિત સમાયેલું છે.

નોંધ : સમયની સાથે બદલવું જરૂરી છે. મને વિચાર આવ્યો તેથી રજૂ કરેલ છે. અમલ કરવો કે નહીં તે આપ પર આધાર છે. કંઈ અયોગ્ય લખાયું હોય તો ક્ષમા માગું છું.

# મનની શક્તિ

- નંદન ચમનલાલ પોમલ (અંજાર)



***શ્રી નંદન ચમનલાલ પોમલ* Organo Pharmaceautical Chemistry *વિષય સાથે* Master of Science (M.Sc.) *ની ડીગ્રી ધરાવે છે, તેઓ અંજારના વતની છે અને છેલ્લા છ વર્ષથી તોલાણી પોલીટેકનીક કોલેજ-આદિપુરમાં લેક્ચરર છે. વિજ્ઞાન ટેકનોલોજીના વિકાસ તેમજ માનવીય મનની અપાર શક્તિ વિશે તેમના વિચારો પ્રસ્તુત છે.***

વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં માણસે અસાધારણ પ્રગતિ હાંસલ કરી છે. અદ્‌ભુત યંત્રો, superfast computers, અવનવા રોબોટ્સનું નિર્માણ કર્યું છે. અવકાશ ક્ષેત્રે ચંદ્ર પર પગ મૂક્યા બાદ મંગળ ગ્રહ પર Research શરૂ કર્યું એને પણ દોઢ દાયકો થવા આવ્યો હવે તો digital યુગ તરફ પ્રયાણ થઈ ચૂક્યું છે, ઈન્ટરનેટ યુગનો પ્રારંભ થયો છે અને આંગળીઓના ટેરવે સ્પર્શ માત્રથી આપણે જે ઈચ્છીએ તે આપણી સમક્ષ પલક ઝપકાવતા હાજર. આ બધું જોઈ મનુષ્ય પણ ગૌરવ પેદા થાય છે. સમગ્ર જીવ સૃષ્ટિનું અવલોકન કરતાં આપણે જીવોને બે વિભાગમાં વર્ગીકૃત કરીએ. (૧) વાણી ન હોય તેવા જીવો (૨) વાણી છે તેવા જીવો. વાણી ન હોય તેવા અર્થાત કીડી મકોડા, સુક્ષ્મજીવો અને બીજા વર્ગમાં ચોપગા પશુઓ, પક્ષીઓ અને મનુષ્યો, પશુ-પક્ષીઓ પાસે મર્યાદિત અવાજ છે જ્યારે મનુષ્ય પાસે તાલીમબદ્ધ વિચારો સાથેની લિપિ, વાણી, ઉચ્ચાર તથા મૂળાક્ષરો અને તેનું વિજ્ઞાન બધા જ પશુઓને આહાર, નિંદ્રા, ભય, મૈથુંન ચનો સર્વસામાન્ય સિદ્ધાંત લાગુ પડે છે તો પછી એવું શું છે જે મનુષ્યને બીજા પ્રાણીઓથી અલગ બનાવે છે ? તે છે ઈચ્છા શક્તિ અને બુદ્ધિશક્તિ. આ શક્તિઓ જ સાબિત કરે છે કે મનુષ્ય એ સૃષ્ટિનું સૌથી latest & Advance Version છે. ગલુડીયું વિચારી શકતું નથી કે મારે ભજીયું કે જલેબી-ફાફડા આરોગવા છે અથવા ગાયને કે ભેંસ કે બકરીને ચેસ રમતા જોવાનો કે સાંભળવાનું યાદ આવતું નથી. કહેવાનો અર્થ માત્ર એટલો જ કે માનવ સિવાયના દરેક પ્રાણીઓ કે જીવો પાસે મર્યાદિત શક્તિઓ છે. માછલી પાણીમાં તરી શકે છે પણ માનવ બાળ તાલીમ દ્વારા તરી તો શકે જ છે, પક્ષી હવામાં ઉડી શકે છે તો મનુષ્ય પાંખ વિના વિમાનમાં ઉડી શકે છે, ચિત્તો સૃષ્ટિનો સૌથી ગતિવાન પ્રાણી હોય તો માનવ તાલીમ દ્વારા સેકન્ડના દશમા ભાગમાં કે સોમા ભાગમાં બ્રહ્માંડ સર કરી લે છે. જે-જે એક એક વિશિષ્ટ શક્તિ જુદા જુદા પ્રાણીઓમાં છે તે એકી સાથે મનુષ્ય તાલીમ દ્વારા પોતામાં વિકસાવી શકે છે. જે શક્તિ પ્રાણીઓમાં આવેગ દ્વારા હોય તે મનુષ્ય મર્યાદા દ્વારા પણ પેદા કરીને માણી શકે છે. આ માનવ એવું વર્જન છે જે સદાય upgrade થયા જ કરે છે, સતતપણે, અવિરતપણે, અનિત્યપણે, from finite to infinite દર ક્ષણે updated, upgraded, નવો, પરિવર્તનશીલ કઈ રીતે ? જીજ્ઞાસા દ્વારા, by Imgagination. મનુષ્ય જીવનની ઉત્ક્રાંતિ, સંસ્કૃતિઓ, સભ્યતાઓ, સાહિત્ય-કલા, વિજ્ઞાન-ટેકનોલોજીનો વિકાસ આ બધું જ જીજ્ઞાસાના પરિણામે છે. આ જીજ્ઞાસા જ કંઈ કેટલીયે નવી શોધોના દ્વારા ખોલે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણની વાત આ જીજ્ઞાસાના સિદ્ધાંત પર જ અવલંબે છે ઉત્પન્ન થયેલી જીજ્ઞાસાને અનુરૂપ સત્ય શોધન ( Seauching) સ્ટાર્ટ થતું હોય છે. જીજ્ઞાસામાં કેટલી Reality તે માટે મહેનત કર્યા બાદ કોઈ Theory (સિદ્ધાંત) માટે Practical થતું હોય છે અને અંતે Vision-Theory-Invention આપણી આ દુનિયામાં exist થતું હોય છે. મા માત્ર વૈજ્ઞાનિક પદ્ધતિની જ વાત નથી. પરંતુ આગળ કહ્યું તેમ આપણી સંસ્કૃતિ, સભ્યતા બધું જ આ પદ્ધતિ પર જ અવલંબે છે. જીજ્ઞાસાએ કુશળતા (skill) ડેવલપ કરે છે. આપણે જે પણ ક્ષેત્રથી જોડાયેલા છીએ ચાહે એ study, business, social work, etc. બધાંમાં પોતાની upliftment કરવા imagination અને ઉપરોક્ત vision ડેવલપ કરવું પડે. માનવનો કોઈપણ action એ Imagination થી જોડાયેલું છે. આજના superfast યુગમાં અણઘડ જીવનશૈલીની સફળતાથી ચિરશાંતિ સુધીનો માર્ગ Imaginationથી બુદ્ધિનો તાળો ખોલવાથી જ મળી શકે. આમ, બુદ્ધિના વિકાસથી વિજ્ઞાનનો વિકાસ જોડાયેલો છે અને વિજ્ઞાનનો વિકાસ મનુષ્યને વધારે upgrade કરે છે. વિજ્ઞાન મનુષ્યને ધર્મ, અધ્યાત્મ, દૈહિક અને માનસિક શાંતિ બક્ષે છે. આ એક લાંબી અને તબક્કાવાર પ્રક્રિયા છે જે સમજવા માટે આપણે તેમાં બાધા બનતા પરિબળો, સમસ્યાઓ અને ઉકેલ પર પ્રકાશ પાડવો જરૂરી છે. જેમાંથી આગળ વધતા આપણે પરમ શાંતિ final peace પર પહોંચી જશું. તો ચાલો તમે પણ મારી આ બાબત સાથે સંમત હશો જ તો વિજ્ઞાનની આંગળી પકડી લો.

# આદ્ય કવિ : અખા ભગત

- કુ. જીનલ સોલંકી (માંડવી)

અગાઉના અંકોમાં આપણે સૌએ આપણા આદ્યકવિ એવા શ્રી નરસિંહ મહેતા અને મીરાંબાઈની રચનાઓનો સ્વાદ માણ્યો. આ વખતે પણ આવા જ આપણા પ્રાચીન કવિઓ પૈકીના એક એવા 'અખા ભગત'ના પદોનો રસાસ્વાદ કરીશું. સલ્તનત કાળમાં થઈ ગયેલા ગુજરાતીના બહુ મોટા સાહિત્યકાર તરીકે તેમનું નામ જાણીતું છે.

અખા ભગતનો ટૂંકો પરિચય આપું તો તેમનો જન્મ ૧૫૯૧માં થયો હતો. અખાએ જેતલપુરથી આવીને અમદાવાદ વસવાટ કર્યો હતો અને જીવનના શરૂઆતના ગાળામાં તે સોનીનો વ્યવસાય કરતાં. આજે પણ અમદાવાદમાં તેઓ જ્યાં વસવાટ કરતા તે ખાડિયાની દેસાઈની પોળનું એક મકાન 'અખાના ઓરડા' તરીકે ઓળખાય છે. એમના અંગત જીવનમાં એમની ધર્મની માનેલી બહેન અને એમના ગુરુએ એની સાથે વિશ્વાસઘાત કર્યો, ઢોંગ કર્યો ત્યારથી તેમને લાગ્યું કે આખા સમાજમાં બધી જ જગ્યાએ ઢોંગ અને અસત્ય ચાલે છે અંતે ત્યારથી તેમને 'છપ્પાઓ' લખવાનું શરૂ કર્યું. અખાએ ૭૪૬ જેટલા છપ્પા લખેલા છે. થોડા છપ્પાઓનું રસાસ્વાદ કરાવું.

(૧) 'તિલક કરતાં ત્રેપન વહ્યા,
ને જપમાળાના નાકાં ગયાં
તીરથ કરી કરી થાક્યા ચરણ,
તોય ન પહોંચ્યો હરિને શરણ
કથા સુણી સુણી ફૂટ્યા કાન,
તોય અખા ન આવ્યું બ્રહ્મજ્ઞાન.'

અખાએ ધર્મના નામે ચાલતી અંધશ્રદ્ધાઓ, આડંબરો, દેખાડાઓ પર ખૂબ સરસ કટાક્ષ કર્યો છે. ઈશ્વરને પામવામાં જ્ઞાન મેળવવામાં તિલક કરવામાં ૫૩ વર્ષ વીતી ગયા, માળા ફેરવી ફેરવીને માળાનાં નાકાં ઘસાઈ ગયા, ચરણ થાક્યા એટલાં તીર્થ ફરી વળ્યા, કથાઓ કેટલીએ સાંભળી નાખી તેમ છતાં ઈશ્વરનું શરણ મળ્યું નહિ. બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું નહિ.

(૨) 'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન,
એ અખા બહુ ઉતપાત,
ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત ?

આમ, તો અખાની રચનામાં એમની ભાષા, શબ્દોની પસંદગી એકદમ સરળ છે. વધુ વિશ્લેષણની આવશ્યકતા નથી.



રેખાંકન : જીનલ સોલંકી

અહીં પણ અખાએ કટાક્ષ જ કર્યો છે અંતમાં એમણે ખૂબ સરસ કહ્યું છે કે ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત ? વર્ષોથી એક જ વાત વહેતી થાય છે કે 'ઈશ્વર એક જ છે.'

(૩) ''દેહાભિમાન હુતો પાશેર, વિદ્યા ભણતાં વધ્યો શેર
ચર્ચાવાદમાં તોલે થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો;
અખા એમ હલકાથી ભારે હોય, આત્મજ્ઞાન મૂળગું ખોય.'

ખૂબ સરસ અખાએ વાત કરી છે કે ''પોતાના દેહનું અભિમાન પા-શેર જેટલું તો હતું જ એમાં એ વળી ભણ્યો તો અભિમાન પા-શેરમાંથી શેર થયો... એમાંય લોકોની સાથે ચર્ચામાં જોડાતો તો હવે અભિમાન એક શેરમાંથી ૧ તોલા જેટલો થઈ ગયો. એમાંય વળી ગુરુ થઈ ગયો તો અભિમાન હવે ૧ તોલામાંથી ૧ મણ થઈ ગયો...

અખો કહે છે આમ જ અભિમાન વધતો ગયો હતું કાંઈ નહિ ને બધું દેખાડતો ગયો અને અભિમાનમાં જ બધું ખોઈ દીધું.

અખાના ઘણા છપ્પાઓ છે પણ સ્થળ સંકોચના લીધે બીજા આવતા અંકમાં માણીશું.

છેલ્લે એક વાત કહું તો હમણાં જ જાહેર થયેલ ધોરણ-૧૨ના પરિણામમાં માતૃભાષામાં ૭૦,૦૦૦ વિદ્યાર્થીઓ નાપાસ થયા. આ કેવી કરૂણતા...! આપણે ગુજરાતીઓ પાસે તો આવો નરસિંહ, મીરાંનો અદ્ભુત વારસો છે ત્યારે માતૃભાષા પ્રત્યેની શુગ જ આ પરિણામમાં પ્રતિબિંબિત થાય છે. અરે, માતૃભાષા જ નહિ ગમે તો આપણે આવા અખાં જેવા કવિઓને આપણા ભવ્ય વારસાને કેમ કરીને માણીશું... ?

અહી રજૂ થયેલ નંબર (૧) અને નંબર (૨)ના છપ્પામાં અખાએ જે વાત ૧૫મી સદીમાં કહી છે તે અત્યારે 'Oh My God' ફિલ્મમાં જોવા મળે જ છે. છતાં 'Oh My God' જોવી ગમે છે. અખાના છપ્પા વાચવા નહિ... તો ચાલો. કંઈ નહિ બસ આપણે જ આપણા વિચારોને પરિવર્તિત કરીએ. ●

# શબ્દ બાગ

- શ્રીમતી લતાબેન સોલંકી (ભુજ)

(૧)

વેકેશન પૂરું થવામાં છે. વેકેશનમાં ખૂબ ખૂબ મજા કરી. હર્યા ફર્યા નવી ગેમ રમ્યા. બસ હવે તો નવો સ્કૂલ ડ્રેસ, નવા ચોકડા, નોટબુક, કંપાસ, વોટર બેગ, લંચ બોક્સ બધું આવી ગયું હશે. મિત્રોને શાળામાં મળવાની વેકેશનમાં કરેલી મજા, મોજમસ્તીની વાતો કરવાની તાલાવેલી હશે. તો બાળ દોસ્તો તમે કરેલી મોજમસ્તીની વાતો મિત્રોની સાથે સાથે જ્ઞાતિ સેતુના બાળમિત્રો સાથે પણ શેયર કરજો. છે ને ... મજાની વાત... તો ચાલો કાગળ કલમ ઉપાડો... લખો તમારા ફોટા સાથે જ્ઞાતિ સેતુના આ સરનામે પોસ્ટ કરો.

**અતુલ સોની : ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર પાસે, દેવાશિષ સ્કૂલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.**

ઈ-મેલ : editor@gnyatisetu.com

બાળ દોસ્તો તમારી મોજમસ્તી ભરી વાતો, પ્રવાસ કે અન્ય વિગતો મોકલી આપશો ને ? જ્ઞાતિ સેતુ તમારા અનુભવોને પ્રકાશિત કરવા આતુર છે તો ચાલો... મંડી પડો...

(૨)

આપણા દેશ વિશે તો તમે ઘણું ઘણું જાણો છો. તો ચકાશો તમારું જ્ઞાન અને જોડકા ગોઠવો.

| જવાબ લખો | |
|---|---|
| ૧. રાષ્ટ્રીય વૃક્ષ | ૧. મહાત્મા ગાંધી |
| ૨. રાષ્ટ્રીય ફુલ | ૨. જનગણમન... |
| ૩. રાષ્ટ્રીય રમત | ૩. ત્રણસિંહ વાળી આકૃતિ |
| ૪. રાષ્ટ્ર ગીત | ૪. વંદે માતરમ્ |
| ૫. રાષ્ટ્ર પિતા | ૫. ૯૫ |
| ૬. રાષ્ટ્રીય મુદ્રા | ૬. કમળ |
| ૭. રાષ્ટ્ર ગાન | ૭. હોકી |

(૩)

**ચામાચીડિયા અનો અલ્ટ્રાસાઉન્ડથી ભોજન**


બાળ દોસ્તો છે ને .. અજબ જેવી વાત ચામાચીડિયા અને અલ્ટ્રાસાઉન્ડ હા .. કુદરતે ચામાચીડિયાને અલ્ટ્રાસાઉન્ડની બક્ષિસ આપી છે. અલ્ટ્રાસાઉન્ડ એટલે અવાજના મોજા કે જે સામી વસ્તુ ઉપરથી અથડાઈને પાછા ફરે. પાછા ફરેલા મોંજાને ઝીલીને સામેની વસ્તુ ક્યો છે અને કેવડી છે તે જાણ થઈ જાય. અલ્ટ્રાસાઉન્ડ મોજા દૂર સુધી જઈ શકે છે. સાંભળી શકાતા નથી



**ચામાચીડિયા દિવસે ઝાડ પર લટકે અને રાત્રે શિકાર કરવા નીકળે..**

એટલા સુક્ષ્મ હોય છે. ચામાચીડિયા અલ્ટ્રાસાઉન્ડના મોજા વાતાવરણમાં સતત છોડ્યા કરે છે. તે હવામાં ઉડતાં જંતુઓ સાથે અથડાઈને ચામાચીડિયા તરફ પાછા આવે છે. ચામાચીડિયા આ અવાજને ઝીલીને મચ્છર જેવા જંતુઓનુ સ્થાન પારખીને તેને ઝડપી લે છે. અલ્ટ્રાસાઉન્ડ ઘણા ઝડપથી વહે એટલે આ ક્રિયા પલવારમાં શિકાર કરે છે.

**(૪) રસ્તો શોધો**



**(૫) હું નાનું બચ્ચું**

- ટબલી

હું નાનું બચ્ચું
મ્યાઉં મ્યાઉં મ્યાઉં
હું બીલાડીનું નાનું બચ્ચું
સાત ઘરમાં સાથે ફરતું
સાતે દિવસે આંખ ઉઘાડું

માં શીખે ઈ શીખવાનું
હું બીલાડીનું નાનું બચ્ચું
ચીં ચીં ચીં ....
હું ચકલીનું નાનું બચ્ચું
મારે તો માળામાં રહેવાનું
માં દાણા મોમાં આપે.
ખુશ ખુશ થઈ ખાવાનું
માં શીખવે ઉડવાનું
ઊડીને આકાશે રમવાનું
હું ચકલીનું નાનું બચ્ચું.
ઊંવા ઊંવા કરતું કોયલ બચ્ચું
માં મને મુકી ગઈ છે.
કાગડીમાંના માળામાં
મન થાય બહુ રડવાનું
કાગડીમાં જશોદામાં થઈ
જમાડે શીખવે ઉડવાનું
પછીતો કુહૂક કુહૂક ગાવાનું
હું કોયલડીનું નાનું બચ્ચું

બાળકો આવાતો કેટકેટલાય પશુ પંખીના અવાજ વિશે આપ જાણતા જ હશો. તો ઉપાડો પેન અને લખો પશુ પંખીના નામ અને અવાજ....

---

**ચિત્ર : સોની કિશન રમેશભાઈ (કટ્ટા) નખત્રાણા-કચ્છ**
**ધોરણ-૭ કેશવ, વિદ્યાલય**



## (૬) સ્વચ્છતાનું મહત્ત્વ

આંબાના બગીચામાં કોયલબેન ને પોપટભાઈ એકજ ડાળ પર રહે. સવાર પડેને કોયલ તો જૈશ્રી કૃષ્ણને ગુડમોર્નીંગ સહુને કરે અડધા કલાક ભગવાનનું નામ લે .. પછી નીકળી પડે .. આંબાની ડાળે બેસે ને કુહૂ કુહૂ કરે, દાણા ચણે આ .. બસ આજ એનો નિત્યક્રમ.. અને પોપટભાઈતો આળસુ, મહા આળસુ સૂરજ નો તડકો માથે આવે ત્યારે માંડ ઊઠે ને સીધો ચણવા ચાલ્યો જાય.. કોયલબેન ઘણી વાર કહે, પોપટભાઈ વહેલા ઊઠી ભગવાનનું નામ લેવાય પછી ચણવા જવાય.. પણ માને તે પોપટભાઈ શાના...

બસ એમ કરતા સમય વિતતો ગયો અને પોપટભાઈતો વધુને વધુ આળસુ થતા ગયા. ને ચોમાસાના દિવસો નજીક આવી પહોંચ્યા. કોયલબેન કહે પોપટભાઈ ચાલો ઝાડની બખોલ સાફ કરીએ તો ચોમાસામાં છાપરું મળી રહે..ને વરસાદમાં પલળીએ પણ નહીં.. અને તમે જ કહો કઈ બખોલમાં તમારે રહેવું છે... નાની કે મોટી.. અને પોપટભાઈએ તો મોટી બખોલ પસંદ કરી...કોયલેતો પોતાની નાની બખોલ સાફ કરવા માંડી.. અંદર પડેલા સૂકા પાંદડા કચરો માટી બધું ભેગું કરી બહાર કાઢીને બખોલને ચોખ્ખી ચણાક કરી નાખી.. પોપટ ઊઠ્યો ત્યાં સુધીતો કોયલબેન બખોલમાં નિરાંતે ભગવાનનું નામ લેવાનું શરૂ કરી દીધું હતું...

પોપટ ચણીને આવ્યો અને કોયલને કહ્યું કોયલબેના મારી મીઠી મીઠી વાણી વારી બેના. મને મદદ કરાવને મારી બખોલતો મોટી છે એકલાથી નહીં થાય... કોયલે શરત મુકી કે જો રોજ બખોલ તમારે સાફ કરી લેવાની... પણ જો નહીં કરતો.. હું તેમાં રહીશ અને તું નાની બખોલમાં...

..કાયલબેને બખોલ સાફ કરી પણ પોપટતો કામને હાથ પણ ન જ લગાવ્યો, ન પાંદડા કાઢ્યા ન કચરો હટાવ્યો કશું જ ન કર્યું... કોયલ એકલી એકલી સાફ કરતી રહી.. પોપટભાઈ ચાલો તમારી બખોલ પણ સાફ થઈ ગઈ. હવે શાંતિથી પોઢો.. કોયલ બોલી..પોપટને તો મજા પડી ગઈ. વગર કામ કર્યે મોટી જગ્યામાં આરામથી રહેવા મળ્યું.

કોયલ તો રોજ પોતાની બખોલ સાફ કરી નાખે. પોપટતો બસ એમાંજ ખાય, કચરો કરે, ચરકે, ને ગંદકી કર્યા કરે. સફાઈનું તો નામ નહીં. કાયલ રોજ સમજાવે સ્વચ્છતા ત્યાં પ્રભુતા. સ્વચ્છતા ત્યાં આરોગ્ય પણ પોપટતો એક કાને સાંભળી બીજા કાનમાંથી કાઢી નાખે. થોડાક દિવસ પછી પોપટભાઈનો અવાજ ધીમો ધીમો સંભળાતો હતો. જાણે શરદી

કફથી અવાજ બેસી ગયો હોય કોયલે પુછ્યું કેમ શું થયું છે. બહાર નથી જતાં. પોપટ કહે કશું નહીં બસ જરા શરદી છે તાવ છે.

કોયલ તો ચકલાભાઈ ડૉક્ટરને તેડી આવ્યા પોપટભાઈની બખોલમાં આવવાની વિનંતી કરી. ચકલા ડૉક્ટરતો અંદર આવવાની સાફ ના પાડી.. અરે.. કેટલી ગંદી વાસ આવે છે પોપટભાઈના ઘરમાંથી. આટલી બધી ગંદકી હોય તો તો પછી માંદા જ પડાય.. કોયલબેને પોપટભાઈને પોતાની સ્વચ્છ બખોલમાં લઈ આવ્યા.

ચકલા ડૉક્ટરે નાડી, આંખ અને કાન તપાસીને કહ્યું આને વાયરલ ઈન્ફેક્શન છે.. સ્વચ્છતા નહીં જાળવે તો ગમે તે થઈ શકે. પોપટભાઈ ખાંસતા રહ્યા કોયલબેને ફરી મોટી બખોલ સાફ કરી.

પોપટભાઈ સાજા થયા. હા સ્વચ્છતા જાળવો. સ્વચ્છ રહેવાય એની સમજણ આવી અને પોપટભાઈએ હંમેશા સ્વચ્છતા જાળવી જીવન સુખમય બનાવવાનો સંકલ્પ કર્યો.

## કાવ્ય

### રમતી'તી રાસમાં...

રમતી'તી રાસમાં એ બહુચરની સાથમાં
વારે વારે લેતી ઓવારણા... હું.. (૨)
કોણે આંગણીએ....
દુર્ગા સંગ કાલીએ માંડ્યા રીસામણાં
શાને કરે છે બેની આવા સતામણાં
રાસે રમવા ન લીધી સાથમાં (૨)
કોણે આંગણીએ....
બાળકનો સાદ સુણી દોડી ઉતાવળી
સામા મળ્યા મને બહુચર બીરદાળી
નથી વિસારી તને બેનડી (૨)
કોણે આંગણીએ....
આવા રિસામણા તુજને ન શોભે
મલકતું મુખ જોઈ બાળ મન લોભે
ઘેલા બન્યા છે તારા ગાનમાં (૨)
કોણે આંગણીએ....
બાળક બોલાવે માડી બેઉ કર જોડી
રમવા સૌ સખી આવો સાથ જોડાજોડી
બાળક લાગે તને પાય રે.. (૨)
કોણે આંગણીએ....

**ગં.સ્વ. અમૃતબેન પોમલ, રાયપુર**

### (૭) શબ્દો ગોઠવો અને ચોરસમાં શબ્દો બનાવો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પં | જ | ક | | પં | ક | ન |
| ક | મ | ન | | ક | વ | ન |
| વ | ન | જ | | જ | ન | મ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ધ | મા | વ | | | | |
| ક | ડ | ધ | | | | |
| રો | વ | ક | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ | કો | રો | | | | |
| ણ | ઢ | ણ | | | | |
| ઢ | રો | કા | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| દ | ઉ | શાં | | | | |
| શ | ય | સ્વી | | | | |
| દ | શ | ય | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ર | દં | મ | | | | |
| ગ | મ | લ | | | | |
| ણું | લ | ગ | | | | |

રોહિણી બુદ્ધભટ્ટી

## પ્રતિભાવ

જ્ઞાતિ સેતુના દરેક અંક ખૂબ માહિતીવાળા હોય છે. સમાજમાં શિક્ષણ અને એકતા વધે તે માટે સેતુ યોગદાન આપતું રહે. ગત અંકના ટાઈટલ પેજ સમાજ એકતાનો સંદેશ આપેલ તે બહુ સુંદર લાગ્યો. ઈતિહાસમાં શ્રી પ્રાગજીભાઈ બુદ્ધભટ્ટીએ મહાબંદર કંડલાના વિકાસમાં યોગદાન આપેલ તેની જાણ પ્રથમ વખત સેતુ મારફતે થઈ. અભિનંદન આપણા કવિઓ વિશે કુ. જીનલ સોલંકીના રસાસ્વાદના લેખો સરસ છે. સેતુની પ્રગતિ માટે શુભેચ્છા.

**રાજેશભાઈ સોની (ભુજ)**

# રાજમહેલ કે ધર્મશાળા

- હેડાઉ લતાબેન સોની નાગલપુર (માંડવી)

એક હતા સંત હરતા ફરતા એક નગરમાં આવી ચડ્યા સંતોને રમતાં રામ કહેવામાં આવે છે કે હંમેશા એ ફરતાં જ રહે છે. કોઈ ઠેકાણે સ્થિર નથી રહેતા, એક જગ્યાએ પડ્યા રહેવું એ સાધુનો ધર્મ નથી એક અનુભવી કવિએ ઠીક જ કહ્યું છે, કે

વહેતા પાણી નિર્મળા, બાંધ્યા સો ગંધાય,
સાધુતા રમતા ભલા, જાકો ડાઘ ન લાગે કાય.

આ સાધુ તો બસ ફરતારામ આજે એક ગામ તો કાલે બીજે ગામ. એક ગામમાં એક રાતથી વધુ રહેવાની બાધા ! આ સાધુ ફરતાં ફરતાં રાજાના મહેલમાં આવ્યા આલિશાન મહેલ હતો. રજા લીધા વિના મહેલમાં ન પહોંચાય. પરંતુ આ સાધુ તો કોઈને પુછ્યા ગાછ્યા વિના મહેલમાં પેઠા અને ગયા સીધા રાણીના મહેલમાં ત્યાંજ એમણે આસન જમાવ્યું. રાણીઓમાં હો-હો થઈ ગયું.

થોડીવારમાં સાધુને રાણીના મહેલમાંથી બહાર કાઢવા માટે ચોકીદારો દોડતા આવ્યાં સાધુનો હાથ પકડીને ઊભા કર્યા. અને કહ્યું મહારાજ આ કાંઈ ધર્મશાળા નથી કે અહિં ધામા નાખ્યા ! બહાર નીકળો આતો મહારાણીનો મહેલ છે. 'શું કહ્યું !' મહાત્માએ શાંતિથી કહ્યું, 'આ ધર્મશાળા નથી ?', કેવી પાગલ જેવી વાત કરો છો, આ રાજ મહેલ છે છતાં આપ તેને ધર્મશાળા કહો છો? ચોકીદારો ગુસ્સે થઈને કહ્યું નીકળો છો કે નહી, નહી તો ચૌદમાં રત્નનો સ્વાદ ચખાડવો પડશે.

રાજ મહેલમાં ઘોંઘાટ સાંભળીને ખુદ રાજા પણ ત્યાં આવ્યા. રાણીના મહેલ પાસે સાધુ અને ચોકીદારો નું વાક્યુદ્ધ જાયું. રાજાને જોતા જ ચોકીદારો નરમ થયા. રાજાને વિવેકપૂર્વક કહેવા માંડ્યું "જહાંપનાહ" ! આ કોઈ વિચિત્ર સાધુ લાગે છે આપણા રાજ મહેલને એ "ધર્મશાળા" માને છે.

રાજાએ પૂછ્યું : મહારાજ ! આ સાચી વાત છે ? શું રાજ મહેલને તમે ધર્મશાળા કહો છો, હા રાજન ! હું તો રાજમહેલને ધર્મશાળા જ માનું છું. આપ ભલે રાજમહેલ માનો પણ હું તો એને ધર્મશાળા જ માનું છું. સાધુએ સીધો જ ઉત્તર આપ્યો.

રાજા વિવેકી હતો. તેને લાગ્યુ કે માનો ન માનો પણ સાધુના કહેવામાં કંઈક તથ્ય તો હશે. નહિ તો વારંવાર પૂછવા છતાં રાજ મહેલને ધર્મશાળા ન માને. સાધુ મહારાજ ! મને સમજાવો કે આ રાજમહેલ ધર્મશાળા શાથી ?

સાધુએ મૂળ મુદ્દાથી શરૂઆત કરી, બોલો રાજા ! આ રાજ મહેલમાં અત્યારે કોણ રહે છે ?

હાલતો હું રહું છું ! રાજાએ કહ્યું.

તમારા પહેલા અહીં કોણ રહેતું હતું ?

બીજું કોણ રહે ? મારા બાપા.

ઠીક એની પહેલાં ? મારા દાદા

બહું સારું તે પહેલા ?

મારા વડદાદા.

સાધુએ પૂછ્યું એક પછી એક બધા આ રાજમહેલને છોડી ને કેમ જતા રહ્યા ? કેમ કોઈ કાયમ ન રહ્યું ?

'એ તો સૌ સૌની વેળા આવે એટલે જવું જ પડેને ?' રાજાએ જવાબ આપ્યો. 'આપની વાત તદ્દન સાચી છે.' મહાત્માએ કહ્યું. ધર્મશાળાનો કાયદો આપ જાણો છો ? ધર્મશાળામાં પણ અમુક નિયત સમય સુધી જ રહી શકાય. ત્યાં પણ કાયમ રહેવાનું નથી. એ જાહેર ધર્મશાળામાં બે-ચાર દિવસ રહેવાનું હોય છે. જ્યારે તમારી પોતાની ધર્મશાળામાં તેમે જીવો ત્યાં સુધી રહી શકો છો. મરણ આવ્યું કે આ (ધર્મશાળા) રાજ મહેલ રૂપી તમારે છોડવી જ પડશે. ત્યાં તમારું કોઈ જોર નહિં ચાલે આ તો તમને સમજાવવા ખાતર મહેલને ધર્મશાળા કહી પણ હું તો આખી દુનિયાને પણ ધર્મશાળા જ માનું છું. જ્યાં એક આવેને બીજો જાય અને ધર્મશાળા નહિં તો બીજું શું કહેવાય ?

સાધુની વાત સમજીને રાજાને સમજાઈ ગયું ખરેખર આખી દુનિયા એક ધર્મશાળા જ છે.

**બુદ્ધ અને મહાવીર પરમેશ્વરમાં માનતા ન હતા. બંને મહા માનવો નિરીશ્વરાવાદી હતા, પરંતુ ધર્મ પર ભાર મૂકનારા હતા. ધર્મનો ખરો સંબંધ માનવતા સાથે છે. જે માનવતાના ખોળામાં ખીલે તે ધર્મ છે અને જે માનવતાનો ખોળો છોડીને ખીલે તે સંપ્રદાય છે. નાસ્તિક માણસને અધાર્મિક ગણવાનું યોગ્ય નથી. નાસ્તિક માણસ માનવતાવાદી હોઈ શકે છે.**

**Youth Corner**

# A corner to communicate in the language you like

Drishti Soni (Raipur)



This corner is dedicated to the youth of our community. They can share their views, express themselves language in they feel comfortance. In this issue Miss Drasti Soni has expressed her views. Miss Drasti is commerce graduate residing at Raipur. She is a choreographer and presently learning classical dance form-Kathak from Khairagarh University.

## Todays Youth

As per the recent study it is found that the mental health of teenagers has sharply declined in last 25 years 15 years olds have behavioural problems such as lying, stealing and being disobedient, there more than doubled.

The rate of emotional problems such as anxiety and depression has increased by 70% among adolescents, according to the siggest time trend study conducted in Britain.

Boy are likely to exhibt behavioral problems and girls are more likely to suffer imotional problems. Now running at one in five of 15 years old girls. The study found no increase in aggressive behaviour such as fighting and bullying, and no increase in rates of hyperactivity conformity attacking today' youth.

In today's youth there is an alarning rise in conformity compared to the previous years. When the people of the society, especially the youth forgot who they are, there becomes a certain mindest.

In this mindset the youth begins to over value other people's opinions. This mindset allows the media to control what they look like and this mindset discourages being unique. Without individuals acting individually society becomes boring bland and basic.

Comformity is starting at the home in the living room of million of families. The television has become the most prominent mediaum used to control teens lives.

"Television emerges as the important influence in children life today."

I am not only focusing on the negatives about youth future but due to all this stuff like. TV, phones they are so much addicted that they are not able to found their inner strength. Today's youth are very much intelligent its just they need the real guidence and focus on their goals, aims to become successful. Today's youth are somewhere so much distracted from their daily life style due to that they are getting depressed negative thoughts are atacking there minds. But only they can some out from all this, no one can help them.

A simple message for today's youth is "Just be yourself think wisely, keep good thoughts, be a successful person, think positive and try to deal with situations."

"Youth are the future of our better tommorow."


F.Y., S.Y., T.Y. સાથે અને ગ્રેજ્યુએશન પછી

**IAS, IPS + GPSC**

**તૈયારી માટે, વાલીઓ અને વિદ્યાર્થીઓ જાગૃત બનો**

સેમિનાર, ડેમો લેક્ચર, પછી ફી રૂા. 50 હજારથી 1 લાખ !! પાસ થાવ ત્યાં સુધી ભણો, આ પરીક્ષાઓ માટે આ વાતો પાયા વગરની છે. અભ્યાસ સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માત્ર શનિ-રવિમાં જ થાય.

લોક સેવા IAS ટ્રેનીંગ સેન્ટરમાં મટીરીયલ સાથે

ફી માત્ર રૂા. 15,000/- છે.

અંગ્રેજી/ગુજરાતી માધ્યમ, 5 જુલાઈથી 17 એપ્રિલ 2016 સુધી માત્ર શનિ-રવિના વર્ગો, ગ્રેજ્યુએટ માટે અલગ બેચ

(ઓછી ફીમા ઉત્તમ શિક્ષણ મેળવો)

આ ટ્રસ્ટ સમાજસેવા માટે આ કાર્ય કરે છે.

**લોક સેવા ટ્રસ્ટ**

૩, સંગાથ એપાર્ટમેન્ટ, SBIની પાછળ, સ્ટેડિયમ-૫ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ. ફોન : 26430419

M. : 9723336482, 9638954788

# તમારી એન્જિયોપ્લાસ્ટીની પ્રક્રિયાને સમજો

- ડૉ. મયંકકુમાર કિશોરચંદ્ર છાયા

આજ કાલ કોરોનરી આર્ટરીઝ એટલે કે હૃદયને રક્ત પહોંચાડનાર રક્તવાહિનીઓને લગતા રોગોનું પ્રમાણ સમાજમાં સવિશેષ વધતું જાય છે. જો આ રક્ત વાહિનીઓ સંકોચાઈ જાય અથવા સંપૂર્ણપણે બંધ થઈ જાય તો તેમાં રક્તપ્રવાહને વહેતો રાખવા અથવા તો હૃદય સુધી ઓક્સિજન પહોંચાડવા માટે સામાન્ય રીતે ઈલાજની જરૂર પડે છે.

**કોરોનરી આર્ટરી ડિસીઝ શું છે ?** એથેરો સ્કલેરોસિસ નામની પ્રક્રિયાને કારણે હૃદયને રક્ત પૂરું પાડતી રક્તવાહિનીઓમાં 'પ્લેક' નામનો મીણ જેવો એક પદાર્થ જમા થવા લાગે છે ત્યારે આ પ્લેકની જમાવટને કારણે રક્તવાહિનીઓનો અંદરનો હિસ્સો સંકોચાવા લાગે છે અને તેથી જ હૃદયને જોઈતાં પ્રમાણમાં રક્ત અને ઓક્સિજનનો પૂરવઠો મળતો નથી. અને આ પરિસ્થિતિને જ કોરોનરી આર્ટરી ડિસીઝ કહેવામાં આવે છે. હૃદયમાં ઓછાં પ્રમાણમાં રક્તનો પ્રવાહ મળવાથી છાતીમાં દુઃખાવો (એન્જાઈના) અને હાથ તથા ખભા જડ થઈ જવા જેવી સમસ્યાઓ સર્જાઈ શકે છે. કેટલાક કિસ્સામાં આને લીધે હૃદયરોગનો હુમલો પણ આવી શકે છે.

**કોરોનરી આર્ટરી ડિસીઝના જોખમી પરિબળો :**

૧. હાઈ બ્લડપ્રેશર (જેને હાઈપર ટેન્શન પણ કહે છે.), ૨. ડાયાબિટીશ, ૩. રક્તમાં કોલેસ્ટેરોલનું વધુ પડતું પ્રમાણ, ૪. સ્થૂળતા, ૫. શારીરિક પ્રવૃત્તિઓનો અભાવ/બેઠાડુ જીવન, ૬. ધૂમ્રપાન, ૭. ૬૫થી વધુ ઉંમર, ૮. પરિવારમાં કોઈ સભ્યને કોરોનરી આર્ટરી ડિસીઝ થયો હોવાનો દાખલો હોવો.

ઉપર વર્ણવેલાં જોખમી પરિબળો સાથે જો તમારો સીધો સંબંધ હોય તો તમારે તમારા પરિવારના ડૉક્ટરની સલાહ લઈ હૃદયરોગને થતો અટકાવવા અગાઉથી જ માર્ગદર્શન મેળવી લેવું જરૂરી છે.

ઈ.સી.જી. દ્વારા હૃદયની વિદ્યુતકીય પ્રવૃત્તિને રેકોર્ડ કરવામાં આવે છે. ઈ.સી.જી. અથવા 'સ્ટ્રેસ ટેસ્ટ' દ્વારા એ જાણવા મળે છે કે જ્યારે તમારી શારીરિક પ્રવૃત્તિ સામાન્ય જ હોય અથવા આ શારીરિક પ્રવૃત્તિ વધી જાય છે ત્યારે તમારું હૃદય કઈ રીતે કામ કરે છે ? જો ઓક્સિજનના અભાવે આપણું હૃદય બરોબર કામ ન કરતું હોય તો તેની જાણ ઈ.સી.જી. અને 'સ્ટ્રેસ ટેસ્ટ' આ બંને પરીક્ષણ દ્વારા થઈ શકે છે.

ઈ.સી.જી. કે સ્ટ્રેસ થયા બાદ ડૉક્ટર કોરોનરી એન્જિયોગ્રામ (એન્જિયોગ્રાફી)ની સલાહ આપે છે. આ પરીક્ષણ સામાન્ય રીતે ૨૦થી ૪૦ મિનિટમાં જ થઈ જાય છે. આ પ્રક્રિયા વિશિષ્ટ ધોરણે તૈયાર કરાયેલ રૂમ એટલે કે કાર્ડિયાક કેથેટરાઈઝેશન લેબોરેટરી (કેથ લેબ)માં કરાય છે. જેના દ્વારા બંધ રક્તવાહિની કઈ છે અને કેટલી હદે બંધ થઈ ગઈ છે અથવા સંકોચાઈ ગઈ છે તે પણ જાણી શકાય છે. એન્જિયોગ્રાફી પહેલાં ઈસીજી, જરૂરી રક્ત પરીક્ષણો કરીને હૃદયની ગતિ તથા ધબકારા પર નજર રાખવા છાતી પર ઈલેક્ટ્રોડ્સ લગાડી દેવામાં આવે છે. જે જગ્યાએથી એન્જિયોગ્રાફી કરવાની છે તે જગ્યાએ લોકલ એનેસ્થેશિયા આપી, તેને સંજ્ઞાહીન કરી, તેમની રક્તવાહિનીમાં એક નાની પોલી નળી (ટ્યૂબ) નાંખવામાં આવે છે. ટ્યૂબ વાટે ધાતુનો એક તાર અંદર પ્રવિષ્ટ કરાવાય છે જેને 'ગાઈડવાયર' કહે છે તેની સાથોસાથ જ એક પાતળો લવચિક શાફટ પણ દાખલ કરે છે જે કેથેટર તરીકે ઓળખાય છે. આ કેથેટર દ્વારા એક ખાસ પ્રકારની 'ડાઈ' ઈન્જેક્શન દ્વારા નાંખવામાં આવે છે. જે રક્તના પ્રવાહમાં ભળી જાય છે. આના પરિણામે સ્વરૂપે કાર્ડીયોલોજીસ્ટ ડૉક્ટર ટી.વી. જેવા સ્ક્રીન એટલે કે એક્સરે મોનિટર પર રક્તવાહિનીઓનું ચિત્ર જોઈ શકે છે. જેના આધારે તમારા માટે ઈલાજનો ક્યો પ્રકાર સૌથી યોગ્ય છે તેનો નિર્ણય લેવામાં આવે છે.

જો તમારા ડૉક્ટર એન્જિયોપ્લાસ્ટીની ભલામણ કરે તો તે બાબતે તમારે નિર્ણય લેવાનો થતો હોય છે. આ કોરોનરી એન્જિયોપ્લાસ્ટી અથવા PTCA (Percutaneous Transluminal Coronary Angioplasty)ની સૌપ્રથમ શરૂઆત ૧૬મી સપ્ટેમ્બરના રોજ ૧૯૭૭ની સાલમાં Andress Gruentzig નામના વૈજ્ઞાનિકે કરેલ. ૧૯૮૦ ના મધ્યભાગ પછી અનેક તબીબી સેન્ટરોમાં આ પદ્ધતિને કોરોનરી આર્ટરી ડિસીઝની ટ્રીટમેન્ટ તરીકે વ્યાપક રીતે સ્વીકારવામાં આવી છે.

**બલૂન એન્જિયોપ્લાસ્ટી :** આ પ્રક્રિયા પણ 'કેથ લેબ'માં જ કરાય છે. હાથમાં કે પગમાં જ્યાં પંક્ચર કરવાનું હોય છે, ત્યાં લોકલ એનેસ્થેશિયા આપીને જડ બનાવી દેવામાં આવે છે. ક્યારેક દર્દીને તાણમુક્ત બનાવવા ઊંઘનું ઈન્જેક્શન પણ આપવામાં આવતું હોય છે. પછી બલૂન-યુક્ત એક કેથેટરને હાથ અથવા સાથળની ધમની દ્વારા અંદર સેરવી તેને ત્યાં સુધી અંદર આગળ મોકલવામાં આવે છે, જ્યાં સુધી તે બંધ રક્તવાહિની સુધી પહોંચી ન જાય. ત્યાર પછી બલૂનને ફૂલાવવામાં આવે છે. જેથી રક્તવાહિનીની દીવાલ પર થયેલી પ્લાકની જમાવટ અંદરની તરફ દબાઈ જાય. આને લીધે રક્તવાહિનીની અંદરનો રક્તપ્રવાહ વધી જાય છે. જે સ્ક્રીન ઉપર સ્પષ્ટપણે જોઈ શકાય છે.

**સ્ટેન્ટિંગ :** ક્યારેક એવું પણ બને કે એન્જિયોપ્લાસ્ટી દરમ્યાન ડૉક્ટર રક્તવાહિનીના સાંકડા હિસ્સામાં કોરોનરી સ્ટેન્ડ બેસાડવાની ભલામણ કરે. આ સ્ટેન્ડ એક નાનકડી વિસ્તરી શકે તેવી જાળી જેવી ટ્યૂબ હોય છે જે રક્તવાહિનીની અંદર આધાર આપવાનું કામ કરે છે અને બલૂન એન્જિયોપ્લાસ્ટી પછી રક્તવાહિનીને ખુલ્લી રાખવામાં ખૂબ જ મદદરૂપ થાય છે. આજે સામાન્ય ભાષામાં કહીએ તો બે પ્રકારના સ્ટેન્ટ ઉપલબ્ધ છે. (૧) ઔષધના આવરણ વિહીન સાદા સ્ટેન્ટ (૨) ઔષધના આવરણયુક્ત વિશિષ્ટ સ્ટેન્ટ જેને Drug eluting stent પણ કહેવાય છે. ક્યું સ્ટેન્ટ વાપરવું તે માત્ર કાર્ડીયોલોજિસ્ટ જ નક્કી કરી શકે છે. Drug eluting stent પ્રમાણમાં વધુ ખર્ચાળ હોય છે. એ ખાસ જાણી લેવું જોઈએ. આ ઔષધનાં આવરણવાળા સ્ટેન્ટ ધમનીમાં સમયે સમયે થોડું થોડું ઔષધ ફેંક્યા કરે છે. જેથી Restenosis (અર્થાત ફરીથી લોહીની ગંઠાઈ જવાની પ્રક્રિયા)ને રોકી દે છે. અને હૃદયરોગનો પુનઃ હુમલો થવાની સંભાવનાને ટાળી દે છે. સ્ટેન્ટિંગ કર્યા પછી લગભગ ૦.૯ ટકા દર્દીઓમાં Restenosis થવાની શક્યતા હોય છે જે ઘાતક પૂરવાર થઈ શકે છે.

સ્ટેન્ટનું પ્રત્યારોપણ કરવા માટે શસ્ત્રક્રિયાની જરૂર નથી પડતી. સ્ટેન્ટ બેસાડવા માટે ડૉક્ટર સાથળ અથવા હાથની ધમનીમાં ચીરો

પાડી, તેના વાટે તમારી ધમનીમાં એક કેથેટર મૂકે છે. બલૂન એન્જિયોપ્લાસ્ટી જેવી જ આ પ્રક્રિયા છે. સ્ટેન્ટને રક્તવાહિનીના બંધ હિસ્સા સુધી પહોંચાડવા ખાસ તૈયાર કરાયેલા કેથેટરનો ઉપયોગ થાય છે. સ્ટેન્ટને વિસ્તરીત કરવા બલૂનને ફૂલાવવામાં આવે છે. જેવું સ્ટેન્ટ વિસ્તરે, એટલે તે રક્તવાહિનીની દીવાલ પરની પ્લેકની જમાવટને દબાવી દે છે. જેથી રક્તપ્રવાહ વધી જાય છે. એકવાર સ્ટેન્ટ પૂરેપૂરું વિસ્તરી જાય પછી બલૂનની હવા કાઢી નાંખવામાં આવે છે અને તેને શરીરની બહાર કાઢી લેવામાં આવે છે. પણ સ્ટેન્ટ કાયમ માટે તમારા શરીરમાં પ્રસ્થાપિત થઈ જાય છે. આ માટે ફક્ત એકથી ત્રણ દિવસ જ હોસ્પિટલમાં રહેવું પડે છે અને પુનઃસ્વાસ્થ્ય પ્રાપ્તિ પણ અન્ય શસ્ત્રક્રિયાઓની સરખામણીમાં ઝડપથી થાય છે.

સ્ટેન્ટિંગ થઈ ગયા પછી ૪થી ૬ કલાક ચત્તા પડ્યા રહેવાનું હોય છે. હાથનું કાંડું કે સાથળ જ્યાંથી પ્રક્રિયા થઈ હોય, તે ભાગ વાળવાની મનાઈ કરવામાં આવે છે. સાથોસાથ તે ભાગ ઉપર વજન મૂકવામાં આવે છે. ક્યારેક આ ભાગ ઉપર 'વાસ્ક્યુલર ક્લોઝર' નામનું ઉપકરણ પણ લગાવવામાં આવે છે જેથી વહેલી તકે દર્દી હરતો-ફરતો થઈ જાય. સ્ટેન્ટ પ્રત્યારોપણ પહેલાં અને પછી વિશિષ્ટ પ્રકારની દવાઓ આપવામાં આવે છે. ખાસ કરીને ભલામણ કરાતી દવાઓ છે એસ્પિરિન અને 'પ્લેરલેટ ઈન્હીબિટર્સ'. એ રક્તનો ગઠ્ઠો (થ્રોમ્બસ) થતો અટકાવે છે. હોસ્પિટલમાંથી રજા મળે ત્યારે ડૉક્ટર કે નર્સ તમારે ઘરે કઈ કઈ દવાઓ ક્યારે ક્યારે લેવાની છે તે સમજાવશે. સ્ટેન્ટિંગ પછી પણ આજીવન નિયમિત અમુક દવાઓ લેવી જ પડે છે. જો બીજા ડૉક્ટર તમને તમારી દવાઓ લેવાનું બંધ કરાવે તો તે ડૉક્ટરને તમારા કાર્ડીયોલોજિસ્ટ કે જેમણે સ્ટેન્ટ મૂક્યું હતું એ ડૉક્ટર સાથે વાત જરૂર કરાવવી જોઈએ.

સ્ટેન્ટિંગ પછી ઘેર ગયા બાદ તુરંત છાતીમાં દુઃખાવો થાય, અસુખ અનુભવાય કે પંક્ચર કરેલા ભાગમાંથી લોહી વહે તો તરત તમારા ડૉક્ટરને બોલાવો અથવા એમ્બ્યુલન્સમાં ઈમરજન્સીરૂમમાં પહોંચી જાવ તે ખૂબ જ જરૂરી છે.

તમારા ડૉક્ટર તમને જ્યારે જ્યારે ફોલો અપ વિઝિટ માટે બોલાવે ત્યારે ત્યારે નિયમિત તેમને મળો. દરેક ફોલો અપ વખતે જો ડૉક્ટર કહે તો ઈ.સી.જી. જરૂર કરાવો. શરૂઆતમાં ૧-૨ અઠવાડિયાં પછી ડૉક્ટર તમને બોલાવશે ત્યર પછી દર ૬ મહિને ફોલો અપ વિઝિટ માટે ડૉક્ટરને મળો.

**એન્જિયોપ્લાસ્ટી પછી વારંવાર પૂછાતા પ્રશ્નો :**

**૧. સ્ટેન્ટ મારાં શરીરમાં કેટલા વખત સુધી રહેશે ?**
કાયમ માટે રહેશે. એકવાર પ્રત્યારોપણ થઈ ગયા પછી તે પોતાની જગ્યાએથી સરકતો નથી.

**૨. હું મારી રોજિંદી પ્રવૃત્તિઓ ક્યારથી શરૂ કરી શકું ?**
આ અંગે કાર્ડીયોલોજિસ્ટ જ તમને જણાવશે. મોટાભાગના દર્દીઓ પ્રત્યારોપણ પછી એક સપ્તાહ બાદ પોતાની રોજિંદગી પ્રવૃત્તિઓ શરૂ કરી શકે છે.

**૩. શું મારામાં સ્ટેન્ટ પ્રત્યારોપિત છે તેની અનુભૂતિ કાયમ થયા કરશે ?**
ના.

**૪. મારે કઈ સાવચેતી મેડીકલ ચેક અપ વખતે રાખવી જોઈએ ?**
જો ક્યારેક M.R.I. કરાવવાની જરૂર પડે તો તમારા ડૉક્ટર અથવા એમ.આર.આઈ. ટેકનિશિયનને એ અવશ્ય જણાવો કે તમે સ્ટેન્ટ મુકાવેલ છે.

**૫. એરપોર્ટ સિક્યોરિટીપર થતી વખતે શું મારા સ્ટેન્ટને લીધે એલાર્મ વાગી શકે ?**
ના.

**૬. શું મને કોરોનરી આર્ટરી ડિસીઝના લક્ષણો ફરીથી દેખાઈ શકે ?**
હા જી, ઈલાજ ક્યારેય ભાગમાં કોઈ નવી ધમની અથવા અન્ય રક્તવાહિની બંધ થઈ જવાથી એવું થઈ શકે કે આ લક્ષણો તમને ફરીથી અનુભવાય. આ માટે તમારા ડૉક્ટર તમારા ઉપર નજર રાખશે.

**૭. આ લક્ષણો અટકાવવા માટે કઈ સાવચેતી રાખવી જોઈએ ?**
એને અટકાવવાનો કોઈ અન્ય ઉપાય નથી. તેથી તમે યોગ્ય વ્યાયામ કરીને, ધ્રૂમપાન છોડી દઈને, આરોગ્યપ્રદ ભોજન કરીને, નિયમિત ચેક અપ કરાવીને યોગ્ય ઔષધોના ઉપયોગ દ્વારા તેનું જોખમ ઘટાડી શકો છો. આ અંગે તમારા ડૉક્ટર વધુ યોગ્ય સલાહ આપશે.

**૮. એન્જિયોપ્લાસ્ટીના જોખમો ક્યાં ક્યાં છે ?**
જે જગ્યાએથી પ્લાસ્ટી કરી હોય ત્યાંથી રક્ત સ્ત્રાવ થવો, ક્યારેક તે જગ્યાએ Hematoma (લોહી જામી જઈને થતો સોજો) થઈ જાય તો નાની સર્જરી કરવી પડે. જે વ્યક્તિને પહેલાંથી જ કીડનીનો રોગ હોય તો કીડનીનું કામ ખોરંભે પડી શકે. અતિ ગંભીર જોખમોમાં મૃત્યુ, સ્ટ્રોક, હૃદયની ગતિ અનિયમિત થવી, હાર્ટ એટેક (માયોકાર્ડીયલ ઈન્ફાર્કશન) પણ થઈ શકે. ૦.૩ ટકા કેસમાં પ્લાસ્ટી પછી તુરંત અથવા ઓછા સમયમાં જ એટેક આવી શકે. એવા સમયે ઈમરજન્સીમાં 'બાયપાસ' સર્જરી કરાવવી પડે. હૃદયના સ્નાયુઓને ઈજા થઈ હોય તો મૃત્યુ થઈ શકે, પ્લાસ્ટી પછી ફરી હાર્ટ એટેક આવી શકે અને ફરીથી તુરંતજ રિવાસ્ક્યુલરાઈઝેશન પ્રોસિજર (એન્જિયોપ્લાસ્ટી) કરવી પડે. નીચે દર્શાવેલ પરિસ્થિતિઓમાં એન્જિયોપ્લાસ્ટી કરવામાં જોખમ વધુ હોય છે.

- ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમર હોય.
- ડાયાબિટીશ કે કીડનીનો કોઈ રોગ હોય.
- સ્ત્રીઓમાં
- જે વ્યક્તિના હૃદયનું પમ્પીંગ ઓછું હોય.
- જે વ્યક્તિને વધુ પડતો આગળ વધી ગયેલ હૃદયરોગ અથવા બ્લોકેજ હોય.

આમ, એન્જિયોપ્લાસ્ટી વરદાનરૂપ હોવા છતાં ક્યારેક અનિચ્છનીય પરિણામ લાવી શકે છે. જો કે એ તો દરેક પ્રોસિઝરને પોતાનું એક નિશ્ચિત જોખમ હોય છે જ એ સ્વીકારવું રહ્યું.


ખાસ યાદ રાખો કે એન્જિયોપ્લાસ્ટી એકવાર થઈ જાય પછી પણ આહાર વિહારમાં ખાસ પરેજી પાળવી જ પડે છે. ઈકોસ્પ્રીન અને ક્લોપીડોગ્રીલ જેવી આધુનિક દવાઓ નિષ્ણાંતની સલાહ અનુસાર જીવન પર્યંત લેવી જ પડે છે. અને છતાંય ફરીથી બ્લોકેજ આવી શકે છે અને પુનઃ એન્જિયોપ્લાસ્ટી કે બાયપાસની 'નોબત' આવી શકે છે. તેથી પથ્યનું પાલન કરી, યોગ-ધ્યાન, ઔષધો અને લાઈફસ્ટાઈલ મેનેજમેન્ટનાં પ્લાનિંગ દ્વારા હૃદયને સ્વસ્થ રાખીને એજ એક કાયમી ઉપાય છે આમાંથી બચવાનો.

**અંતે એ જ પ્રાર્થના કે સર્વે સુખિનો ભવન્તુ - સર્વે સન્તુ નિરામયાઃ ।**

*(સૌજન્ય : કચ્છશ્રુતિ)*

# અડીખમ અભિજીત

- અતુલ સોની (અમદાવાદ)



કહેવાય છે કે દૃઢ મનોબળ-વાળાઓને હિમાલય પણ નડતો નથી. લક્ષ્ય પ્રાપ્તિની રાહમાં આવતા પડકારો પણ રોકી શકતા નથી અને પડકારો વચ્ચે પણ તેઓ અડીખમ રહી પ્રગતિ કરે છે. આપણા સમાજની આવી જ એક યુવા પ્રતિભા એટલે 'અભિજીત ભરતભાઈ બુદ્ધભટ્ટી' એમનો પરિચય આપુ તો ભુજના શ્રી મોતીલાલ રણછોડ બુદ્ધભટ્ટી (બુદ્ધભટ્ટી ગેરેજવાળા) તેમના પરદાદા અને શ્રી કાન્તીભાઈ બુદ્ધભટ્ટી તેમના દાદા થાય. આમ પ્રતિષ્ઠિત બુદ્ધભટ્ટી પરિવારના અભિજીતને પડકારો સામે અડીખમ રહેવાનો વારસો મળેલ છે.

શ્રી અભિજીતે તાજેતરમાં LL.B. ના બીજા વર્ષના ચોથા સેમીસ્ટરમાં ૭૫% માર્કસ મેળવી સિદ્ધિ મેળવેલ છે. હાલમાં તેઓ શેઠ ડી. એલ. લો કૉલેજ (ભુજ)માં અભ્યાસ કરી રહ્યા છે. જેમને અભિજીતનો પરિચય ન હોય તેમને આ સિદ્ધિ કદાચ વિશિષ્ટ ન લાગે પણ તેઓએ જીવનમાં જ સંઘર્ષનો સામનો કરેલ તે જાણીએ તો તેમની સફળતાને સલામ કરવાનું મન થાય.

અભિજીતને જન્મથી સેરીબલ પાલ્સી (C.P.)ની તકલીફ છે તેમના શરીરનો જમણા ભાગ અસરગ્રસ્ત થયેલ તેનાથી ડીલેઈડ માઈલસ્ટોનની અસર થતા સામાન્ય વિકાસ માટે પણ ઝઝુમવું પડ્યું. આવી વિપરીત પરિસ્થિતિ વચ્ચે અભિજીતે અંગ્રેજી મીડીયમમાં ભણી ધો. ૧૦ સુધી અભ્યાસ કર્યો. તેમને આર્ટસ ફેકલ્ટીમાં વધારે રસ હતો પરંતુ ભુજની અંગ્રેજી મીડિયમ શાળામાં તે ઉપલબ્ધ નહોતા. તેમણે ગુજરાતી માધ્યમની શાળામાં અભ્યાસ કરી ધોરણ ૧૨ પાસ કરેલ. ઉચ્ચ યાદશક્તિ અને અભ્યાસ પ્રત્યેની ધગશને કારણે તેમણે આ કપરું જણાતું કાર્ય પણ આસાનીથી પાર પાડ્યું. ત્યારબાદ અભિજીતે ભુજની આર.આર. લાલન કોલેજમાંથી B.A. with English કોર્ષ પૂર્ણ કરી આજે LL.B. ના પાંચમાં સેમિસ્ટરમાં અભ્યાસ કરી રહેલ છે.

તેમના પિતાશ્રી ભરતભાઈ બુદ્ધભટ્ટી પણ પોતાના ફેબ્રીકેશન વ્યવસાયમાં ઈનોવેટીવ એપ્રોચ તેમજ ચેલેજીંગ સ્વભાવથી ગમે તેવી મુશ્કેલીમાં પણ આસાનીથી સફળતા મેળવેલ છે. તેમણે મુખ્યત્વે ફેબ્રિકેશન સાથે, સિને ઈક્વીપમેન્ટસ તેમજ વિવિધ રાઈડસ જેવી કે ઝાયરો રાઈડસ, રોલર સ્કેટસ વગેરે બનાવેલ છે અને આ ક્ષેત્રમાં નામના મેળવેલ છે.

અભિજીતના માતુશ્રી શ્રીમતી રોહિણીબેન બુદ્ધભટ્ટી ભુજ જ્ઞાતિ મહિલામંડળનું પ્રમુખ સ્થાન શોભાવી રહ્યા છે. તેમની સેવાકીય પ્રવૃત્તિઓ તથા સૌની સાથે રાખી કાર્ય કરવાની શૈલીથી સમસ્ત સમાજ પરિચિત છે. આમ સંસ્કારી વાતાવરણમાં ઉછરેલ, અભિજીતને અભ્યાસ ઉપરાંત વાંચન, મ્યુઝિક, કોમ્પ્યૂટર એપ્લીકેશન વગેરે ક્ષેત્રોમાં રસ ધરાવે છે. ક્રિકેટ તેમની ફેવરીટ ગેમ છે. મળતાવડા સ્વભાવને લીધે અભિજીત મોટું મિત્રવર્તુળ ધરાવે છે.

અભિજીત હાલમાં કોર્ટમાં ઈન્ટર્નશીપ સાથે ગર્વમેન્ટ જોબ માટેના ઈન્ટરવ્યુમાં પણ સારો દેખાવ કરેલ છે. તેઓ તેમના અભ્યાસ માટે શ્રી કમલેશભાઈ બુદ્ધભટ્ટીને ગુરૂપદે માને છે. જેમનું માર્ગદર્શન સદા મળતું રહે છે. તેઓ જણાવે છે કે તેઓ હંમેશા તેમના ઋણી રહેશે. આ ઉપરાંત તેઓએ પ્રિન્સીપાલ શ્રી ચેતનભાઈ બારમેડાએ ધોરણ ૧૦થી ૧૨માં માર્ગદર્શન કરેલ છે તેને યાદ કરી આભાર વ્યક્ત કરેલ. ભાવી કારકિર્દી વિશે પૂછતા તેઓ LLB બાદ LLM ની માસ્ટર ડીગ્રી મેળવવા ઈચ્છે છે. તેમજ સમાજ માટે કંઈક પણ ઉપયોગી કાર્ય કરવા ઈચ્છે તેમ જણાવેલ.

સમય સંજોગોની વિપરીત પરિસ્થિતિમાં અડીખમ રહી જીત મેળવનાર શ્રી અભિજીતભાઈને જ્ઞાતિસેતુના હાર્દિક અભિનંદન તેમજ ઉજ્જવલ કારકીર્દિ માટે શુભકામના ઉપરાંભ અભિજીતના માતાપિતા તથા ગુરૂજનોએ આપેલ હુંફ બદલ તેઓ પણ એટલા જ અભિનંદનને પાત્ર છે.



**યુવા પ્રતિભા : કુ. લીપ્સા રમણીકલાલ સોની**

**કુ. લીપ્સા રમણીકલાલ સોની (નખત્રાણા)એ તાજેતરમાંVeerayatan Institution of Pharmacy (Mandvi)માંથી B. Pharm નો અભ્યાસ CPI-8.62 સાથે પૂર્ણ કરી ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.**

**કુ. લીપ્સાને જ્ઞાતિસેતુ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન તથા શુભકામના.**

# અભિનંદન



**પોમલ મિતકુમાર કાન્તીલાલ** (કોઠારા)એ તાજેતરમાં B.E. (Mechanical) નો અભ્યાસ 7.37 (CGPA) સાથે પૂર્ણ કરી ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. અભ્યાસ દરમિયાન તેઓએ 'Model Making Competition' માં Rank મેળવી સર્ટીફિકેટ મેળવેલ છે. તે ઉપરાંત Poster Presentation માં પણ સર્ટીફિકેટ મેળવેલ છે.

જ્ઞાતિસેતુ પરિવાર તરફથી શ્રી મિતકુમારને હાર્દિક અભિનંદન તથા ઉજ્જવલ કારકીર્દી માટે શુભકામના.



આપણા સોની સમાજમાં પુત્રીઓ પણ ભણવામાં ખૂબ કુશળ હોય છે. **ચિ. પ્રીયંકા નિતિનભાઈ સોલંકી** ૧૯-૬-૨૦૧૫ના રોજ બાયોમેડીકલ એન્જિનિયરીંગ (B.M.E.) ગાંધીનગર મુકામે 7.2 SPI પર્સન્ટ સાથે ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરેલ છે. બેચલર ડીગ્રી મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.




ભુજના સુપુત્ર **ચિ. હેમલ નિતિનભાઈ સોલંકી(તોડાવાલા)** આવી જ સિદ્ધિના હકદાર બન્યા છે. ૫-૫-૧૩ના રોજ અખિલ કચ્છ સેચ એસોસિએશન ઓફ અંજાર તરફથી ઉમીય માટે ચેસ આયોજનમાં ત્રીજા નંબરે સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તેમજ ભુજ પોલીસ હેડકવાર્ટર દ્વારા આયોજિત ફ્રેન્ડશીપકપનું ૨૧-૪-૧૩ના રોજ ચેર સ્પર્ધાના આયોજનમાં પણ રનર્સ અપ ઘોષિત થયા છે. હા તેઓ તરણનો પણ શોખ ધરાવે છે. હાલ ધો. ૧૨ સાયન્સ ૭૨ પર્સન્ટાઈલ રેન્ક સાથે ઉત્તિર્ણ થઈ ઉચ્ચ અભ્યાસ અર્થે પ્રગતિ કરી રહ્યા છે.

## તેજસ્વી તારલા...



બિજલાણી ધ્રુવ
વિનોદભાઈ ભુજ
Std.-7 90.50%



બિજલાણી તેજસ
વિનોદભાઈ ભુજ
Std.-4 95.10%

## અભિનંદન



**નખત્રાણાના ઉદય કંસારાની રોટરેક્ટ ક્લબ દ્વારા ડીસ્ટ્રીક્ટ ઈવેન્ટ સેક્રેટરી તરીકે નિમણૂંક થવા બદલ જ્ઞાતિસેતુ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.**



## અભિનંદન

**સોની મેરી વસંતભાઈ પોમલ : 99%**

**માધાપર પટેલ ઈંગ્લીશ સ્કૂલમાં S. Kg.માં**
**સ્કૂલમાં પ્રથમ આવ્યા બદલ અભિનંદન**

**શુભેચ્છક**

**નિરૂપાબેન દિનેશકુમાર લીલાધર સોની**

હિનાબેન વસંતકુમાર દિનેશ સોની (મમ્મી-પપ્પા)
કવિતા પિયુષભાઈ સોની (કાકી-કાકી)
ગીતાબેન રાકેશકુમાર બારમેડા (ફઈ-ફુવા)
વિજયાબેન મહેન્દ્રભાઈ બારમેડા નખત્રાણા (નાની-નાના)
અવનીબેન હિતેશભાઈ બારમેડા (મામી-મામા)
ભક્તિબેન હિરેનભાઈ બારમેડા (મામી-મામા)

# અભિનંદન


સોની મેરી વસંતભાઈ
પોમલ
Sr. KG. 99%


સોની મૈત્રી મહેશભાઈ
અંજાર
Std.-2 Gr.-A


પોમલ દીયા બી.
અંજાર
Std.-2 Gr.-A



બુદ્ધભટ્ટી પ્રાચી પી.
ભુજ
Std.-3 Gr.-A



બુદ્ધભટ્ટી એન્જલ પી.
Sr. Kg. Gr.-A


કટ્ટા ભૂમિ દેવનભાઈ
Std.-2 Gr.-A


સોની યશ્વી ડી.
નખત્રાણા
Std.-4 98%



બુદ્ધભટ્ટી રાજવીર એસ.
માંડવી
Std.-4 81.2%


સોની કિશન આર.
નખત્રાણા
Std.-7 91.55%


કંસારા નિરવ એચ.
નખત્રાણા
Std.-7 94.12%


સોની પાર્થ બી.
નખત્રાણા
Std.-8 90%


સોલંકી મીરાજ આર.
નખત્રાણા
Std.-8 83.17%


કટ્ટા રોહન એ.
ભુજ
Std.-10 99.22%


પોમલ જીનલ એન.
Std.-10 93%



પોમલ જેલમ એન.
Std.-10 94.6%


બુદ્ધભટ્ટી હિનલ એ.
ભુજ
Std.-10 84%


બુદ્ધભટ્ટી વત્સલ એ.
ભુજ
Std.-7 86.86%



પોમલ કાવ્ય પી.
ભુજ
Std.-2 96.5%


કટ્ટા ભવ્ય એસ.
વિથોણ
Std.-4 96.25%


કટ્ટા રાજ એસ.
વિથોણ
Std.-8 85.15%


બારમેડા વિશાલ આર.
રવાપર Std.-12 92.34%


બારમેડા ધારા આર.
રવાપર
T.Y.B.Com 72%


રીમા મદનભાઈ
સાકરીયા
12 Com. 93.3%


બીજલાણી દિપાલી એચ.
નખત્રાણા
M.Com, B.ed. 88.29%


સોની અંકિત
Std.-10 96.52%

# માધવ ક્યાંય નથી મધુવનમાં

- શાંતાબેન બારમેડા (અંજાર)

માધવ ક્યાંય નથી મધુવનમાં. તો માધવ ક્યાં મળે તેને ક્યાં શોધવો ? મંદિરમાં શ્યામની મૂર્તિના દર્શન કરી મનુષ્ય પોતાનું હૈયું હળવું કરે છે. જીવનની સમસ્યા પણ તે મૂર્તિ પાસે કરે છે અને કંઈક લેતીદેતીના સોદા પણ મનહી મન કરી અને સંતોષ માને છે. આ તો છે સાંસારિક મનુષ્યની વાત. પણ જેને જીવન પ્રભુના નામે સમર્પિત કર્યું છે તેને પણ પ્રભુ દર્શન નથી આપતા. કવિ કાગે એક ભજનમાં ગાયું છે કે, 'કાના તું તો કાળજાનો કઠણ છે' તો સંસારી હોય કે સંન્યાસી તેને પણ આવા કળીકાળમાં અને આ સ્વાર્થી દુનિયામાં શોધવો મુશ્કેલ છે. પ્રત્યક્ષ તો ના મળે ભલે નિસ્વાર્થ ભાવ હોય. તો તેને શોધવો ક્યાં ? માધવ ક્યાંય નથી મધુવનમાં. પણ હા, શોધો તો કણ કણમાં અને જનજનમાં સમાયેલો છે. કબીરે કહ્યું છે કે, 'પોથી પડ પડ જગ મુવા પંડીત ભયા ન કોઈ, ઢાઈ અક્ષર પ્રેમ કા પઢે તો પંડિત હોય.' તો પહેલા તમે જગતને પ્રેમથી જુઓ. પ્રેમ આપો અને પ્રેમ મેળવો. ક્યાંક તો તમને શ્યામની ઝાંખી થશે. આપણે દૃષ્ટિ બદલવાની જરૂરત છે. ક્યારેક આપણને અચાનક કોઈ પ્રેમી મનુષ્યનો ભેટો થઈ જાય અને તેમાં આપણને પ્રેભાવ આવે અને સામે પણ એટલા જ પ્રેમનો આવકાર મળે તો સમજો પ્રભુ મળ્યા. મન આનંદિત થઈ જશે.

વળી બીજી એક વાત. એક વખત એક વૃદ્ધ મહિલા બસમાં ચડ્યા. બસમાં જગ્યા ન હોવાથી તેને ઉભું રહેવું પડ્યું. બીજી એક મહિલા બાજુમાં ઉભી હતી તેને પૂછ્યું, બા ક્યાં જવું છે. પેલી વૃદ્ધ મહિલાએ પોતાના જ્યાં જવું છે તે બતાવ્યું. બાજુવાળી મહિલાએ થોડું વિચારી અને બાજુની સીટ પર એક જુવાન વ્યક્તિ બેઠા હતા તેને કહ્યું કે ભાઈ જરા બાજુમાં ખસી જાઓ તો આ માજી ત્યાં બેસી જાય અને પોતાને બેસવાને બદલે પેલી વૃદ્ધ મહિલાને બેસાડી તો આ માનવતામાં શું પ્રભુ દર્શન ના થાય ? પેલી વૃદ્ધા મહિલા માટે તો આ એક ભગવાનના રૂપમાં જ આવ્યા અને આવા ઈન્સાન સામે મસ્તક ઝૂકી જાય છે. તમે એમાં પણ દર્શન કરી શકો છો. વળી કોઈ ભક્ત ભજનની ધુનમાં કે ભક્તિના રસમાં મસ્તાન હોય મુખ પર આનંદિત ભાવ દેખાય તો સમજો પ્રભુ મળ્યા. વળી કોઈ મનુષ્ય નિઃસ્વાર્થ ભાવથી દુઃખીની અથવા બીમારની કે કોઈ વૃદ્ધની સેવા કરતો હોય તો જરૂર દર્શન કરવા. વળી તમે કોઈ પણ નાનકડા રમતા બાળકને જોશો શ્યામના દર્શન થશે. કારણ કે બાળકમાં ન સ્વાર્થ કે ન મોહ કે ન માયા હોય છે. એના ચહેરા ઉપર નિખાલસતા નીખરતી હોય છે. તો આવા નિષ્ઠુર જગતમાં તમને આનંદમાં રાખે તો સમજવું કે માધવ બધે જ છે. શોધવો આપણે પડશે અને તે પણ ઈન્સાનિયતમાં કે મહોબ્બતમાં અને વિચારોમાં પણ તેનો અનુભવ જરૂર કરી શકશો.

### ભજન

મેરે શ્યામ તેરા મીલના ગજબ હો ગયા
શ્યામ તેરા મીલના ઘનશ્યામ તેરા મીલના... મેરે શ્યામ.
રાધા ભી દેખો પ્રેમ કી દિવાની
મીરાં ભી દેખો પ્રેમ કી દિવાની
તેરા મહોબત મેં મીલના ગજબ હો ગયા... મેરે શ્યામ.
ઢુંઢું મેં ગલી ગલી ઢુંઢું મેં કલી કલી
બહારો મેં મીલના ગજબ હો ગયા,
તેરા ફુલો મેં મીલના ગજબ હો ગયા.
તેરા ખુશ્બુ મેં મીલના ગજબ હો ગયા... મેરે શ્યામ.
મંદિર મેં દેખું તુજે મૂર્તિ મેં દેખું,
સંતો મેં દેખું સતસંગી મેં દેખું,
મસતાનો મેં મીલના ગજબ હો ગયા,
ઝંકારો મેં મીલના ગજબ હો ગયા... મેરે શ્યામ.
અજબ તેરી દુનિયા ગજબ કા હૈ ચોબા
કંઈ પે તું પંડિત કંઈ પે તું મૌલા,
ઈન્સાનો મેં મીલના ગજબ હો ગયા... મેરે શ્યામ.
મન કી બાતે બતાઉં, મેં પલ ભર
તું જો મીલે તો સુનાવું જીવન ભર
ખ્વાબો મેં મીલના ગજબ હો ગયા... મેરે શ્યામ.

### પ્રતિભાવ

જ્ઞાતિસેતુનું દશાબ્દી વર્ષ પૂરું થઈ ગયું અને જોતજોતામાં અગીયારમાં વર્ષમાં પ્રવેશ કર્યુ. અગીયારમા વર્ષમાં મંગલ પ્રવેશની જ્ઞાતિસેતુની પૂરી ટીમને અંજાર મહિલામંડળ તરફથી ખૂબ જ અભિનંદન સાથે ઉત્તરોત્તર પ્રગતિ કરતુ રહે તેવી શુભેચ્છા.

લી. અંજના એન. પોમલ

KANSARA
Dream Dare Do

Rollers for Bearings
World - Class Worldwide

Kansara Modler Limited
An Indo - German Joint Venture

A-41(B), M.I.A, Phase II, Basni, Jodhpur -342005
Tel : +91 291 2741656, 5120656 • Fax :+91 291 2740657
Website : www.kansara.com Email : info@kansara.com

RNI No. Gujguj/2005/16692 Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad - 380 021. Published at : Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00